# કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ

વર્ષ ત્રેપનમું · અંક આઠમો · માહ ઑગસ્ટ · ઓગણીસ સો છોંતેર · સળંગ અંક ૬૩૨

તંત્રી · બચુભાઈ રાવત




અષ્ટભુજ દુર્ગા · ઉત્તર બિહારની મૈથિલી નારીની સહજ સરળ
લોકચિત્રણા 'મધુબની'નું એક ચિત્ર (જુઓ આ અંકની 'કલાવાર્તા')



રાગિણી બંગાલી (રાજસ્થાનની ૧૮મી સદીની જયપુર કલમની એક કૃતિ). બંગાલી રાગિણી એ ભૈરવ રાગની એક રાગિણી છે. પરંપરાભેદે એનાં વિભિન્ન સ્વરૂપોની કલ્પના છે. અહીં કદાચ એ રાગિણીના પ્રભાવને ચિત્રાંકિત કરવાનો ઉદ્દેશ છે. દૂર દેખાતી વૃક્ષવાટિકા ને તેમાં ખેલકૂદ કરતા વાનરો, ઘેરાએલા આવાસની અંદરનો ખુલ્લો ચોક ને તેની આગળ ખીલેલાં કમલવાળી તળાવડી વગેરેનાં રંગ અને આલેખનની સાદગીને પડછે ચિત્રવિષયનાં મુખ્ય પાત્રોને ચિત્રકારે અલંકાર, વસ્ત્રો ઈત્યાદિની વિગતભરી રજૂઆત તથા ખાસ તો ગાલીચાના લાલ અને વાઘના પીળા રંગના ઉપયોગથી સુંદર ઉઠાવ આપ્યો છે. પ્રિયમિલન માટે ઉત્સુક નાયિકાના મનોભાવ તથા શાંત બની પગ પર પગ ચડાવી બેઠેલા વાઘની અંગસ્થિતિ દ્વારા ચિત્રકારે રાગિણીનો પ્રભાવ પ્રકટ કર્યો છે. કેવળ પર્યાપ્ત રેખાઓવાળી આ સાદગીભરી છતાં પ્રભાવક ચિત્રરચના તેના આલેખકની સિદ્ધહસ્તતાની દ્યોતક બની રહે છે.

(ફોટો: ગુજરાત રાજ્યના માહિતીખાતાના સૌજન્યથી)







# કુમાર

ઑગસ્ટ ૧૯૭૯ · અંક ૬૩૨

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક



**ચિત્રો**

અષ્ટભુજ દુર્ગા (મધુબની કળા) — પૂંઠું
રાગિણી બંગાળી (જયપુર કલમની કૃતિ) — પૂર્ણરંગી મુખચિત્ર

**કાવ્યો**

વાદળછાયા (રાજેન્દ્ર શાહ), જેગવી દીધાં તન (ભીજમશી પરમાર) ૨૮૪
કવિની હથેળી (ભાનુપ્રસાદ પંડ્યા), સાસર ઘરે (દેવેન્દ્ર દવે) ૨૮૪
એમ કેમ? (કરસનદાસ લુહાર) ૨૮૪

**ચરિત્ર**

શ્રી મોટા — ધીરુભાઈ પરીખ ૨૮૬

**વાર્તા**

રોજરોજ — રમેશ શાહ ૨૯૧
ગણેશમૂર્તિની ચોરી-૪ — સુકન્યા ઝવેરી ૨૯૮
પધરામણી (લઘુકથા) — હરબન્સ પટેલ ૨૯૯

**લેખો**

જોખમના લાભ (નવયુગ ધર્મ-૮) — ફાધર વાલેસ ૨૮૫
ભારતીય મંદિરોનાં વિવિધ અંગ — હરિપ્રસાદ સોમપુરા ૨૯૨
કૃત્રિમ ઉપગ્રહ-૨ — ડૉ. પરંતપ પાઠક ૨૯૪
જલોદર (રોગોપચાર-૬૭) — વૈદ્ય નવીનભાઈ ઓઝા ૨૯૫
શેખાદમ આબુવાલા (વિનોદની નજરે-૫) — વિનોદ ભટ્ટ ૨૯૬
પ્રાચીન સિક્કા-૨૦ — ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી ૩૦૪
શતરંજના કોયડાઓ — સુરેશ મોદી ૩૧૦

**વિભાગો**

સાહિત્યસંપર્ક (શબ્દકથા, મારી માન્યતા અવલોકનો) ૩૦૧
કલાવાર્તા (મધુબની કળા, કાગળ-કટાઈ) ૩૦૫
પચ્ચીસ વર્ષ પહેલાં ૩૦૭
ટિકિટસંગ્રહ ૩૦૮
જરૂલ (વૃક્ષ-વેલ પરિચય-૪૮) ૩૦૯
માધુકરી (વાસુદેવભાઈ વૈદ્ય, શવાસન, કારેલાં, વેગામ) ૩૦૯
માસમાસના આકાશમાં ૩૧૩
પરદેશનાં પત્રમિત્રો ૩૧૩
આ માસ ઇતિહાસમાં ૩૧૪
ગમ્મતના ગોળા ૩૧૪
છેલ્લું પાનું ૩૧૫



'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

## વાદળછાયા / રાજેન્દ્ર શાહ

• ગાન •

આજ વાદળછાયા ધરણી ઉપર ઢળતી ઉદાસીન,
ક્યાંય ન કિરણ, ડોલતું નહિ તૃણ સમીરણહીન;
કોઈ તરુનો ટહુકો નહિ
કાનન-મેદુર કેકા,
તળાવને તીર તરતે
ડૂબ્યા નીરમાં લીલા લ્હેકા;
કોઈનો યે સંચાર ન, વાણી નીડને નીરવ લીન,
આજ વાદળછાયા ધરણી ઉપર ઢળતી ઉદાસીન.
તરણે પર્ણે રમતું તરલ શૂદું,
પાંખ ભીડયું, અવ નિખિલથી નવ જુદું.
જોઉં જોગીની ભભૂત ભરેલ
ગરવી સોનલ કાયા,
નિજને વિજન એકલ
હરખશોકની મેલી માયા;
નિઃસીમ ગગનનેણમાં લેતું જલતું અચલ મીન.
આજ વાદળછાયા ધરણી ઉપર ઢળતી ઉદાસીન.

## જોગવી દીધાં તન / ઊજમશી પરમાર

• ગાન •

કોડિયાં એલી નહિ રે, મીં તો જોગવી દીધાં તન.

સાંજ પડે ને વાયરે કુનાં પગલાં ભીનાં વાય,
દોડવું મારે નહિ ને અલી, દોડું દોડું થાય;
ભીંતમાં ગરું તો ય તે યાંથી આવશે રે સાજન,
કોડિયાં એલી નહિ રે, મીં તો જોગવી દીધાં તન.

ટોડલા મૂઆ ટહુકે, મારે શરમાવાનું રૂડું,
નેવાં ઊઠી ઢોકિયું કરે રોજનું આ તો શું;
હીંચવા માંડે ઘર ભરીને ગાણાનું ગવન,
કોડિયાં એલી નહિ રે, મીં તો જોગવી દીધાં તન.

કોક જો આવે, હાથનું ભરત મેલી ઊભી થઉં,
ફળિયું મારી મોર્ય લળીને જોવે પછી, હઉં;
'ઈ' હશે તો દોટ મેલીને પરખી લ્યે પવન,
કોડિયાં એલી નહિ રે, મીં તો જોગવી દીધાં તન.

## કવિની હથેળી / ભાનુપ્રસાદ પંડ્યા

• મન્દાક્રાન્તા સૉનેટ •

આલેખાઈ સ્વજનતણી ઝાઝી ઉપેક્ષા, અવજ્ઞા
અંકાઈ છે શબ્દજગના સાથીઓની, ઉપાડે
બીડું વિશ્વે સમજ વધુ સંવર્ધવા, કિન્તુ સામે
ઝીંકાવાની હર કદમ પે ગેરખ્યાલોની ઝંઝા!

એકે રેખા અનુકૂળ 'પહાડો' પ્રતિ ના જતી, ને
હંફાવી દે જીવનભર એવાં ચઢાણો લખ્યાં, શ્રી
રૂઠેલી રૂહે, પ્રણયતણી છાયા મળે ત્યાં વિલાયે,
જીવ્યે જાવું સહુની વચમાં એકલાં—કહે હથેળી!

તો યે ભાલે પ્રતિદિન નવું ભોર ભાળ્યાનું સુખ
આ વંચાતું! ઋતુઋતુતણી કૈં મુલાકાત મીઠી,
ટહોકાઓનાં કજન, ફૂલના આવકારો, નિશાની
છાની વાતો, સમ હૃદયની મૂક શાબાશી લાભે!

એમાં કાળે સતત ભૂંસવા નામ તારું મથ્યાની
મિથ્યા ચેષ્ટા પણ લકીર થૈ કેવી ગૈ કોતરાઈ!

## સાસર ઘરે / દેવેન્દ્ર દવે

• શિખરિણી સૉનેટ •

'ફરીથી મારું જો પિયરપણું પાછું મળી શકે—
ગુમાવેલું પેલું નટખટ મળી જાય જીવન!
ઢબૂરી દેતો એ શિશુસમયનો પાલવ મળે.
મળે વ્હેતા હાસ્યે જનક; અમથી કિટ્ટ કરતો
વહાલો ભૈલો, ને શરમ મૂકીને સૈયર સહ
ફરી તોફાનોની ખળખળ નદી જાય ઊછળી!
મળે જો એ પાછું મુજ મળસકું કાલનું—ફરી
અજંપે સોનાનો સૂરજ નીકળે સૌરભભરી...'

'અરે, ગાંડી! શાને વીતક દિવસો આજ ફરીથી
ઉખેળે?! શી ખોટે જીવતર જતું? નિત્ય નવીન
ઉમંગોના રેલા સમ વચન, સંબોધન મળે!
અનોખી બંધાણી પ્રીત અવ તને (હેત સઘળું
સમાએલું લાગે જનક—જનની—ભાઈ—સખીનું)
તને સૌ પોતીકું સમજી ચહતું—સાસર ઘરે!'

## એમ કેમ? / કરસનદાસ લુહાર

• ગઝલ •

જળમાં જ વાસ છે અને સુકાઉં, એમ કેમ?
રણની વચાળે છું છતાં લીલકાઉં, એમ કેમ?
નિષ્પર્ણ ડાળની સમું અસ્તિત્વ ચૂપ અને
હું લૂમઝૂમ લીલવો ટહુકાઉં, એમ કેમ?

પગમાં સૂકી નદી, ઘૂઘવતું પૂર આંખમાં,
હું રેત રેત રેત લહેરાઉં, એમ કેમ?
આંગણના બાગની હજી એ ઓળખાણ ક્યાં?
ને આ બજારુ ફૂલમાં પંકાઉં, એમ કેમ?

# જોખમના લાભ

ફાધર વાલેસ

હમણાં છોકરાઓ નિશાળે જવા માટે તૈયાર થઈ ગયા. સવારની રોજિંદી ધમાલ. એકને ઉઠાડ્યો ત્યારે બીજો પાછો સૂઈ ગયો. પહેલો કોણ નાહવા બેસે એનો ઝગડો. એકનાં મોજાં બીજાએ ભૂલથી પહેર્યાં એનો ન્યાય. ફેંસલો, સમાધાન. ક્યાં પુસ્તકો લઈ જવાનાં છે એનો નિર્ણય. ને કયો નાસ્તો ભરી જવાનો છે એની પસંદગી. છેલ્લે બંને છોકરાઓ નીકળ્યા. હાથમાં હાથ રાખીને ચાલ્યા. પોળને નાકે પહોંચતાં એમણે પાછા વળીને જોયું અને હાથ ઊંચો કર્યો. પછી ગિરદીમાં ગુમ થયા.

બે નાના છોકરાઓને શહેરના વમળમાં પડતા જોઈને વિચાર આવ્યો. બે કુમળા જીવ કેવી આકરી દુનિયામાં પ્રવેશ કરે છે! શું એમાં એ તરી શકશે? અને યુવાન માણસને ભણીને, પરણીને સમાજમાં અને સંસારમાં ઝંપલાવતો જોઈને પણ વિચાર થાય છે: કેવી કઠોર દુનિયામાં એ જાય છે! શું એ ટકી શકશે?

જોખમની દુનિયા છે. અને એ યુવાન માણસ તે જાણે છે. પરંતુ તે એ પણ જાણે છે કે જોખમમાં શૌર્ય છે અને તપમાં પુણ્ય છે. એ પણ તે જાણે છે કે સાહસ કરવાથી કીર્તિ મળે અને જીવન હોડમાં મૂકવાથી નવું જીવન મળે. એટલે એ ઝંપલાવે છે.

જોખમની નોકરી હોય એમાં વધારે પગાર આપે. એ સ્વાભાવિક છે અને યોગ્ય છે. ઘેર બેઠાં પૂરી સલામતીની સાથે આરામથી કામ થાય એની કિંમત નથી, પણ દૂર જઈને ને એકલા રહીને ને પ્રતિકૂળ સંજોગોનો સામનો કરીને કામ કરવાનું હોય એની કદર થાય, ને એનો બદલો મળે. માટે જોખમની દુનિયામાં જીવવાથી સારો બદલો પણ મળવાનો, અને પહેલો બદલો તો એ કે જોખમમાં જીવવાથી માણસ ઘડાય, વિકાસ પામે, દૃઢ બને. ચીલાચાલુ જીવન જીવનારાનું વ્યક્તિત્વ પણ ચીલાચાલુ જ હોય. એક રસ્તો અને એક કામ; માટે એક દૃષ્ટિ અને એક આવડત. એક જીવન. એક અવતાર. એક અનુભવ અને એક ભણતર. પણ જે નવી દુનિયામાં જીવે એને વિવિધ અનુભવ મળે. અનેક રસ્તા અને અનેક કામ. ભરેલું જીવન ને સમૃદ્ધ વ્યક્તિત્વ. ઘણું કરવાનું હોય એટલે ઘણી શક્તિ આવે અને ધાર્યું ન હોય એ પણ હવે કરી શકાય. માણસ ધારે એના કરતાં એનામાં વધારે શક્તિ છે, અને કટોકટીની દુનિયામાં જીવે ત્યારે એ પૂરી ખીલે.

માણસ સલામતીને ઝંખે છે. પણ સલામતી માણસને નકામો બનાવી દે. કાટ ચડે, આળસ લાગે, શક્તિ ઘટે. સલામત છીએ એટલે ચિંતા નહિ, વિચાર નહિ, ઉદ્યમ નહિ. રોજનું કામ રોજ કરવાનું, એટલું જ. જીવન હતું તેવું જ રહેશે. વારસો મળ્યો હતો તેવો જ આપીશું. કંઈ નવું નથી, કંઈ ઊંચું નથી. હતું તેનું તે જ. પડકાર નથી એટલે પ્રગતિ નથી. ગરજ નથી એટલે મહેનત નથી. સરહદ સલામત હોય ત્યારે સૈન્ય બેફિકર થાય. આક્રમણ થવાનું નથી. પછી સાવધાનીની શી જરૂર? તૈયારીની, તાલીમની શી જરૂર? સૈનિકો આળસુ બને, સેનાપતિઓ બેધ્યાન બને. જે દેશ પૂરેપૂરો સલામત હોય એનું સૈન્ય તેજસ્વી ન હોય.

માનસિક વિકાસ માપવાની માનસશાસ્ત્રીઓની એક રીત એ છે કે માણસ કરતો હતો એના કરતાં એ કંઈક જુદું ને નવું કરી શકે કે કેમ? જે પોતાને પણ પહેલાં અશક્ય લાગ્યાં હોય, અસંભવિત લાગ્યાં હોય એવાં કામ એ હવે કરી શકે કે કેમ? હું એવા વાતાવરણમાં જીવી ન શકું, એવા સંજોગોમાં કામ કરી ન શકું, એવા લોકોની વચ્ચે રહી ન શકું—એમ કોઈને સાચે લાગતું હતું અને તેથી એવા લોકોની વચ્ચે ને એવા સંજોગોમાં ને એવા વાતાવરણમાં જીવવાની તે ના પાડતો હતો. અશક્ય છે પછી પ્રયત્નો કરવાનો શો અર્થ? એટલે એ રસ્તો બંધ, અને એ કાર્ય નિષિદ્ધ. પરંતુ ગરજ અથવા ભાગ્ય અથવા સંજોગોના બળથી કે અંતરની પ્રેરણાથી એ અશક્ય માનેલું કામ કરવાનો વારો આવ્યો. અને અશક્ય કામ શક્ય બન્યું. એ લોકોની સાથે ને એ વાતાવરણની વચ્ચે ને એ સંજોગો લઈને જીવવાનું થયું—અને જીવી શકાયું. આશ્ચર્ય પણ થયું કે મનનો આટલો વિરોધ હતો તે કેમ હતો? આ રસ્તો બંધ માન્યો હતો તે કેમ માન્યો હતો? આ કામ અશક્ય છે એમ કહ્યું હતું તે કેમ કહ્યું હતું? હવે કરવું પડયું એ સારું થયું, કારણ કે એ કરવાની ફરજ પડવાથી અનુભવ થયો છે કે એ કરી જ શકીએ છીએ.

એ નવા અનુભવથી વિકાસ, પ્રગતિ, મુક્તિ જ થયાં. માનસિક બંધન હતું કે આ કામ નહિ થાય એમાંથી મુક્તિ મળી. આપણી શક્તિ બહારનું એ કામ છે એમ માની બેઠા હતા એ ખોટી માન્યતામાંથી મુક્તિ મળી. જીવન સંકુચિત હતું એ વિશાળ થયું. નવા લોકોની સાથે ફાવ્યું, નવા વાતાવરણમાં ગમ્યું, પ્રતિકૂળ સંજોગો સાનુકૂળ લાગ્યા, અઘરાં કામો સહેલાં થયાં. વસ્તુતઃ તો એ કામ અને એ લોકો અને એ વાતાવરણ અને એ સંજોગો તો પહેલાં હતાં તેવાં જ રહ્યાં, પણ આપણું મન બદલાયું, આપણી દૃષ્ટિ ખૂલી, આપણું જીવન વિકસ્યું એ સાચો વિકાસ કહેવાય. એ ખરી પ્રગતિ ગણાય. નવાનવા માળખામાં જીવવાનું થયું એટલે વ્યક્તિત્વનાં નવાંનવાં પાસાં ખીલ્યાં. ગામડામાં જીવતાં આવડયું અને શહેરમાં જીવતાં આવડયું. મૌન રાખતાં આવડયું અને ભાષણ કરતાં આવડયું. ઘેર રહેવું ગમ્યું અને બહાર ફરવાનું ફાવ્યું. નવું કરવાની તૈયારી હતી એટલે નવું થયું, અને નવું કરતાંકરતાં અંતરની શક્તિ સ્ફુરતી ગઈ, જીવનનાં પાસાં ઘડાતાં ગયાં.

તેથી યુવાન લોકોને આવી દુનિયામાં ઝંપલાવતા જોઈને થોડા ફફડાટ ને ચિંતા સાથે આનંદ પણ થાય છે અને અભિનંદન અપાઈ જાય છે, કારણ કે જોખમની દુનિયામાં જીવતાં તેઓ આગળ આવશે, મુશ્કેલીઓનો સામનો કરતાંકરતાં મહાન થશે, જાતજાતના સંજોગોમાં રહેતાં સમૃદ્ધ બનશે. સલામતીના દિવસો ગયા. ભલે ગયા. આરામની નોકરી ગઈ. સારું થયું એ ગઈ. હવે ફરવું પડશે, બહાર જવું પડશે, નવું કરવું પડશે, ઠેસ ખાવી પડશે અને ઊભા થવું પડશે, અને એમ કરીકરીને મનની બારીઓ પણ ખૂલશે અને અંતરનું અવકાશ ફૂટશે અને નવું વ્યક્તિત્વ પાંગરશે.

જોખમની સ્થિતિમાં સાચા જીવનવીર પાકે.

## આજ

એક નવા દિવસનો આ આરંભ છે. મારી ઇચ્છા મુજબ એનો ઉપયોગ કરવાની ઈશ્વરે મને છૂટ આપી છે. હું એનો સદુપયોગ કરું કે એને વેડફી નાખું. પણ આજે હું જે કંઈ કરું એનું મહત્ત્વ છે; કારણ, મારી આવરદાના એક દિવસના બદલામાં હું એ વાપરી રહ્યો છું. આવતી કાલ આવશે ત્યારે આજનો દિવસ તો સદાને માટે વિલાઈ ગયો હશે અને એને સ્થાને મેં એનો જે ઉપયોગ કર્યો હશે તે જ માત્ર રહી જશે. મારે એમાંથી કંઈક પામવું છે, ખોવું નથી; કંઈક ઉત્તમ મેળવવું છે, ભૂંડું નહિ; જીતવું છે, હારવું નથી, કે જેથી એના સારુ મેં જે મૂલ્ય ચૂકવ્યું છે એ વેડફાયાનો મને પસ્તાવો ન થાય.

—ડૉ. હાર્ટસિલ વિલ્સન

‘ગુજરાતને બેઠું કરવા’ નવી પેઢીને અદ્યતન જ્ઞાન આપી એના શારીરિક, બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ માટે અનેકવિધ કલ્યાણકાર્યોમાં એક કરોડથી યે વધુ રૂપિયાનું વિતરણ કરનાર અકિંચન દાતા; આવી પડેલી કૌટુંબિક, સામાજિક ને નૈતિક ફરજોથી વિમુખ થયા વિના, સમાજ ને દેશની સેવા દ્વારા માનવકલ્યાણ સાધવા સાથે આકરી આંતરિક તપશ્ચર્યામાં સતત રત રહીને નિજી આધ્યાત્મિક સિદ્ધિઓ મેળવનાર સિદ્ધપુરુષ



# શ્રી મોટા

## ચૂનીલાલ આશારામ ભગત

**લેખક · ધીરુભાઇ પરીખ**

વડોદરા જિલ્લાના સાવલી ગામે એક ઘરના આંગણામાં એક વાર એક બાળક રમતો હતો. એના ડાબે હાથે કાંડા પર મોટું કાળું લાખું અને હસ્તરેખામાં ત્રિશૂળ જોઈ ત્યાંથી પસાર થતા એક બ્રાહ્મણે એ બાળકની મા પાસે ભવિષ્ય ભાખ્યું: ‘જો બાઈ, તારા લાલના ડાબા હાથ ઉપર કાળું મોટું લાખું અને રેખાઓમાં ત્રિશૂળ છે, તે ઉપરથી દેખાય છે કે તારો લાલ કાં કોઈ મોટો માણસ થશે, કાં એ કોઈ મોટો સંત થશે.’ માતા તો રાજીરાજી થઈ ગઈ અને બ્રાહ્મણને પણ પાકું સીધું તથા દક્ષિણામાં ચાંદીની ચારઆની આપી રાજી કર્યો.

આ બાળક એ જ ગઈ ૨૩મી જુલાઈને શુક્રવારે પરોઢે દોઢ વાગ્યે વડોદરા નજીક મહી નદીને કાંઠે ફાજલપુર ગામ પાસે શ્રી રમણભાઈ અમીનના વિશ્રાંતિગૃહમાં સ્વેચ્છાએ દેહ છોડનાર પૂજ્ય શ્રી મોટા. એમનું નામ તો ચૂનીલાલ ભાવસાર, પણ પૂજ્ય વડીલના પર્યાય તરીકે સૌએ એમને ‘મોટા’ કહ્યા. એમનો જન્મ પ્રસ્તુત સાવલી ગામમાં સંવત ૧૯૫૪ના ભાદરવા વદ ચોથ ને શનિવારે, ઈ. ૧૮૯૮ની ૪થી સપ્ટેમ્બરે પ્રાતઃકાળે થયો હતો. પૌત્રજન્મની ખુશાલીમાં દાદા ભાઈચંદ ભગતે સગાંસંબંધીઓમાં અને ફળિયામાં સૌને ગોળધાણા વહેંચેલા.

ત્યારે ભાઈચંદ ભગતની જાહોજલાલી હતી. રંગાટી કાપડની એમની પેઢી ધમધોકાર ચાલતી. બાળક ચૂનીલાલને પાણી માગે તો દૂધ મળે એવી પરિસ્થિતિ. પણ સમયે કરવટ બદલી. ભાઈચંદ ભગતના અવસાન બાદ એમની રંગાટી પેઢીનો વહીવટ કથળ્યો, ખર્ચો વધી પડયા, અને લહેણદારોએ તકાદા કરવા માંડયા. આખરે પોતાના પિતાની ચાલુ પેઢી અને મકાન લહેણદારોને સોંપી બાળક ચૂનીલાલના પિતા આશારામ અને માતા સૂરજબા સાવલી છોડી પંચમહાલ જિલ્લાના કાલોલ ગામની મોચીવાડમાં જઈ એક ઓરડાના નાનકડા મકાનમાં રહેવા લાગ્યાં.

સુખનો સૂરજ હવે આથમ્યો અને દુઃખનો અંધાર ઘેરાવા લાગ્યો. આમ છતાં ય શ્રી મોટાનાં માતા-પિતાએ હિમ્મત અને પરિશ્રમથી સંસારનું ગાડું ગબડાવવા માંડયું. પિતા આશારામ ભગતે કપડાં રંગવાનો વ્યવસાય શરૂ કરી દીધો, અને માતા સૂરજબાએ દળણાં-ખાંડણાં શરૂ કરી દીધાં. આ વખતે ચૂનીલાલની ઉમ્મર આઠ વર્ષની. મા-બાપને રાતદિન માથે લઈ કામ કરતાં જોઈ ચૂનીલાલને પણ કુટુંબમાં સહાયક થવાની વૃત્તિ જન્મી. ઈંટવાડામાં જઈ ઈંટો ઉપાડવાનું, કડિયા સાથે મજૂરી કરવાનું અને ખેતરોમાં કાલાં વીણવાનું કામ એમણે દિલ દઈને કરવા માંડયું. આ નાના છોકરડાને દિલચોરી વિના મોટા માણસ જેટલું જ કામ ખેંચતો જોઈ સૌ રાજી થતા, પણ એને છોકરો ધારી કોઈ પૂરી મજૂરી ના આપે. આની સામે સ્વતંત્ર મિજાજનો એ છોકરો વિરોધ તો નોંધાવે પરંતુ એનું સાંભળે કોણ? આમ છતાં ય એ કદી પોતાના કામમાં કમીના આવવા દેતો નહોતો. એકનિષ્ઠાથી જ કામ કરવાની આરત. આમ, નાનપણથી જ પરિશ્રમનો-મહિમા અને પ્રામાણિકતાનું ગૌરવ એમના જીવનમાં વણાઈ ગયાં.

આ જ અરસામાં એમણે ભણતર શરૂ કર્યું. કાલોલની પ્રાથમિક શાળામાં એમણે ચાર ધોરણ પૂરાં કર્યાં. સમજશક્તિ અને સ્મૃતિ બન્ને સતેજ હતાં. વળી, વર્ગમાં જે અન્ય વિદ્યાર્થીઓને આવડતું ન હોય તેને એ શીખવતા. આમ, વર્ગશિક્ષક અને વિદ્યાર્થીઓની નાના ચૂનીલાલે પ્રીતિ સંપાદન કરી લીધી. ચાર ધોરણ તો આ રીતે પૂરાં થયાં. હવે? ગામમાં આગળ ભણવાની સગવડ નહોતી, અને ગરીબાઈને લીધે બહારગામ જઈ ભણવું પોસાય તેમ નહોતું. પણ ત્યાં જ જાણે કુદરતે માર્ગ કરી આપ્યો. એ વર્ષે ત્યાં ‘ઍંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલ’ શરૂ થઈ. પણ એ શાળામાં તો ફી ભરવાની હતી, અને ગરીબ ઘરના આ વિદ્યાર્થી પાસે ફીના પૈસાના તાકડા નહોતા. છતાં ય જેને મહેચ્છા છે તેને માર્ગ મળી જ રહે છે; અરે, એ માર્ગ મેળવીને જ જંપે છે. ભણવાનો તો નિર્ધાર હતો જ; પછી નિરાશા શાની? એમણે તો એ શાળાના વર્ગો વાળવાનું, ત્યાં પાણી ભરવાનું અને પટાવાળાનું સુધ્ધાં કામ સ્વીકારી જે

પૈસા મળે તેમાંથી ફી ભરપાઈ કરી, પુસ્તકો ખરીદી અભ્યાસ આરંભી દીધો. ભણવામાં તો એ તેજસ્વી હતા જ. તેથી એ મિડલ સ્કૂલનાં ચારે ય ધોરણ દોઢ વર્ષમાં પૂરાં કરવાનો એમણે વિચાર કર્યો. એ વિચાર એમણે શાળાના હેડમાસ્તર પાસે રજૂ કર્યો. વળી, હેડમાસ્તરના કહેવાથી એમણે એ વાત તે વખતના શિક્ષણખાતાના ઈન્સ્પેક્ટર શ્રી ચતુરભાઈને કરી. પરિણામે એમને સગવડ કરી આપવામાં આવી અને એમણે ખૂબ પરિશ્રમ અને ખંતથી દોઢ વર્ષમાં એ ચાર ધોરણનો અભ્યાસ સફળતાથી પૂરો કરી પોતાની તીક્ષ્ણ બુદ્ધિમત્તાની પ્રતીતિ કરાવી આપી.

આવા તેજસ્વી કિશોરમાં પણ માનવબાળસહજ નબળાઈઓ ક્યારેક દેખાતી. અન્ય વિદ્યાર્થીઓને શાળામાં રિસેસ દરમ્યાન ચવાણું ખાતાં જોઈ ચૂનીલાલે એક વાર એમની બાએ મહામહેનતે કુલડીમાં એકઠી કરેલી થોડી રકમમાંથી ચાર પૈસા ચોર્યા અને સેવમમરા ખરીદીને ખાધા. પણ અંદરખાનેથી તો સાફદિલ એ છોકરાને એવો ચણચણાટ ઊપડયો ને અંતે એ ચોરીની વાત માતા પાસે કરી ત્યારે જ દિલને શાતા મળી. વળી, એક વાર નિશાળમાં ગણિતની પરીક્ષા વખતે પોતે ગણેલા દાખલાની નોટ બાજુના વિદ્યાર્થીએ માગી એટલે આપી. નિરીક્ષક એ જોઈ ગયા અને ચોરી પકડાઈ ગઇ. નિશાળમાંથી બરતરફ કરવાની ધમકી મળી. હેડમાસ્તર પાસે એમણે રડતાં રડતાં માફી માગી. હેડમાસ્તરનું દિલ પીગળી ગયું અને એમને માફી મળી ગઈ.

પણ આ નાના નાના પ્રસંગોમાં વસ્તુતઃ ચૂનીલાલની તાવણી જ થતી હતી. આવી ભૂલોમાંથી હૃદયપૂર્વકના પશ્ચાત્તાપ દ્વારા જે ભાનમાં આવે છે તે જીવનમાં આગળ વધવાનો અધિકારી બની રહે છે. પાછળથી પરમ સિદ્ધિઓને પામનાર શ્રી મોટા કિશોર કાળે આવી માનવસહજ નબળાઈઓનો ભોગ થઈ પડેલા તે સૂચવી રહે છે કે સામાન્ય માણસ પણ સચ્ચાઈપૂર્વકની જીવનસાધના દ્વારા સિદ્ધિને જરૂર વરી શકે છે.

આ મિડલ સ્કૂલનાં વર્ષોમાં એ પ્રથમ નંબરે જ પાસ થતા અને સૌનું ધ્યાન ખેંચતા. એક ગરીબ ઘરનો વિદ્યાર્થી જાતમહેનતે કેવો આગળ વધી રહ્યો હતો! હજુ તો એને મામલતદાર થવાની ઝંખના હતી. પણ આ ગરીબ વિદ્યાર્થીના જીવનમાં જુદાજુદા કોડનો તોડ કેમ કાઢવો એ જ વિટંબણા હતી. આગળ ભણવાની ઈચ્છા તો ખરી, પણ પૈસા નહિ. મા-બાપની પણ એવી ઇચ્છા કે દીકરો ક્યાંક કમાતો થાય તો સારું. આથી એમને ગોધરામાં અનાજના એક વેપારીને ત્યાં માસિક પાંચ રૂપિયાના પગારથી નોકરીએ મૂકવામાં આવ્યા. વેપારીએ ચૂનીલાલને દાણા વેચવા આવનાર ખેડૂત પાસેથી ત્રાજવામાં મૂકેલાં વજનિયાં કરતાં કઈ રીતે વધારે દાણા લઈ લેવા તે શીખવ્યું, પરંતુ ચૂનીલાલ જો અપ્રામાણિકતા આચરે તો ચૂનીલાલ શાના! એમણે તો વજન પ્રમાણે જ અનાજ તોલવા માંડયું હતું. એ વાતની જ્યારે શેઠને ખબર પડી ત્યારે તેણે એને નોકરીમાંથી રુખસદ આપી દીધી. ચૂનીલાલને પણ પ્રામાણિકતા છોડવા કરતાં નોકરી છોડવાનું વધુ ગનીમત લાગ્યું.

આ જે થયું તે સારા માટે. કાલોલની મિડલ સ્કૂલના એક શિક્ષક ધનુભાઈ એના પર ખૂબ હેત રાખે. એમને થયું કે આવા હોશિયાર વિદ્યાર્થીને આગળ ભણવાની તક મળે તો સારું. વળી, એ કહ્યાગરો અને કામગરો છે, એટલે જ્યાં રહેશે ત્યાં ભારે પણ નહિ પડે. આથી ધનુભાઈએ પોતાનાં માશીબા પ્રભાબા (વડોદરા અને કચ્છ રાજ્યના માજી દીવાન સદ્ગત મણિભાઈ જશભાઈ)ને ત્યાં પેટલાદમાં ચૂનીલાલને ભણવાની સગવડ કરી આપી. પ્રભાબાને ત્યાં રહી એમણે અંગ્રેજી પાંચમા ધોરણથી અભ્યાસ શરૂ કર્યો. એક પછી એક ધોરણ વટાવતાં, વટાવતાં એ આખરે મૅટ્રિકમાં આવી પહોંચ્યા. પ્રિલિમિનરી પરીક્ષાને હજુ વાર હતી એટલે પોતાના મોટા ભાઈ જે અમદાવાદમાં શિક્ષક હતા ને જેમને એઓ ઘણા સમયથી મળ્યા નહોતા તેમને મળવા એ અમદાવાદ ગયા.

ત્યાં માંદગીમાં સપડાયા. માંદગી લંબાવા લાગી અને મૅટ્રિકની પરીક્ષા નજીક આવવા લાગી. ડૉક્ટરે તો મૅટ્રિકની પરીક્ષા જતી કરવાની સલાહ આપી. પેટલાદ આવી ચૂનીલાલે હેડમાસ્તરને મળી માંદગીની વાત કરી. હેડમાસ્તરે તો હેતપૂર્વક એમની ફી અને ફૉર્મ ભરી દીધેલાં. એમણે હિમ્મત આપી મૅટ્રિકની પરીક્ષામાં બેસી જવા કહ્યું, એટલે પાછા અમદાવાદ જઈ મૅટ્રિકની પરીક્ષા આપી, અને ઈ. સ. ૧૯૧૯માં સારા ગુણ મેળવી પાસ પણ થયા. ગણિત, સંસ્કૃત અને ગુજરાતીના વિષયોમાં તો સિત્તેર ટકાથી પણ વધારે ગુણ પ્રાપ્ત કરેલા. પેટલાદની હાઈસ્કૂલ ખાતે તો એઓ પ્રથમ આવેલા એટલે ઈનામ પણ મળેલું.

હવે કૉલેજના અભ્યાસનો પ્રશ્ન ઊભો થયો. હર તબક્કે એમને મૂંઝવણ અને મુસીબતનો સામનો કરવો પડયો હતો. પરંતુ આત્મશ્રદ્ધા અને દૃઢ નિરધારથી એમણે એ મુસીબતોને મહાત કરી હતી. આ વખતે પણ રસ્તો નીકળી રહ્યો. કાલોલના એક ઓળખીતા વડોદરા કૉલેજમાં ફેલો હતા. એ ત્યાં રેસિડેન્સી હૉસ્ટેલમાં રહેતા. એમણે પોતાની ઓરડીમાં સાથે રહેવાની સંમતિ આપી, અને જમવાનો પ્રબંધ કર્યો ત્યાં આવેલી વૈષ્ણવની હવેલીમાં. માત્ર દોઢ આનામાં પતરાળી મળે, તે ખાઈને ચલાવવા માંડયું. આ હવેલી હૉસ્ટેલથી અઢી માઈલ દૂર, એટલે રોજ ફૂટપાથ પર વાંચતા વાંચતા અઢી માઈલ જાય અને અઢી માઈલ પાછા આવે. લગભગ એક સત્ર સુધી આ ક્રમ ચાલ્યો. ત્યાં જ વડોદરામાં રહેતાં એમનાં આધ્યાત્મિક મા પ્રભાવતીબહેનને આ વાતની ખબર પડી એટલે એમણે ફરી એમને પોતાને ત્યાં રાખ્યા.

ઘરમાં એ સહુનું કહ્યું કરે ને સહુનું કામ કરે. બીજી તરફથી કૉલેજનો અભ્યાસ આગળ વધે. પણ એઓ જ્યાં જુનિયર બી. એ.માં (હાલના એસ. વાઈ. બી. એ.માં) આવ્યા ત્યાં જ ૧૯૨૧માં ગાંધીજીની અસહકારની હાકલ પડી. દેશદાઝથી દોરાઈ એમણે કૉલેજનો ત્યાગ કર્યો અને અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. આ વખતે પણ આર્થિક ભીંસ તો ચાલુ જ હતી. કૉલેજ-ખર્ચની જોગવાઈ અહીં પણ જાતે જ કરવાની હતી. અહીં પણ એમણે હિમ્મતપૂર્વક રસ્તો શોધી કાઢયો. વિદ્યાપીઠમાં રહેવાનો અને અભ્યાસ કરવાનો ખર્ચ મળી રહે તે માટે વિદ્યાપીઠમાં વાળવાનું કામ એમણે નિઃસંકોચ સ્વીકારી લીધું. ભોજનખર્ચ માટે ગાંધીજીના 'નવજીવન'ની રૂપિયાની સોળ લેખે પોતે વેચી શકે તેટલી નકલો ખરીદી પાંચ પૈસાની એક લેખે એ વેચે. આમ કરતાં જે રૂપિયારોડા જેવું મળી રહે તેમાંથી ખાવા પીવાનું રોડવે. એમાં ક્યારેક પૂરા પૈસા ના મળ્યા હોય તો ચણામમરા ફાકીને પણ ચલાવી લે.

પણ આમ, એક તરફથી અભ્યાસ આકર્ષતો રહ્યો તો બીજી તરફથી દેશપ્રેમનો જુવાળ ઊભરાતો રહ્યો. ત્યાં એક વાર ગાંધીજીએ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને શિક્ષણની મશાલ છેક ગ્રામજનો સુધી પહોંચાડવાની વાત કરી. બસ થયું. ચૂનીલાલના મગજમાં એ વાત ઘર કરી ગઈ. એ સાથે જ એમને દલપતરામના કાવ્યની પેલી ચાર પંક્તિઓ ઘેરી વળી :

'નથી વિદ્વત્તા વાપરી દેશદાઝે / નથી વાપરી પાઈ જો લોકકાજે;
નથી કામ કીધાં સ્વદેશાભિમાની / વૃથા જન્મ ખોયો કરી શી કમાણી?'

એમનું તો હૃદય અતિ સંવેદનશીલ. એઓ પોતાના જન્મને વૃથા ખોવા માગતા નહોતા. ગાંધીજીનાં વચનોને હૃદયમાં ધારણ કરી, વિદ્યાપીઠ છોડી એઓ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં નિરક્ષરોને અક્ષરજ્ઞાનનો પ્રકાશલાભ આપવા પહોંચી ગયા. પણ ત્યાંના થોડા સમયના રહેઠાણ પછી ખયાલ આવી ગયો કે ત્યાંની ગરીબ પ્રજાને અક્ષરજ્ઞાન કરતાં આજીવિકા પ્રાપ્ત કરવામાં જ વધુ રસ હતો, અને કોઈ ભણવા આવતું નહિ. અંતે વાગરાથી પાછા ફરી એ પાછા વિદ્યાપીઠમાં જોડાઈ ગયા. ત્યાં થોડા વખત બાદ ગાંધીજીએ કહ્યું કે વિદ્યાપીઠનો વિદ્યાર્થી પદવીથી નહિ પરંતુ સેવાથી જ શોભે. લોકસેવાના આ ઉદ્બોધનની એમના સંવેદનપટુ હૃદય

પર એવી ચોટ વાગી કે સ્નાતકની પરીક્ષાને ત્રણ જ મહિના બાકી હતા છતાં એમણે પદવીલાલસા છોડી અને ભણતરને હંમેશને માટે તિલાંજલિ આપી તે આપી. ત્યાંથી સીધા સ્વ. ઇન્દુલાલ યાજ્ઞિકે નડિયાદ ખાતે શરૂ કરેલી હરિજનકાર્યની પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. પછી તો વર્ષો લગી એમણે હરિજનશાળામાં શિક્ષણકાર્ય, હરિજનોદ્ધાર માટે ફંડફાળાની પ્રવૃત્તિ, હરિજનોના મોભા માટે સામાજિક સંમેલનો આદિમાં ખંતથી કામ કર્યું. સત્યાગ્રહની લડતમાં સૈનિક પણ બન્યા. પોલીસનો લાઠીમાર પણ ખાધો અને જેલના સળિયા પાછળ પણ ધકેલાયા. આમ, દેશસેવા અને સમાજસેવાના સક્રિય કાર્યક્રમમાં એઓ ગળાબૂડ રહ્યા અને આ બધી પ્રવૃત્તિઓની સાથેસાથે ગરીબ કુટુંબના ભરણપોષણની પોતાને ફાળે આવેલી જવાબદારી પણ નિષ્ઠાથી અદા કરતા રહ્યા.

એક બાજુથી, આમ, જાહેર જીવનની પ્રવૃત્તિમાં ખંતથી લાગ્યા રહ્યા હતા, તો બીજી બાજુથી વ્યક્તિજીવનમાં આધ્યાત્મિક ઉન્નતિ માટેની એમની પ્રવૃત્તિ પણ ચાલુ જ હતી. નાનપણથી જ એમને ઈશ્વરભક્તિનું અજબ આકર્ષણ હતું. કાલોલમાં હતા ત્યારે કંઈ કામકાજ ન હોય તે સમયે બાળક ચૂનીલાલ ત્યાં ગોમા નદીને કિનારે નીલકંઠના મંદિરમાં જઈ ભજનો ગાય જ. સાંજ પડે ત્યારે એનાં બા એને ત્યાંથી બોલાવડાવે અને પછી ઠપકો પણ આપે. આ ભક્તિબીજ આગળ જતાં પોષાતું ગયું અને આખરે અજબ રીતે ફૂલ્યુંફળ્યું પણ ખરું. પણ એ સિદ્ધિની ચરમ કક્ષાએ પહોંચતાં સુધીમાં એમને અનેક સંઘર્ષોમાંથી અને સંકટોમાંની પસાર થવું પડ્યું હતું. સંઘર્ષને જે આવકારી શકતો નથી, સંકટોને જે ડારી શકતો નથી તે જીવનમાં અધવચ્ચે જ હારી જાય છે. શ્રી મોટાના જવનમાં પણ આવો કાળખંડ આવી ગયો. મોટા ભાઈનું અવસાન થયું. ઘરનું દેવું એ માંદગીમાં અને વડીલોએ ગોઠવેલા પોતાના લગ્નમાં વધી ગયું. જનસેવાર્થે ગરીબીને ગળે વળગાડીને ફરનારા, ને અધ્યાત્મસાધનામાં ગળાબૂડ રહેનારા શ્રી મોટા પર આ પ્રકારની ભીંસે જબરો ભરડો લીધો. એમાંથી લાગુ પડેલા ફેફરાના રોગે એમનામાં જીવન પ્રત્યે કંટાળો જગવ્યો. થોડી વાર માટે ચિદાકાશમાં ઘોર હતાશાનું વાદળ છાયી ગયું. એમણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. ઊપડ્યા નર્મદામૈયાને ખોળે દેહ સમર્પવા! ગરુડેશ્વર તરફ આગળ વધતા જ ગયા. આખરે એક ઊંચી ભેખડ પર ચડી માર્યો ભૂસકો. પરંતુ અજબ ઘટના બની! નર્મદાનાં ઊછળતાં મોજાંએ એમને કિનારે પાછા ધકેલી દીધા! એમને સમજાઈ ગયું કે મારા જીવનનો કંઈક અર્થ છે. એનો નાશ ઈશ્વરને મંજૂર નથી. એમની ઈશ્વરશ્રદ્ધા વધુ દૃઢ બની. મોતને ભેટવા નીકળેલો માણસ સંજીવની પામીને પાછો વળ્યો.

રસ્તામાં ચાણોદને સામે તીરે ઊંચી ટેકરી પર આવેલા રણછોડજીના મંદિરે એ ગયા. ત્યાં એક સાધુનો એમને ભેટો થઈ ગયો. સાધુમહાત્માને આસપાસની જગ્યા એમણે સાફ અને વ્યવસ્થિત કરી આપી. પણ એ કામ કરતાં કરતાં પાછી વાઈ આવી અને એ પડી ગયા. સાધુને એ યુવાનની દયા આવી અને એના ભયાનક રોગમાંથી મુક્ત થવા હરિનામના રટણની ઔષધી બનાવી. પ્રથમ તો આ બુદ્ધિગમ્ય નહિ એવી હરિનામ સ્મરણની દવામાં એમને તરત વિશ્વાસ ન પડ્યો. એવામાં એક વાર પ્રભાબાને ત્યાં ગયા હતા ત્યારે વાઈ આવવાથી એઓ દાદર પરથી ગબડી પડ્યા. થોડુંઘણું વાગ્યું પણ ખરું. ત્યાં જ અજબનો ચમત્કાર થયો: એમને પોતાની આંખ સામે પેલા નર્મદાકિનારાના રામજીમંદિરે મળ્યા હતા તે સાધુમહાત્મા હાજરાહજૂર દેખાયા, ને હરિનામ લેવા ફરી ભલામણ કરી. ત્યારથી એમણે 'હરિ:ૐ'નો પુનિત જાપ શરૂ કર્યો ને ધીમેધીમે તન્મય બનતા ગયા. ...અને પ્રભુના નામસ્મરણની પરમ ગતિનો એમને જાત-અનુભવ થવા લાગ્યો. એમની અધ્યાત્મસાધનાની ગતિએ હવે જોર પકડ્યું. ઉપરાઉપર વિકટ સાધના કરવા માંડી. એ સ્મશાનમાં સૂઈ રહે તો વળી અઘોરીબાવા પાસે પણ જાય!





ડાબી બાજુ: ગુરુ શ્રી બાલયોગી મહારાજ અને (જમણી બાજુ) ગુરુ-દાદાજી શ્રી કેશવાનંદજી

એવામાં એક વાર એ નડિયાદમાં હતા ત્યારે ત્યાંના એક સેવાભાવી સજ્જન હરિપ્રસાદ કંથારિયાએ એમને સંદેશો આપ્યો કે અમદાવાદમાં એલિસપુલના ટાઉનહૉલ તરફના છેડે આવેલા સાધુઓના અખાડામાં એક બાલયોગી મહારાજ એમને યાદ કરે છે. શ્રી મોટાને માટે આ નવાઈની વાત હતી, કારણ કે આવા કોઈ મહારાજને એ કદી મળ્યા નહોતા કે ઓળખતા પણ નહોતા! પરંતુ હરિપ્રસાદભાઈએ તો એમના હાથમાં મુસાફરીના ખર્ચ પેટે રૂપિયા પાંચ મૂકી ચાલતી પકડી. પરિણામે બાલયોગીને મળવા તે અમદાવાદ ગયા ત્યાં બાલયોગીના સાન્નિધ્યમાં પાંચેક દિવસ રહ્યા. અને પછી નડિયાદ જવા દેવા વિનંતી કરી. બાલયોગીજીને તો તેને દીક્ષા આપવી હતી એટલે વધુ રોકાઈ જવા કહ્યું. પરંતુ કુટુંબ ને હરિજનપ્રવૃત્તિની જવાબદારીથી સભાન શ્રી મોટા બાલયોગીજીને નડિયાદ આવવા વિનંતી કરી ચાલી નીકળ્યા.

આ મુલાકાત પછી શ્રી મોટાના જીવનમાં નવા ભાવની ભરતીએ ઉછાળો માર્યો. થોડા વખતમાં જ બાલયોગી મહારાજ નડિયાદ ગયા અને અંત્યજ સેવામંડળની કારોબારીની બેઠકમાં દાહોદ મુકામે હાજરી આપવા જઈ રહેલા શ્રી મોટાને સ્ટેશન પરથી જ એમણે પાછા વાળ્યા, અને જણાવ્યું કે પોતે દીક્ષા આપવા જ આવ્યા છે. આખરે એમના કહ્યા પ્રમાણે એકાંતવાસ માટે નડિયાદમાં મિશન દવાખાનાની પાસે રામતલાવડી નજીક આવેલા કાસમ શેઠના 'બાપુ હાજી મંજિલ' નામના બંગલામાં એમને ઉતારો આપ્યો. અહીં શ્રી મોટાને બાલયોગી મહારાજે ઈશ્વરમાર્ગે જવાની દીક્ષા આપી. વધુમાં જણાવ્યું પણ ખરું કે એમના ખરા ગુરુ તો ધૂણીવાળા કેશવાનંદજી મહારાજ છે, અને તેમનાં દર્શને જવાનું હજી બાકી છે. વળી, નડિયાદમાં બાલયોગી મહારાજ જેટલા દિવસ રહ્યા તે દરમિયાન થોડો સમય હાલ જ્યાં 'હરિ:ૐ આશ્રમ' છે ત્યાં કબીરપંથી સાધુના છાપરામાં રહેલા. એમણે એ સ્થળની રમણીયતા જોઈ શ્રી મોટાને કહેલું કે આ સ્થળે તારો આશ્રમ થશે. આજે ત્યાં જ હરિ:ૐ આશ્રમ વિસ્તર્યો છે! ત્યારે તો અકિંચન શ્રી મોટાને પણ બાલયોગીજીના આ આગાહીમાં આશ્ચર્ય લાગ્યું હતું.


પછીથી તો જીવનસાધનાની એમની આ રટણા વધતી જ ચાલી. હરિજનસેવાના પોતાના કામમાંથી દર વર્ષે એક માસની રજા લઈ એઓ એકાંતવાસ કરવા ચાલ્યા જતા. એમને સમજાઈ ગયું હતું કે એકાંતવાસ આત્મસાક્ષાત્કાર કરાવવામાં સહાયભૂત થાય છે. (આથી જ એમણે આવા આત્મસાધકો માટે દક્ષિણ ભારતમાં કુંભકોનમમાં, ગુજરાતમાં નડિયાદમાં શેઢી નદીને તીરે, રાંદેર પાસે કુરુક્ષેત્ર નજીક ને અમદાવાદમાં નરોડા મુકામે મૌનમંદિરો શરૂ કર્યાં છે.) આમ, બાલયોગી મહારાજના

પ્રસંગથી પ્રેરાઈ તે ગજબ તૃષાથી આત્મસાધના કરી રહ્યા હતા. હજુ એમને બાલયોગીના પણ ગુરુ કેશવાનંદજીનાં દર્શને જવાનું તો બાકી જ હતું. તેવામાં એક વાર નડિયાદ ખાતે કોઈ નિર્વસ્ત્ર સાધુ ખેતરમાં સૂતા હોવાના સમાચાર એમને મળ્યા. એ તો ત્યાં પહોંચી ગયા. જાગ્રતાવસ્થામાં આવતાં જ એ નિર્વસ્ત્ર અવધૂતે કોઈ મુસલમાનના ઘેર ઉતારો કરવાની વાત કરી. એ તો રહી અવધૂત-હઠ! શ્રી મોટા વિમાસણમાં પડ્યા: નિર્વસ્ત્ર આદમીને કોઈ સંસારીને ત્યાં રાખવો કઈ રીતે? આખરે એમને નડિયાદની મહિડા ભાગોળે રહેતા હકીમસાહેબ યાદ આવ્યા. શ્રી મોટાને એમની સાથે સલામ આલેકુમનો સંબંધ હતો. હકીમે પોતાની મેડી પર એ નિર્વસ્ત્ર અવધૂતને ઉતારો આપવાની સંમતિ આપી. શ્રી મોટાની મૂંઝવણ ટળી. એક બંધ ઘોડાગાડીમાં અવધૂતને એ લઈ આવ્યા અને હકીમસાહેબની મેડીએ ઉતારો આપ્યો. દસ-બાર દિવસ એઓ રહ્યા તે દરમ્યાન શ્રી મોટાએ એમની સઘળી શુશ્રૂષા ઉપાડી લીધી જ્યારે એઓ વિદાય થયા ત્યારે એમણે શ્રી મોટાને પોતાની સાથે આવવાની આજ્ઞા કરી. પરંતુ સંસાર-સમાજની ફરજોમાં રોકાએલા હોવાથી તત્કાલ તો એમની સાથે જવાની શ્રી મોટાએ અશક્તિ દર્શાવી; અને જણાવ્યું કે જો પોતાની ત્રણ બાબતો પાર પાડવાની એ અવધૂત ખાતરી આપે તો એઓ અનુકૂળતાએ એમના સ્થાનકે જશે. એમની ત્રણ માગણી આ હતી: એક, પોતાની સાધના ફલિત થાય તે માટે કૃપા કરવી; બે, જ્યારે એ અવધૂત પાસે જવાનો સમય થાય ત્યારે એ અવધૂતે પ્રથમ દર્શન દેવાં; ત્રણ, એ અવધૂત જે સ્થળે રહે છે તે સ્થળે જવા-આવવાનું ભાડું કોઈ અણધારી રીતે પ્રાપ્ત થઈ રહે. આ અવધૂતે પોતાની ઓળખાણ 'ઉપાસની મહારાજ' તરીકે આપેલી.

પછી તો આ વાત પર પડદો પડી ગયો. શ્રી મોટાની સાધના અને હરિજનસેવા ચાલુ જ હતાં. એવામાં ઈ. સ. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક તરીકે જવા માટે શ્રી મોટાએ નામ નોંધાવેલું તે તેડું આવ્યું. બરાબર એ જ દિવસે એમને પેલા ઉપાસની મહારાજનાં દર્શન થયાં! શ્રી મોટાને નવાઈ લાગી. એ જ દિવસે એક લત્તામાંથી એઓ 'વૈષ્ણવ નથી થયો તું રે' વાળું ભજન ગાતાગાતા જતા હતા ત્યાંના એક વૈષ્ણવે એમને બોલાવીને ૪૫ રૂપિયા આપ્યા ને જણાવ્યું કે મારા દિલમાં આજ આપને આમ સહાય કરવાનું ઊગી નીકળ્યું છે! શ્રી મોટાને પોતાની ત્રણ માગણીઓ યાદ આવી. એમના મનમાં ગડ બેસી ગઈ કે ઉપાસની મહારાજે આપેલાં એ દર્શન અને પેલા ૪૫ રૂપિયાની મદદનો સંકેત એ જ હતો કે એમનાં દર્શને એમણે જવું. એમણે એ સંકેત માથે ચડાવ્યો અને બારડોલી જવાનું માંડી વાળી એઓ સાકોરી તરફ ચાલી નીકળ્યા. ત્યાં જઈને જોયું તો પેલા મહારાજ હાજર હતા. એમણે શ્રી મોટાને અગિયાર દિવસ એક જ આસન પર બેસાડી રાખ્યા— મળ-મૂત્ર-ત્યાગ પણ ત્યાં જ કરવો રહ્યો! મળમૂત્રની પથારીમાં બેઠેલા શ્રી મોટા ત્યાં દર્શને આવતાં લોકોના અણગમાનું પાત્ર થઈ પડ્યા. ઘણાએ એમને ત્યારે પથ્થરો પણ માર્યા. આમ, ઉપાસની મહારાજે શ્રી મોટાની અશુદ્ધિઓ દૂર કરી મનને શુદ્ધ પંથે વાળ્યું. ને અંતે આશીર્વાદ આપ્યા: 'જા, હવે તારી જે સ્થિતિ છે તે કાયમ રહેશે.'

એ પછી એઓ મધ્યપ્રદેશમાં આવેલા સાંઈખેડા ગામે, અગાઉ બાલયોગી મહારાજે કહ્યું હતું તે ધૂણીવાળા દાદા કેશવાનંદજીનાં દર્શને પણ ગયા અને એમના ચરણે બેઠા. ત્યાં પણ કપરી તાવણીમાંથી પસાર થયા અને કેશવાનંદ મહારાજે વચનો કહ્યાં: 'હવે તું તારે ઘેર જા અને તું જે કામ કરતો હોય તે કરતાં કરતાં તારી સાધના કરજે.' અને ઘેર આવી શ્રી મોટાએ હરિજનસેવા અને દેશસેવા જેવાં કામોની સાથેસાથે પોતાની સાધના ચાલુ રાખી. ઈ. ૧૯૩૦ની લડતમાં જેલવાસ મળતાં એમણે તે એકાંતનો ઉપયોગ પણ સાધનામાં જ કર્યો. આખરે એક







તબક્કો એવો આવ્યો કે સાધના કાજે બધું છોડવાનો એમણે નિર્ણય કર્યો અને માતાની રજા માગી. પ્રથમ તો માએ વિરોધ કર્યો, પણ શ્રી મોટાએ એમને શાંતિથી સમજાવ્યાં. અંતે મહિને પાંચ રૂપિયાની ખર્ચી મોકલવાનું અને તેની મૃત્યુપળે ગમે ત્યાંથી પણ ત્યાં જઈ પહોંચવાનું વચન આપી શ્રી મોટા નોકરીમાંથી નિવૃત્ત થઈ કરાચી પહોંચ્યા. ત્યાં પણ એમણે સદ્ગુરુના ચમત્કારો અનુભવ્યા. પૂજ્ય શ્રી મોટાનું જીવન એટલે જ જાણે ચમત્કારોની પરંપરા! આ નાના લેખમાં એ બધી પ્રસંગ-પ્રસાદી પીરસવી અસંભવ છે* પણ શ્રી મોટાને સાકાર અને નિરાકારના પણ કૃપામય અનુભવો થએલા નોંધાયા છે. વર્ષો સુધી એમણે આમ આત્મસાધના ચાલુ રાખી, વિવિધ અનુભવોમાંથી પસાર થઈ ચરમ સિદ્ધિને પ્રાપ્ત કરી હતી. પણ એ સાચા સિદ્ધ પુરુષે એના ક્યાંય ધજાગરા બંધાવ્યા નથી કે ચમત્કારોની પતાકાઓ લહેરાવી નથી.

એ સિદ્ધિની કક્ષાએ એમને માનવકલ્યાણ અને સમાજોત્થાનની પ્રવૃત્તિ જ સ્તુત્ય જણાઈ છે. પરિણામે, છેલ્લા દોઢેક દાયકાથી એમણે 'મારે સમાજને બેઠો કરવો છે' એ ભાવના સાથે માનવકલ્યાણ અને સમાજ-કલ્યાણની અનેકાનેક પ્રવૃત્તિઓ આરંભી દીધી હતી. એમના જીવનનો આ હતો અંતિમ તબક્કો. પ્રથમ તબક્કામાં વિદ્યાપ્રાપ્તિની મથામણ અને કુટુંબપોષણની જવાબદારીઓ તથા દેશદાઝની પ્રવૃત્તિઓ અગ્રસ્થાને હતી; બીજો તબક્કો હતો એક ઉત્કટ સાધકનો; જ્યારે ત્રીજો તબક્કો એ સિદ્ધ પુરુષની સમાજોપયોગી કલ્યાણપ્રવૃત્તિઓનો બની રહ્યો. સિદ્ધિના શિખરે પહોંચ્યા પછી આત્મમસ્તીમાં લીન રહી ગુફાના એકાન્તવાસને સ્થાને એમણે સમાજ વચ્ચે રહી વ્યક્તિજીવનના વિકાસ દ્વારા સમાજ-જીવનના ઉત્થાનની અને સમાજજીવનના ઉત્થાન દ્વારા વ્યક્તિજીવનની ઉન્નતતાની ધૂણી ધખાવી હતી. ભારતીય સંસ્કૃતિના મૂલ સ્રોત વિલીનપ્રાય: થતા જોઈ એમનો આત્મા કકળી ઊઠ્યો હતો. જીવનમૂલ્યોનો ડેર ડેર હ્રાસ થતો જોઈ એમના જીવને અપાર ગ્લાનિ થતી હતી. એમની ભાંગી પડતી તબિયતે પણ એઓ આ ભાંગી પડતા સમાજના કલ્યાણયજ્ઞમાં સહાય સ્થાપચ્યા રહેતા હતા. વ્યક્તિજીવનમાં સાહસ, હિંમત, પુરુષાર્થ, પ્રેમ, ત્યાગ, સચ્ચાઈ જેવા ગુણો કેળે એ માટે એમણે વિધવિધ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપ્યું હતું. મરદાનગીભરી રમતો, તરણ, જ્ઞાન-વિજ્ઞાન, વૈદક કે અધ્યાત્મવિદ્યા: આ સર્વ પ્રવૃત્તિઓમાં શ્રી મોટા ઉપયોગી થતા. આપણી ઊગતી પેઢીને વિવિધ જ્ઞાનક્ષેત્રોથી સમૃદ્ધ કરવા એમણે 'જ્ઞાનગંગોત્રી' પુસ્તકશ્રેણીને પોષી જે આર્થિક સહાય કરેલી છે તે એમની નવી પેઢીને અદ્યતન જ્ઞાન આપી બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બનાવવાની ઝંખનાનું ન ભુલાય તેવું સ્મારક છે. એમણે અત્યાર સુધીમાં સમાજમાંથી કરોડથી પણ

* જિજ્ઞાસુઓએ આર. આર. શેઠની કંપની તરફથી પ્રકટ થએલો દળદાર અને સચિત્ર-ચરિત્રગ્રંથ 'પૂજ્ય શ્રી મોટા: જીવન અને કાર્ય' જોવો.





શ્રીમોટા : એમની જીવનયાત્રાના વિવિધ તબક્કે. સામેના પૃષ્ઠ પર ડાબી બાજુની છબિ તેઓ કરાચીમાં હતા ત્યારની છે. તે પછીની અને ઉપરની ડાબી બાજુની છબિઓ એમની આધ્યાત્મિક સાધના વધુ આગળ વધી ત્યારની છે. ઉપરની જમણી બાજુની છબિ થોડા સમય પૂર્વેની છે, જેમાં તેઓ 'કુમાર' વાંચતા જણાય છે. 'કુમાર' પ્રત્યે એમને સદ્‌ભાવ હતો એ એમણે 'કુમાર'માં પ્રકટ થતી કૃતિઓ માટે આપેલાં વિવિધ પારિતોષિકો પરથી વાચકો જાણે જ છે. આ છબિ તથા આ લેખના આરંભના પૃષ્ઠ પરની છબિ. લે. ક. બલવંત ભટ્ટની પાડેલી છે. અન્ય છબિઓ 'પૂજ્ય શ્રીમોટા-જીવન અને કાર્ય' પુસ્તકમાંથી પ્રકાશકના સૌજન્યથી અહીં સાભાર પ્રકટ કરી છે.

વધારે રૂપિયા એકઠા કરી વિવિધ કલ્યાણકામોમાં એનું વિતરણ કર્યું છે. આમ, આપણા સમાજની કટોકટીની સ્થિતિમાં એઓ કલ્યાણવડ બનીને ઊભા રહ્યા હતા. ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિના એ મેરુ હતા. નાતજાત કે ઊંચનીચના ભેદભાવ વગર સર્વજનહિતાય આરંભાએલી કલ્યાણપ્રવૃત્તિના મહાયજ્ઞના એઓ ઋત્વિજ હતા. શ્રી મોટાનું જીવન એટલે કે એક મામૂલી માનવીમાંથી મહાસિદ્ધ પુરુષ સુધીના વિકાસની પુરુષાર્થભરી ગૌરવગાથા છે.

આવા મહાપુરુષે કદી ગુરુપણાનો ઘંટ વગાડયો નથી. જાણ્યાં-અજાણ્યાં સહુ એમના સાન્નિધ્યની શીળી છાયામાં પ્રેરણાપાન કરી શકતાં. એમનું નિર્દોષ હાસ્ય અને એમની નિખાલસ વાણી સહુ કોઈને હૃદયના નિર્મલીકરણ તરફ વાળતી. એમનાં વિપુલ ગદ્યપદ્ય લખાણોમાં એમણે નિરાડંબરી રીતે વ્યક્તિજીવનના ઘડતરની અતિ મૂલ્યવાન વાતો કરેલી છે. 'જીવનદર્શન' પુસ્તકની પ્રસ્તાવનામાં એઓ કહે છે : 'કશું જ એમ ને એમ બની જતું નથી. ખાલી વાતો કર્યે અને બુદ્ધિની સમજણના તડાકા ફેંક્યે રાખ્યે જીવન મેળવી શકાતું નથી; એટલું જ નહિ પણ જીવન વેડફી દેવાતું હોય છે. માટે તમને બધાંને પ્રાર્થના છે કે કૃપા કરી જીવનમાં વ્યવસ્થા પ્રગટાવો. જે જે કર્મ મળેલું છે, તેમાં જો વ્યવસ્થા, ખંત, ઉત્સાહ, હિંમત, સાહસ, ધીરજ, સહનશક્તિ વગેરે પ્રગટાવવાનું આપણાથી નહિ બની શક્યું તો જીવનવિકાસના ક્ષેત્રમાં આપણે બીજું બળ ક્યાંથી પ્રગટાવી શકવાના છીએ ? માટે કૃપા કરીને જો મળ્યાં છો, તો મળ્યાની સાર્થકતા થાય તેવું ભાન પ્રગટાવજો.'

શ્રીમોટા એટલે, આમ, જીવનવિકાસની જીવતીજાગતી ઝંખના. જ્યાં ખૂબ છે અને જ્યાં કંઈ નથી એ બે વચ્ચેના અવકાશને પૂરનાર સમર્થ વ્યક્તિત્વ એટલે જ શ્રીમોટા. એમની પ્રસ્તાવનાના પ્રસ્તુત પરિચ્છેદમાંના છેલ્લા વાક્યને, આજે એમનો સ્થૂળ દેહ આપણી વચ્ચે નથી ત્યારે, આપણે સદાય સ્મરણમાં રાખીશું તો એમના પ્રત્યેની શ્રદ્ધા સાચી ઠરશે અને આપણા પ્રત્યેની એમની શ્રદ્ધા પથદર્શક બની રહેશે. એમના પાવનકારી આત્માને 'મળ્યાની સાર્થકતા થાય તેવું ભાન પ્રગટાવજો' એવી પ્રાર્થનાંજલિમાં જ સર્વનું શ્રેય હો ! □

## 'પૂજ્ય શ્રી મોટા : જીવન અને કાર્ય'

જાણીતી પ્રકાશનસંસ્થા આર. આર. શેઠની કંપનીના માલિક ભુરાલાલ રણછોડદાસ શેઠ સ્મારક ગ્રંથમાળામાં જે ઉપયોગી ને કીમતી ગ્રંથો પ્રકટ થયા છે તેમાં ઉપર્યુક્ત પાંચમા પુસ્તકથી પ્રશસ્ય ઉમેરો થાય છે.

પ્રસ્તુત ગ્રંથમાં એના સંપાદકો સર્વશ્રી ઈશ્વર પેટલીકર, રમેશ ભટ્ટ અને રતિલાલ મહેતાએ શ્રી મોટાના જીવનની સમ્યક્ ઝાંખી થાય એ રીતે અક્ષરછવિ ઊપસાવી છે. શ્રી મોટાનાં જ અન્ય લખાણોને આધારે એમના જ શબ્દોમાં સુરેખ શબ્દચિત્ર આલેખી આપવામાં સંપાદનની સૂઝ પ્રકટ થયા વગર રહેતી નથી. અનેક ચમત્કારો ને પુરુષાર્થથી ભર્યું ભર્યું શ્રી મોટાનું આ ચરિત્ર કોઈ પણ જિજ્ઞાસુને સંતર્પ્યા ને સન્માર્ગે વાળ્યા વગર નહિ રહે. સાથેસાથે શ્રી મોટાનાં સર્જનોમાંથી ચૂંટેલી પ્રસાદી પણ અહીં પીરસવામાં આવી છે, જે શ્રી મોટાની સહજ ઊર્મિ, નિરાડંબરી શૈલી અને કથયિતવ્યની ચોટનો અનુભવ કરાવે છે. આ ઉપરાંત આ ગ્રંથમાં શ્રીમોટાના માતબર જીવનની દ્યોતક વિવિધ પ્રવૃત્તિઓનો પણ વિગતે પરિચય આપવામાં આવ્યો છે. ગ્રંથમાં શ્રી મોટાની તેમ જ તેમને લગતી પુષ્કળ છબિઓ પણ આપી છે. પાકા પૂઠાના અને ૫૭૨ પૃષ્ઠોના આ દળદાર ગ્રંથની કિંમત નહિ નફો નહિ નુકસાન એ ધોરણે માત્ર રૂપિયા પચીસ જ રાખવામાં આવી છે. આવું ઉપયોગી પુસ્તક આ શ્રેણીમાં પ્રકટ કરવા બદલ પ્રકાશનસંસ્થા હાર્દિક અભિનંદનની અધિકારી બને છે : (પ્રકા૦ આર. આર. શેઠની કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧)

# રોજ રોજ

જેમાં મનની ડાળે કંટાળો ઊગીને કરમાઈ જાય છે

✓ × ✓ × ✓ × ✓ × ✓ × લેખક • રમેશ શાહ

અવિરતને થયું કે રોજ રોજ અમુક માણસોની ચોક્કસ ક્રિયાઓ જોવી પડે છે, અમુક નિશ્ચિત અવાજો સાંભળવા પડે છે, ગોઠવેલાં દૃશ્યો જોવાં પડે છે એને બદલે, લાવ, આજે ઑફિસેથી વહેલો ઘેર જાઉં. ચાલીને જવાને બદલે એ રિક્ષામાં બેઠો. લિફ્ટમાં જવાને બદલે એ પગથિયાં ચડીને પોતાના ફ્લૅટમાં પહોંચ્યો. પુશ બ-ટન દબાવવાને બદલે એણે બારણું ઠોક્યું. પત્નીએ સહેજ પણ આશ્ચર્ય-પૃચ્છા કર્યા વિના રોજનું સ્મિત કર્યું. કપડાં બદલ્યા વિના એ સીધો ગૅલેરીમાં જઈ ઈઝી ચેરમાં ઢળ્યો.

એની નજર રસ્તા પર પડી, તો—GJI 1972 નંબરની પ્લીમથ ગાડી પસાર થઈ ગઈ. પસ્તી-પેપરવાળાની બૂમ, પછી કેળાંની લારી, પછી 'મીઠું'-ને બદલે 'મીઢું' જેવા અવાજવાળો ફેરિયો, ને છેવટે 'ઘા...સ...તેલ' વેચતો સાઈકલવાળો આવ્યાં-ગયાં. સામેના ફ્લૅટના ચોથા માળની ત્રીજી બારીમાં પેલી ભૂખરા વાળવાળી છોકરી બગાસું ખાતી ઊભી હતી. અ-વિરતની નજર ટેલિફોનના તાર પર પડી, તો એ જ ચકલી અવળસવળ ફરી પૂંછડી ઊંચીનીચી કરતી હતી. પત્ની ચાનો કપ લઈ આવી. અવિરતે કહી નાખ્યું : 'રોજની રોજ શું ચા!'

પત્નીએ પૂછ્યું : 'તો બીજું શું લાવું? કૉફી તમને ભાવતી નથી. નાસ્તો તમને અત્યારે ફાવતો નથી. ખારી શિંગ તમને વાયડી પડે છે...'

'પણ હજુ ચા પીવાને તો ખાસ્સી વાર છે.'

'કલાક પછી ય પીવાના છો, તો હવે બનાવી છે તો પી નાખો. પાછી ઠંડી-ચા તમને ફાવતી...'

લે-આઉટ બદલવાના આશયથી અવિરતે કહ્યું : 'તો એમ કર; રોજ હું અહીં ચા પીઉં છું, એને બદલે આજે રસોડામાં પીઉં તો?'

પત્ની હસી પડી : 'રસોડામાં ચા પીવાની તમારે નવાઈ છે? સવારે ચા ક્યાં પીધી'તી?'

'પણ એ તો સવારેને? અત્યારે તો નહિ ને?'

'ગયા રવિવારે કપ ફૂટ્યો ત્યારે તમે ક્યાં હતા?'

અવિરતને લાગ્યું કે પત્ની સાચું કહે છે. એણે અનેક વાર રસોડામાં ચા પીધી છે, અનેક વાર પલંગ પર બેસીને, ઘણી વાર સ્ટૂલ પર બેસીને, ઘણી વાર ફ્લોર પર બેસીને, કેટલી યે વાર ઊભાઊભા, હજારો વાર ખુરશીમાં બેઠાંબેઠાં, ક્યારેક ગરમ, ક્યારેક ઠંડી ઠંડી, ઘણી વાર કોફરવર્ણી કેટલીયે વાર ફૂંકતાં ફૂંકતાં–દાઝતાં દાઝતાં–બુચકારા બોલાવતાં બોલવતાં, મીટિંગમાં કૉશિયસ થઈ ને, ઘણી વાર શર્ટ પર ડાઘ પાડીને, કેટલી યે વાર કમ સાકરની, ઘણી વાર ઓછા દૂધની, અસંખ્યવાર ગળીગળી, સંખ્યા-બંધ વાર સંખ્યાબંધ મિત્રો સાથે, હોટેલમાં, લારી પર, ટ્રેઈનમાં, મેળા-માં, ઑફિસમાં, વરસતા વરસાદમાં, ભરબપોરે, પોતાના પૈસે, પારકા પૈસે, એકલા એકલા, એક જણ સાથે, બે જણ સાથે, ત્રણ જણ સાથે, પત્ની સાથે, કોઈ છોકરી સાથે, અનેક જણ સાથે, અનેકાનેક વર્ષોથી એ ચા પીએ છે. કોઈ થ્રિલ નથી હવે એમાં.

એણે કહી દીધું : 'આજથી ચા બંધ!'

પત્નીએ કહ્યું : 'કેમ એકાએક? લો, અત્યારે તો પી લો.'

અવિરતે કહ્યું : 'એકાએક નથી; વર્ષોના અનુભવ પછી આ નિર્ણય પર આવ્યો છું. ચા તો સાલી, કેટલી પીવાની? બં...ધ આજથી બં...ધ!' એ નાટકીય ઢબે બોલી રહ્યો.

પત્નીએ પૂછ્યું : 'બીજું શું શું બંધ?' એ સૂચકનેત્રે તાકી રહી. અવિરત સમજી ગયો. એણે વાત ફેરવતાં કહ્યું : 'ચા તો ઠીક, પણ હવે તો રોજ રોજ જમવાનો યે થાક લાગ્યો છે! અત્યાર સુધીમાં હું કેટલું ખાઈ ગયો?'...ઘઉંના મોટા મોટા ઢગલા, શાકભાજીથી ભરેલાં ગાડાં, દૂધથી ભરેલાં કૅન, ચટણીથી ભરેલાં તપેલાં, ઘીતેલથી ભરેલાં બૅરલ, ગોળના રવા, ખાંડની બોરીઓ, પાપડની થપ્પીઓ, પાણીના કૂવાઓ... ખાઈ ખાઈ, ખાઈ ખાઈ...પી. પી...પી પી...અવિરતની નજર પેટ તરફ ગઈ. પેટ દરિદ્ર લાગ્યું!

પત્ની બોલી ઊઠી : 'અચ્છા, તો સાંજની રસોઈ ન બનાવું ને?'

અવિરત તરત બોલ્યો : 'હા હા, સાંજે જમવાની સહેજ બી ઇચ્છા નથી.' પત્ની મલકી, તરત છલકી : 'અને કાલે?'

એણે કહ્યું : 'કાલેને? હં...કાલે? કાલની વાત કાલે!' એ કપ તરફ જોઈ રહ્યો. મનમાં થયું : આવતી કાલની વાત આવતી કાલે...પણ આ-વતી કાલની વાત કઈ? વાત તો આજની જ ને? અથવા ગઈ કાલની, અથવા રોજરોજની! કાલે નહિ જમે તો પરમ દિવસે પણ જમ્યા વિના ક્યાં ચાલવાનું છે? પાણી ય પીવું પડશે. લૅટ્રીન જવું પડશે, કપડાં પહે-રવાં પડશે. સૂઈ જવું પડશે, પછી જાગવું પડશે. પછી સાંભળવું પડશે. અથવા સાંભળીને પછી જોવું પડશે. અથવા જોતાં-સાંભળતાં વઘારની વાસ લેવી પડશે. ઑફિસનાં પગથિયાં ચડવાં પડશે, ફરી ઊતરવાં પડશે. લખવું પડશે. રોડ ક્રૉસ કરતાં બન્ને બાજુ જોવું પડશે. કોઈનો કાગળ વાંચવો પડશે. પાડોશી મલકશે તો સામે ખોટું પણ હસવું પડશે. બસમાં બાજુની બેઠક આપવા સહેજ ખસવું પડશે. કોઈની સાથે લડવું પડશે. કોઈના પગે પડવું પડશે...બહારગામ જવું પડશે. ચશ્માંના નંબર કઢાવવા પડશે. પત્ની સાથે બાગમાં જવું પડશે. બ્રશ કરવું પડશે. નખ ઉતારવા પડશે. ઓશિકું લઈ ને સૂવું પડશે. માંદા પડીને દવા પીવી પડશે. ભીનું શરીર લૂછવું પડશે. ઠંડીમાં ઓઢીને સૂવું પડશે. સૂર્યને જોવો પડશે. ખોટો સર-વાળો સુધારવો પડશે. મીઠાને ખારું કહેવું પડશે. છીંક આવે તો ખાવી પડશે...જીવવું ય પડશે, ને મરવું ય પડશે! સાલો, કોઈ જ વિકલ્પ નથી!

એણે પત્નીના હાથમાંથી ચાનો કપ લઈ લીધો : બોલ્યો : સાંજની રસોઈ બનાવજે.'—અને દવાની જેમ ચા ગટગટાવી ગયો. □

---


અનુસંધાન] કૃત્રિમ ઉપગ્રહ [પૃ. ૨૯૫થી

ઉપયોગિતા ખૂબ વધારે છે. 'એ.ટી.એસ.-૬' નામના સંદેશાવ્યવહાર માટેના જે અમેરિકન ઉપગ્રહનો ઉપયોગ કરીને ભારતનાં ઘણાં ગામડાં-ઓમાં ટેલિવિઝન બતાવી શકાયું. એ ઉપગ્રહનો ભ્રમણકાળ ૨૪ કલાકનો છે અને તેથી તે પૃથ્વીના સંદર્ભમાં લગભગ 'સ્થિર' છે, ભારત માટે તેનો ઉપયોગ કરી શકાય તે હેતુથી તેને તેના મૂળ સ્થાન ઉપરથી આફ્રિકાના વિક્ટોરીઆ સરોવર ઉપર લાવવામાં આવ્યો હતો. (ઑગસ્ટ ૧૯૭૬માં આ કાર્યક્રમ પૂરો થશે પછી તેને કોઈ બીજા સ્થાન ઉપર લઈ જવામાં આવશે.) આ બધાં કાર્ય માટે તેનું માર્ગદર્શન ઉપ-તંત્ર ખૂબ ઉપયોગી છે.

ભ્રમણકક્ષાનો માર્ગ બદલવા માટે ઉપગ્રહને યોગ્ય દિશામાં જરૂરી વેગમાન આપવામાં આવે છે. આ માટે નાના રૉકેટ કે વાયુની ધારનો ઉપયોગ કરવામાં આવે છે. અલબત્ત, આ માટે બહુ જ થોડા બળની જરૂર પડે છે, પણ જો જરૂરથી વધારે બળનો ઉપયોગ થાય તો ભ્રમણ-કક્ષાનો માર્ગ ધાર્યા કરતાં ઘણો વધારે બદલાઈ જાય છે. આ આખા કાર્યના સંચાલન દરમિયાન ભૂમિ-મથક ઉપર અવકાશયાનના માર્ગ વિષે સતત માહિતી મેળવવામાં આવે છે અને જ્યાં સુધી ઇચ્છિત માર્ગ ન મળે ત્યાં સુધી રેડિયો-આદેશના ઉપયોગથી ધીમેધીમે માર્ગ-પરિવર્તન કરાય છે.

(ચાલુ)

# ભારતીય મંદિરોનાં વિવિધ અંગ




લેખક • હરિપ્રસાદ સોમપુરા

જેમની છઠ્ઠી પેઢીના પ્રપિતામહ સૂત્રધાર ગણેશ પ્રાચીન કાળના એક નામાંકિત શિલ્પી થઈ ગયા, અને જેઓ પોતે આજે શિલ્પ-સ્થાપત્યશાસ્ત્રના પારંગત ગણાય છે એ વાસ્તુશાસ્ત્રના વિદ્વાન શ્રી હરિપ્રસાદ સોમપુરાની આ અધિકૃત લેખમાળાને આવકારતાં અમને આનંદ થાય છે. આ નીચેના પ્રાસ્તાવિક લેખ પછી આપણાં પ્રાચીન મંદિરોનાં નાનાંમોટાં વિવિધ અંગ-ઉપાંગોનો ક્રમશઃ વિશદ અને સચિત્ર પરિચય અપાશે, જે, અમને વિશ્વાસ છે કે માહિતીપૂર્ણ અને રસદાયક થઈ પડશે.

ભારતીય શિલ્પ-સ્થાપત્ય હવે તો દુનિયાભરમાં પ્રસિદ્ધ છે. એનાં વાવ-કૂવા, કુંડ, દુર્ગ, તોરણ-દરવાજા, કીર્તિસ્તંભ, ધર્મસ્તંભ, દેવસ્તંભ વગેરે સ્તંભ, ખાંભી-પાળિયા સુધ્ધાં શિલ્પ-સ્થાપત્યની આગવી વિશિષ્ટતાઓ ધરાવે છે; તો એનાં દેવ-મંદિરોની શિલ્પ અને સ્થાપત્યની કળા વળી આગવી જ વિશિષ્ટતાઓ ધરાવે છે. દા. ત. સિમેન્ટ-ચૂના કે લોખંડનો ઉપયોગ કર્યા વગર પણ આપણાં અનેક પ્રાચીન મંદિરો બંધાયાં છે. ત્રણત્રણ મજલાનો રુદ્રમાળ ખાસ ગણતરીપૂર્વકની ગોઠવણીથી એકબીજા સ્તંભો ઉપર ઊભો રહી શકેલો. મોઢેરાના સૂર્યમંદિરમાં પણ ચૂનાનો ઉપયોગ થએલો નથી એમ વિદ્વાનો જણાવે છે. એટલું જ નહિ, સ્થાપત્યશાસ્ત્રોએ લોખંડ વાપરવાની પણ મના કરી છે. મંદિરોનાં મોટાંમોટાં ધાબાં પણ માત્ર પથ્થરોના છાતિયાથી જ આવૃત્ત થએલાં જોવા મળે છે. વળી, તે કાળે મંદિરો જરૂર પડે તો એક સ્થાનેથી ખસેડી અન્યત્ર સલામત જગ્યાએ લઈ જવા માટે 'સાલ પદ્ધતિ'નો ઉપયોગ થતો, જેમાં સમગ્ર મંદિરના વિભાગો છૂટા પાડીને, અન્ય સ્થળે લઈ જઈ ત્યાં ફરી એકબીજા સાથે જોડીને મંદિરનું પુનર્નિર્માણ કરી શકાય એવી રચના પણ થતી.

આ હકીકત કાલ્પનિક નથી. આજે યે ઘણાં મંદિરના વિવિધ વિભાગોનું ઘડતર મંદિરના સ્થળથી ઘણે દૂર પણ થાય છે. જેમ કે મકરાણામાં જ્યાં આરસની ખાણો છે ત્યાં આરસના, તેમજ ધ્રાંગધ્રામાં જ્યાં રેતિયા પથ્થર (સૅન્ડ સ્ટોન)ની ખાણો છે ત્યાં 'ધ્રાંગધ્રા પથ્થર'ના અમુક વિભાગો ઘડાય છે, ને પછી જ્યાં મંદિર રચવાનું હોય ત્યાં લઈ જઈને એ વિભાગોને જોડી દેવાય છે. ચાફળનું રામમંદિર અને સંગમનેરનું પાર્શ્વનાથ મંદિર એનાં ઉદાહરણો છે. એટલું જ નહિ પિટ્સબર્ગમાંનું શ્રી વેંકટેશ્વરનું અને ન્યૂ યૉર્કમાંનું શ્રી ગણેશ મંદિર, આંધ્રમાં ઘડાઈ રહ્યાં છે જે કામ પૂરું થયે આપણા સ્થપતિઓ એને ત્યાં લઈ જઈને જોડી દઈને એ મંદિરો ઊભાં કરશે.

તારંગા, કુંભારિયા, રાણકપુર, દેલવાડા, પાલીતાણા, મોઢેરા, ખજૂરાહો, હળેબિડ અને બેલૂર વગેરે અનેક સ્થળોનાં મંદિરોમાં ભારતીય શિલ્પ-સ્થાપત્યની પરંપરા વિદેશી પર્યટકોના આકર્ષણનું કેન્દ્ર ગણાય છે અને દર વર્ષે એના દ્વારા દેશને લાખોનું વિદેશી હૂંડિયામણ મળે છે. આ મંદિરો ઘડનારા શિલ્પીઓના વંશજો આજે પણ ભારતમાં પોતાની પરંપરાગત કલા જાળવી રહ્યા છે. પોતાની પાસે બચેલા પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોના આધારે આ શિલ્પીઓ હજુ એ પરંપરિત રીતે મંદિરનિર્માણ કર્યે જાય છે. આ શિલ્પીઓ સોમપુરા, મહાપાત્ર–મહારાણા, વિરાટ, આચાર્ય, જાંગડ, ગૌડ વગેરે નામે ઓળખાય છે.

## પ્રાચીન ગ્રંથો

દેવમંદિરના નિર્માણ સંબંધી વાસ્તુશાસ્ત્રને લગતા સંખ્યાબંધ પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો હજી યે સચવાએલા છે. આ ગ્રંથોમાં મંદિર ક્યાં બાંધવું, કઈ દિશામાં એનું મુખ રાખવું, ગર્ભગૃહ કેવું ને કેટલું મોટું બનાવવું વગેરે દરેક વિગત વર્ણવવામાં આવેલી જોવા મળે છે. મંદિરનું નિર્માણ ક્યારે, ક્યા મુહૂર્તમાં આરંભવું (જ્યોતિષ), મંદિરનું સ્થાન ક્યાં પસંદ કરવું (ભૂમિપરીક્ષા), મંદિર કેટલું ઊંચું, લાંબું, પહોળું રચવું (માન-પ્રમાણ) કાષ્ઠ, પથ્થર, ચાંદી, સોનું, વગેરે ક્યા પદાર્થોનો ક્યાં કેવો ઉપયોગ કરવો (વાસ્તુ-દ્રવ્ય), તેમ જ મંદિરની રચના ક્યા પ્રકારની કરવી (પ્રાસાદ-જાતિ) ઇત્યાદિ વિષયોનાં વિગતવાર પ્રકરણો આ શિલ્પગ્રંથોમાં મળે છે.

મંદિર–નિર્માણમાં માત્ર ધાર્મિકતા જ નહિ, પરંતુ ગાણિતિક ચોકસાઈ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ પણ સમાએલી છે. આ અંગે જ્યોતિષ, ખગોળ, ગણિત, વિજ્ઞાન, સૌંદર્યશાસ્ત્ર અને કળાનો અજબ સુમેળ આ ગ્રંથોમાં જોવા મળે છે. વાસ્તુશાસ્ત્ર સંબંધી આ ગ્રંથો વિવિધ કાળે લખાયેલા હોઈ એમાં અમુક અંશે આકાર-પ્રકાર પરત્વે પ્રાદેશિક ભિન્નતા પણ જોવા મળે છે. ક્ષીરાર્ણવ, દીપાર્ણવ, વૃક્ષાર્ણવ, વાસ્તુવિદ્યા, વાસ્તુસાર, વાસ્તુશાસ્ત્ર કારિકા, વાસ્તુમંડન, વાસ્તુ કૌસ્તુભ, વાસ્તુ રત્નતિલક, વાસ્તુ પ્રદીપ, વિશ્વકર્માપ્રકાશ, બિડાયા પ્રાસાદતિલક, સમરાંગણ સૂત્રધાર, અપરાજિત પૃચ્છા, શિલ્પ રત્નાકર આદિ ગ્રંથોમાં મંદિરોનાં વિવિધ અંગ-ઉપાંગો, વિભાગો, પ્રકારો, આકારો, શૈલીઓ વગેરે ઘણું લખાયું છે. જ્યારે મયમતમ્, શિલ્પરત્નમ્, માનસાર, કાશ્યપ શિલ્પ, વાસ્તુવિદ્યા આદિ ગ્રંથોમાં દક્ષિણ ભારતીય સ્થાપત્યશૈલી વર્ણવાઈ છે.

'મત્સ્ય–પુરાણ'માં વાસ્તુશાસ્ત્રના રચયિતા આચાર્યોનાં અઢાર નામો આપ્યાં છે. તે ઉપરાંત બીજાં સાત નામ 'બ્રહ્મસંહિતા'માં છે. 'અગ્નિ પુરાણ'માં અન્ય વધુ પાંચ નામો જણાવ્યાં છે. આ ઉપરાંત સૂત્રધાર, વીરપાલ, સૂ. મલ્લ, સૂ. રાજસિંહ, સૂ. કૌશિક, સૂ. સુખાનંદ, સૂ. ગોવિંદ, સૂ. ગણેશ, સૂ. મંડન, સૂ. ક્ષેતા (ખેતા), સૂ. નાથુજી, પંડિત વાસુદેવ, ઠક્કર ફેરુ, મહારાજા ભોજદેવ, અપરાજિત વગેરે શિલ્પાચાર્યોના ગ્રંથોની હસ્તલિખિત પ્રતો પણ મળી આવેલી છે. આમાં કેટલાંક નામો તો સોમપુરા સ્થપતિઓનાં છે. મંડન, ખેતા, નાથુજી વગેરે ભારદ્વાજ ગોત્રના સોમપુરા શિલ્પી હતા. એમણે ૧૬મી સદીના છિન્નભિન્ન થએલા ગ્રંથોનું સંશોધન કરી, વ્યવસ્થિત કરી આપ્યા. જ્યારે સૂત્રધાર ગણેશ તો આ લખનારના છઠ્ઠી પેઢીએ પ્રપિતામહ હતા.

વિવિધ શિલ્પગ્રંથોમાં પ્રાસાદની વિવિધ જાતિઓનાં નામો આપ્યાં છે. એમાંથી નાગર, દ્રવિડ, વલભી, વિમાનક, મિશ્રક, વરાહ, સાંધાર,

ભૂમિજ, વિમાન નાગર, વિમાન પુષ્પક, લતિન, ફાંસનાકાર, સિંહાવલોકન અને રથારૂહ, એ ૧૪ જાતિઓ પ્રસિદ્ધ છે. 'ક્ષીરાર્ણવ', 'જ્ઞાનરત્નકોષ' અને 'ધાસ્તુરાજ'માં આ ચૌદે પ્રકારો વર્ણવ્યા છે. જ્યારે 'અપરાજિત પૃચ્છાકારે' તો આ ચૌદે જાતિઓનું ચાર અધ્યાયોમાં વિગતે વર્ણન કર્યું છે. મંડને માત્ર આઠ જ જાતિઓને શ્રેષ્ઠ ગણાવી છે. 'લક્ષણ સમુચ્ચય'માં માત્ર છ પ્રાદેશિક અને બે ફાંસનાકાર પ્રકારો જ વર્ણવ્યા છે, જ્યારે 'સમરાંગણ સૂત્રધાર'માં સંક્ષેપમાં પાંચ પ્રકારો જ વર્ણવ્યા છે.

મંદિરની શોભા માટે કયાં કયાં અલંકરણો હોવાં જોઈએ તે વિષે ઘણા ગ્રંથકર્તાઓએ લખ્યું છે. એમાં ૧૯મી સદી પહેલાંનો સંસ્કૃતનો જ્ઞાતા સ્થપતિ સૂ. વીરપાલ 'બિડાયા પ્રાસાદતિલક'માં જણાવે છે કે, '...પગથિયાં વિવિધ પ્રકારનાં, ત્યાં બે સુંદર હાથણીઓ તથા સ્તંભ અને તોરણથી આવૃત્ત મંદિર હોવું જોઈએ.' વળી કહે છે કે, 'શિખરનું નિર્માણ એવી રીતે થવું જોઈએ કે તેનું સુંદર રૂપ જોતાં જ એ ચિત્તમાં વસી જાય. ઘુમ્મટના વિવિધ રૂપ-થરમાં અપ્સરા, દેવાંગના, દેવચરિત્રો, તેમ જ નરનારીનાં વિવિધ સ્વરૂપો સાથે કામદેવની લીલા પણ કંડારવી.' આપણે આ લેખમાળામાં મંદિરનાં એ વિવિધ અંગ-ઉપાંગોની ઓળખ કરીશું.

## મંદિરનાં અંગ-ઉપાંગ

ડૉ. ભાગચંદ્ર જૈનના મતે કલચૂરિ શાસકોના સમયમાં પંચાયતન શૈલીનો પ્રારંભ થયો. ગુર્જર-પ્રતીહારોના કાળે મંદિરમાં એક જ મંડપ રચાતો. હવે તેમાં અર્ધમંડપનો ઉમેરો થતાં ગર્ભગૃહ, પ્રદક્ષિણા-પથ, અંતરાલ, મહામંડપ ને અર્ધમંડપ એ પાંચ ભાગો (આયતનો)ની પંચાયતન શૈલીને જ શિલ્પશાસ્ત્રો અનુસાર મંદિરનું પૂર્ણરૂપ ગણવામાં આવે છે. સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે મુખ્ય મંદિરની ચારે બાજુ ચાર લઘુમંદિરોની યોજના હોય એ પંચાયતન. પરંતુ, અહીં મંદિરોનાં પાંચ વિવિધ અંગોને પંચાયતન તરીકે ઓળખવા જણાવ્યું છે.

'ક્ષીરાર્ણવ'માં મંદિરની રચનાને દેવ સ્વરૂપે કલ્પવાનું કહ્યું છે. એ રીતે પાયાની શિલાને પગ, ગર્ભગૃહને પેટ, પાયા ઉપરની જગતીને જંઘ, સ્તંભોને ઢીંચણ, મંદિરના ઘંટને જીભ, દીપકને પ્રાણ, પ્રનાલ (પરનાળ-જલમાર્ગ)ને ગુદા, પીઠિકાને હૃદય અને પ્રતિમાને પુરુષ રૂપે ગણાવી આગળ નોંધ્યું છે કે, દ્વારના કુંભીના તળથી નીચેનો ભાગ લિંગ રૂપે, શિખરનો, શુકનાસ એ નાસિકાગ્ર, ગવાક્ષ કે ઝરૂખા કાન, શિખરના સ્કંધ તે ખભા, આમલસાળાનું ગળું તે કંઠ, કલશ તે મસ્તક, ધ્વજા તે કેશ, ચૂનાનો લેપ તે ત્વચા, પથ્થર તે હાડ, અને ખીલા-પાટ-ફૂકરા તે સ્નાયુ રૂપે અને શૃંગ-શિખરીઓને ચક્ષુ રૂપે ગણાવ્યાં છે.

આ રીતે પુરુષના અવયવો સાથે મંદિરના વિભાગો કલ્પવાથી સામાન્યજનને સમગ્ર મંદિરનાં અંગ-ઉપાંગનો પૂરો ખયાલ આવી જશે; છતાં સંક્ષેપમાં આપણે સાથેના ચિત્ર દ્વારા મેળવી લઈએ. પ્લિંથ લેવલમાં જગતી-જાંગી, પીઠ-'કર્ણપીઠ'નો સમાવેશ થાય છે, જ્યાં અશ્વ, ગજ, હંસ વગેરેની આકૃતિઓવાળા શિલ્પના વિવિધ સ્તર કંડારાય છે. કેટલાંક મંદિરો આવા પાંચ, સાત કે નવ રૂપથરોથી આવૃત્ત હોય છે.

કર્ણપીઠની ઉપર મંદિરની શરૂઆત 'પ્રવેશચોકી'થી થાય છે. પ્રવેશચોકીની આગળ મંદિરમાં પ્રવેશવા માટેનાં સોપાન હોય છે. એની બંને બાજુ હાથી કંડારાય છે. પ્રવેશચોકીની ઉપર મંદિરની સન્મુખે 'ગેબલ'-માં મુખ્ય આરાધ્ય દેવનું શિલ્પ કંડારાય છે. સોમનાથના ગેબલમાં આજુબાજુ બ્રહ્મા અને વિષ્ણુની વચ્ચે કેન્દ્રસ્થાને શિવનું શિલ્પ છે.

ચોકી પાસે 'અર્ધ મંડપ'-ખુલ્લો કિંવા બંધ હોય છે. તેને રંગમંડપ, નૃત્યમંડપ કે સભામંડપ પણ કહે છે. આ મંડપ સ્તંભ ઉપર આવૃત્ત હોય છે. ખુલ્લો મંડપ હોય તો એના સ્તંભો દીવાલોથી બંધ કરતા નથી, પરંતુ બંધ મંડપની જેમ એના પર પણ ઘુમ્મટ કે 'સામરણ'નું ઢાંકણ તો હોય જ, જેથી વરસાદ ને તડકાથી તળેનો ભાગ રક્ષાઈ રહે.

તે પછી બંધ મંડપ આવે. તે પણ સ્તંભો અને ઘુમ્મટ સામરણથી આવૃત્ત હોય છે. વધુમાં દીવાલોથી પણ તેને બંધ કરી દેવામાં આવે છે. આ દીવાલોના અંદરના ભાગે રામાયણ, મહાભારત કે મંદિરમાં સ્થાપિત દેવોનાં જીવન વિષયક ઉપસાવેલા શિલ્પપટ્ટ કંડારેલા હોય છે, જ્યારે દીવાલના બાહ્ય ભાગે વિવિધ દેવતાઓનાં શિલ્પો કંડાર્યા હોય છે. આ બંધ મંડપની બંને બાજુએ બે દ્વાર હોય છે. ત્યાં પણ જરૂરિયાત પ્રમાણે મંદિરના અગ્રભાગે હોય છે તેવી ચોકીઓ મૂકવામાં આવે છે.

બંધ મંડપ અને ગર્ભગૃહની વચ્ચે 'કોળી મંડપ' એટલે કે ગર્ભગૃહમાં બિરાજમાન દેવનાં દર્શન કરવા માટેની જગ્યા હોય છે. જૈનો તેને 'ચૈત્યવંદન' કહે છે. અહીંથી પ્રદક્ષિણા-માર્ગ (ભમતી)માં જવાય છે.

'ગર્ભગૃહ'માં જેનું મંદિર હોય એ મુખ્ય દેવની પ્રતિમા પ્રસ્થાપિત કરેલી હોય છે. ગર્ભગૃહ સન્મુખ સિવાયની ત્રણે બાજુથી બંધ હોય છે. આ ત્રણે બાજુ પર દેવની પ્રદક્ષિણા કરવા માટે 'પ્રદક્ષિણા-માર્ગ' (ભમતી) હોય છે. કેટલાંક મંદિરોમાં તે ઉપરથી ખુલ્લો પણ હોય છે, તો ક્યારેક 'મંડોવર'ની દીવાલોથી તે બંધ થએલો પણ જોવા મળે છે.

ગર્ભગૃહનો બાહ્ય ભાગ અને શિખરની નીચેનો ભાગ તે 'મંડોવર'. આ મંડોવરમાં દિશાના દેવો અથવા નૃત્યાંગનાઓ કંડારવામાં આવે છે. ખજૂરાહોનાં મંદિરોનાં મંડોવરો આવી નૃત્યાંગનાઓની મૂર્તિઓને કારણે પ્રસિદ્ધ છે. મંડોવરમાં રેતિયા પથ્થર (સૅન્ડ સ્ટોન) વપરાય છે.

ગર્ભગૃહની બરાબર ઉપરનો ઊર્ધ્વભાગ તે 'શિખર'. એની ટોચ પર ધ્વજા હોય છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં શિખર પોરબંદરના પથ્થરનાં બનાવવામાં આવે છે, કારણ કે તે પથ્થર પોચો હોઈ કંડારવો સરળ છે વળી વજનમાં પણ એ હલકો હોય છે. કેટલાંક મંદિરમાં શિખરમાં પણ એક નાનું ગર્ભગૃહ કંડારવામાં આવે છે. નાગર શૈલીનાં શિખરો અનેક ઉરુશૃંગો અને નાનીનાની શિખરીઓથી આવૃત્ત હોય છે. એમાં ત્રણે દિશામાં ત્રણ ઝરૂખા હોય છે. ટોચ ઉપર 'આંમલસારો' અને તેના ઉપર 'કળશ' હોય છે. આંબલસારા પાસે 'કલાબો' મૂકી ત્યાં ધ્વજદંડ ભેરવાય છે. જે કળશ કરતાં ઊંચો હોય છે. ધ્વજદંડ પિત્તળનો હોય છે, ક્યારેક કળશની જેમ તેના ઉપર પણ સોનાનો ઢોળ ચડાવવામાં આવે છે.

શિખરની સામે જ પહેલે માળે મંડપની ઉપર ગોળ ઘુમ્મટ કિંવા સામરણનો બાહ્યભાગ દેખાય છે. જેના આંતરિક ભાગમાં વિવિધ પ્રકારની નકશી હોય છે. ઘુમ્મટ અને સામરણની ટોચ ઉપર પણ કળશ હોય છે. માત્ર શિખરની જેમ અહીં ધ્વજા હોતી નથી.

મંદિરનાં આ મુખ્ય અંગો ઉપરાંત કેટલાક ભાગો શૃંગાર માટે કંડારવામાં આવે છે. દા. ત. ઝરૂખો, કઠોડો—કક્ષાસન, ગવાક્ષ, તોરણ, સ્તંભ, દ્વારનાં સુશોભનો, ભગવાનની મૂર્તિ ફરતે અલંકૃત પરિકર, જલમાર્ગ (પ્રનાલ, મકરમુખ) દિશાના દેવો, દિક્પાલો, નૃત્યાંગનાઓ, પ્રાણીશિલ્પો, રૂપથર વગેરે. હવે પછી આપણે ક્રમશઃ મંદિરનાં આ બધાં મુખ્ય અંગોનો પરિચય કરીશું.

---

### શતરંજના કોયડાનો ઉકેલ (પૃ. ૩૧૦)

ચાવીની ચાલ 1 Rd5! : ધમકી : 2Qd4.

વિકલ્પો : 1...Qb4; 2 Pf5; 1..., Qc5; 2 GE5, 1...Gf3; 2 R×E4; મૂળ સ્થિતિમાં જો કાળાની ચાલ હોત તોપણ ઉપરની ચાલના જવાબમાં સફેદ મ્હાત કરી શકે તેમ છે. જુઓ : 1..., Qb4; 2 ER×E4; 1..., Qc5; 2 Pf5; 1..., Gf3; 2GE5. મૂળ સ્થિતિમાં તેમ જ ચાવીની ચાલ પછી મ્હાત તે જ છે, પણ તેમાં ક્રમિક ફેરફાર થાય છે. આને Cyclic Shift કહે છે. આ મજાના કોયડાને ૧૯૬૩ની 'BcM' ની કોયડા રચવાની સ્પર્ધામાં fairy વિભાગમાં પ્રથમ ઈનામ મળ્યું હતું.



'આર્યભટ'ના તળનો ભાગ (અંદરથી), જેમાં ચાકતંત્ર માટે ટાઈટેનિયમ-ની મિશ્ર ધાતુના છ ગોળા દેખાય છે.

# કૃત્રિમ ઉપગ્રહ

## [૨]

—ડૉ. પરંતપ પાઠક—

આ લેખમાં આપણે મુખ્યત્વે દિશા-નિયંત્રણ, પરિસ્થિતિ-નિયંત્રણ અને ઉપગ્રહના માર્ગદર્શન ઉપતંત્ર વિષે ચર્ચા કરીશું. અમુક કારણોસર ઉપગ્રહને પૃથ્વી કે અવકાશના સંદર્ભમાં કોઈ એક ચોક્કસ દિશા તરફ રાખવાની જરૂર પડે છે. દાખલા તરીકે ઉપગ્રહમાં પૃથ્વીની છબી લેવા માટે કૅમેરા હોય તો તે કૅમેરા પૃથ્વી તરફ રાખવો જોઈએ. વળી, ખગોળશાસ્ત્રના અભ્યાસ માટેના દૂરબીનને અવકાશમાં અમુક દિશા તરફ રાખવું જોઈએ. આવું બધું કાર્ય ઉપગ્રહના દિશા-નિયંત્રણ ઉપ-તંત્રની મદદથી કરી શકાય છે.

દિશા-નિયંત્રણ માટે સહુથી સહેલો ઉપાય ઉપગ્રહને ચાક આપવાનો છે. જે રીતે ખૂબ ચાક લેતો ભમરડો પોતાની ધરી ઉપર સ્થિર રહે છે, તે જ રીતે ઉપગ્રહને જરૂરી ચાક આપવાથી તેની ચાક-ધરી અમુક ચોક્કસ દિશામાં સ્થિર રાખી શકાય છે. આ રીતે સ્થિર કરાએલો ઉપગ્રહ ચાક-સ્થિત (Spin stabilized) ઉપગ્રહ કહેવાય છે. આપણી આ પૃથ્વીને પણ આપણે સૂર્યનો ચાક-સ્થિત ગ્રહ કહી શકીએ; કારણ કે સૂર્યની પ્રદક્ષિણા કરતી પૃથ્વી પણ પોતાની ઉત્તર-દક્ષિણ ધરી ઉપર ચાક લે છે અને પરિણામે આ ધરી હંમેશાં ધ્રુવના તારાની દિશામાં જ રહે છે. (અલબત્ત, આ દિશામાં બહુ જ લાંબા સમયે સૂક્ષ્મ પરિવર્તન થાય છે, જે લગભગ નહિવત્ હોવાથી નકારી શકાય.) ઉપગ્રહને ચાક આપવા માટે ઉપગ્રહમાં ભારે દબાણથી વાયુ ભરેલાં પાત્ર રાખવામાં આવે છે. બે સામસામી બાજુએથી વિરુદ્ધ દિશામાં આ વાયુની ધાર છોડવાથી એના પ્રત્યાઘાત રૂપે ઉપગ્રહને ચાક મળે છે. આર્યભટના ચાક-તંત્ર માટે ભારે દબાણથી નાઈટ્રોજન વાયુ ભરેલા ટાઈટેનિયમની મિશ્ર ધાતુના છ ગોળા રાખવામાં આવ્યા છે. આ આખું ચાક-તંત્ર રશિયા તરફથી મળ્યું છે.

પૃથ્વીથી ૫૦૦-૬૦૦ કિ. મી.ની ઊંચાઈએ વાતાવરણ અત્યંત પાતળું હોય છે, અર્થાત્ લગભગ સંપૂર્ણ શૂન્યાવકાશ હોય છે. તેમ છતાં આ અત્યંત પાતળા વાતાવરણ સાથેના સૂક્ષ્મ ઘર્ષણને લીધે તથા ઉપગ્રહ અને પૃથ્વીના ચુંબકીયક્ષેત્ર વચ્ચેની ભૌતિક પ્રક્રિયાને પરિણામે ઉપગ્રહનો ચાક ધીમેધીમે ઘટતો જાય છે. આ ઘટાડો શરૂઆતમાં વધારે હોય છે, પણ જેમ જેમ ચાક ઘટતો જાય છે તેમ તેમ આ ઘટાડો બહુ જ ઓછો થઈ જાય છે. ચાક ઓછો થતાં ભમરડો જે રીતે ડોલવા લાગે છે તે જ રીતે ઉપગ્રહ પણ એનો ચાક ઓછો થઈ જાય ત્યારે ડોલવા લાગે છે અને પરિણામે તેની ચાક-ધરી કોઈ ચોક્કસ દિશામાં ન રહેતાં તે દિશાની આસપાસ વર્તુળમાં ફરે છે. આ પરિસ્થિતિમાં ભૂમિ-મથક ઉપરથી રેડિયો-આદેશ મોકલીને ઉપગ્રહનો ચાક વધારી શકાય છે. ચાક ઓછો હોય ત્યારે ઉપગ્રહ બહુ ન ડોલે તે માટે આર્યભટમાં એક સાધન 'ન્યુટેશન ડૅમ્પર' (Nutation Damper) રાખવામાં આવ્યું છે.

ચાક-સ્થિત ઉપગ્રહ માટે તેના વજનનું સંપૂર્ણ સમતુલન ખૂબ અગત્યનું છે. સમતુલનમાં થોડી પણ ક્ષતિ હોય તો ઉપગ્રહ ડોલવા લાગે છે અને તેની દિશા-સ્થિતિમાં ત્વરિત પરિવર્તન થાય છે. ઉપગ્રહને ચાક આપવાથી બીજો એક લાભ એ પણ મળે છે કે ઉપગ્રહની બહારની સમગ્ર સપાટી એકસરખા પ્રમાણમાં સૂર્યની ગરમી મેળવે છે અને તેને લીધે બહારની સપાટીનો કોઈ પણ ભાગ વધુ ગરમ કે વધુ ઠંડો થતો નથી.

આર્યભટ ભ્રમણકક્ષામાં મુકાયો તે પહેલાં બધાં ભૌતિક પરિબળોની અસરનું અનુમાન કરીને કરેલી ગણતરી ઉપરથી એમ લાગતું હતું કે એક ગોળામાંનો બધો વાયુ વાપરવાથી મળતો ચાક લગભગ એક મહિનામાં ઓછો થઈ જશે, અને એટલે વારંવાર ચાક આપવા માટે છએ ગોળામાંનો બધો વાયુ લગભગ છ મહિનામાં વપરાઈ જશે. આ રીતે આર્યભટનું ઉપયોગી આયુષ્ય લગભગ છ મહિનાનું આંકવામાં આવ્યું હતું. હકીકતમાં આમ બન્યું નથી, કારણ કે આર્યભટની શરૂઆતની ૫૦ ચક્ર/મિનિટની ચાક-માત્રાને ૫ ચક્ર/મિનિટ સુધી ઘટતાં અગિયાર મહિના જેટલો લાંબો સમય લાગ્યો. આ હિસાબે, આર્યભટનું ઉપયોગી આયુષ્ય છ મહિના કરતાં ઘણું વધારે રહેશે એમ લાગે છે. *સૈદ્ધાંતિક ગણતરી અને અવલોકન વચ્ચે આટલો મોટો ફેરફાર હોવા માટે નીચેનાં કારણો જવાબદાર હોઈ શકે: કરેલાં અનુમાન ખોટાં હોઈ શકે—ખાસ કરીને વાતાવરણ સાથેના ઘર્ષણ વિષેનું અનુમાન; અને બીજું, આર્યભટની રચનામાં ચુંબકીય પદાર્થ બની શકે તેટલા ઓછા પ્રમાણમાં વપરાયા હોવાથી પૃથ્વીના ચુંબકીયક્ષેત્ર સાથેની ભૌતિક પ્રક્રિયા દ્વારા થતી અસર ધાર્યા કરતાં ઘણી ઓછી હોવી જોઈએ.

પૃથ્વી પરના ભૂમિમથક દ્વારા ઉપગ્રહની ચાકમાત્રા વિષે માહિતી મેળવી શકાય છે. આ ઉપરાંત ઉપગ્રહમાં રાખેલાં બીજાં દિશાસૂચક યંત્રોની મદદથી ઉપગ્રહની ચાક-ધરી અને સૂર્યની દિશા વચ્ચેનો કોણ તથા પૃથ્વીના ચુંબકીયક્ષેત્રની દિશા જાણી શકાય છે. આ બંને માહિતી દ્વારા કોઈ પણ સમયે ઉપગ્રહની દિશા-સ્થિતિ નક્કી કરી શકાય છે.

અવકાશની ભૌતિક પરિસ્થિતિ સામે ઉપગ્રહને રક્ષણ આપવું ખાસ જરૂરી છે. આપણે ગયા લેખમાં જોયું કે ઉપગ્રહનું કલેવર વિકિરણ અને સૂક્ષ્મ ઉલ્કાપાતના મારા સામે પૂરતું રક્ષણ આપે છે. આમ છતાં પૃથ્વીની આસપાસ ભ્રમણકક્ષામાં ઘૂમતા ઉપગ્રહની બહારની સપાટી સૂર્યની ગરમીથી લગભગ ૧૦૦° સે. જેટલી ગરમ થઈ જાય છે અને ઉપગ્રહ જ્યારે પૃથ્વીના અંધારા ભાગ તરફ હોય છે ત્યારે તેની બહારની સપાટી શૂન્યથી નીચે ૧૩૦° સે. જેટલી ઠંડી થઈ જાય છે. ઉષ્ણતામાનમાં થતા આવા અસામાન્ય ફેરફારથી ઉપગ્રહની અંદર મૂકેલાં નાજુક વિજ્ઞાણુયંત્રોને નુકસાન ન થાય તે રીતે ગરમીનું નિયંત્રણ કરવું ખાસ જરૂરી છે. ઉપરાંત, આ બધાં વિજ્ઞાણુ-યંત્રો, તેમનામાંથી પસાર થતા વિદ્યુતપ્રવાહને લીધે, વધતાઓછા અંશે ગરમ થાય છે. આ ગરમી પણ દૂર કરવી જરૂરી છે. આ બધું કાર્ય ઉપગ્રહના પરિસ્થિતિ-નિયંત્રણ ઉપ-તંત્ર દ્વારા થાય છે.

* જૂન ૧૯૭૬ના પહેલા અઠવાડિયામાં આર્યભટનો ચાક ઘટીને લગભગ ૩ ચક્ર/મિનિટ થયો ત્યારે શ્રીહરિકોટાના ભૂમિ-મથક ઉપરથી રેડિયો-આદેશ આપીને આર્યભટને ફરી વખત ચાક આપવામાં આવ્યો, જેથી ચાકનું મૂલ્ય વધીને લગભગ ૫૮ ચક્ર/મિનિટનું થઈ ગયું. અત્યારે આ ચાક ઝડપથી ઘટતો જાય છે.

## આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૭ · જલોદર

ઢોલ જેવા પેટ સાથેનો બીમાર માણસ તુરત જ જલોદરના દર્દી તરીકે ઓળખાઈ જાય છે. જલોદરમાં ઉદરપ્રદેશની ચામડી અને માંસની વચ્ચે જળનો સંચય થાય છે. આ ઉપરાંત, (૧) પેટ મોટું (ઊપસેલું) અને તેના ઉપર ભૂરી શિરાઓ ઊપસેલી દેખાશે. (૨) નાભિ બહારની તરફ નીકળી ગઈ હશે. (૩) ઉદરની ચામડી સુંવાળી અને પાતળી લાગશે. (૪) પેટને હાથ લગાડી જોતાં પાણી ભરેલી મશક જેવું લાગશે, ને તેના ઉપર આંગળીથી ટકોરો મારતાં પાણીનો સંચાર થતો જણાશે. (૫) ભૂખ ઓછી અને તરસ વધુ લાગશે. (૬) મૂત્રપ્રવૃત્તિ ઓછી થશે તથા મળ સાફ નહિ આવે. (૭) ચાલવામાં ને ઊઠતાંબેસતાં મુશ્કેલી પડશે. (૮) મોઢું અને ચામડી ફિક્કાં પડી જઈ ચહેરો નિસ્તેજ લાગશે ને રોગ વધી ગયો હશે તો પગ ઉપર સોજા ચડશે.

રોગની શરૂઆત હશે તો નીચેના ઉપચારથી આરામ થશે. પણ વધી ગયા પછી 'ટૅપિંગ' દ્વારા પાણી કઢાવી નાખવું જોઈએ. તે પછી આ ઉપચાર કરવાથી ફરીથી જલ સંચિત થશે નહિ.

૧) મૂત્ર માર્ગે જળનું વિસ્રાવણ કરવા પુનર્નવા (સાટોડી)-નો રસ પીવો. તેની તૈયાર બનાવટો પુનર્નવા મંડુર, પુનર્નવાષ્ટક ક્વાથ કે પુનર્નવારિષ્ટ પણ વાપરી શકાય. આનાથી પગના સોજા ઊતરશે. ૨) કબજિયાત દૂર કરવા તથા મળ વાટે જલીયાંશ ઓછો કરવા ઇચ્છાભેદી રસ, અશ્વકંચુકી રસ કે અભયાદિ મોદક-નો ઉપયોગ કરવો. ૩) મોટે ભાગે જલોદરમાં યકૃત (લીવર) અને બરોળ (સ્પ્લીન)ની થોડીઘણી વૃદ્ધિ કે દુષ્ટિ થાય છે. તેને દૂર કરવા આરોગ્યવર્ધિની રસ શરપંખાના ઉકાળા સાથે લેવો. ૪) જલોદર માટે જલોદરારિ રસની ખાસ બનાવટ છે. તે મૂત્ર તથા મળ-પ્રવૃત્તિ વાટે જળને બહાર કાઢે છે. ૫) ગોમૂત્ર જલોદરમાં શ્રેષ્ઠ છે. દરેક વખતે ગાયનો તાજો પેશાબ ગ્લાસ ભરીને પી જવો. ગોમૂત્ર લેવાનું ન ફાવે તો ગોમૂત્રક્ષાર બજારમાં મળે છે તે લેવો. આટલા પ્રયોગ નિત્ય-નિયમિત અને લાંબા સમય સુધી કરવા જોઈએ. સાથેસાથે નીચેનું પથ્યપાલન પણ જરૂરી છે જ :

(૧) પાણી પીવાનું સદંતર બંધ કરવું. (૨) તે જ રીતે ખોરાકમાં મીઠું (નમક) વાપરવું નહિ. (૩) રોગ વધી ગયો હોય તો બધા જ પ્રકારનો આહાર બંધ કરવો. (૪) આહારમાં માત્ર બકરીનું, અને એ ન મળે તો ગાયનું દૂધ ઉકાળીને ઠારીને પીવું. (૫) માખણ કાઢી લીધેલી મોળી તાજી છાશ પી શકાય. (૬) રોગ ઓછો હોય તો મીઠા વગરનો હલકો ખોરાક ખાવો. (૭) પથારીમાં સંપૂર્ણ આરામ કરવો, મુસાફરી કરવી નહિ, કોઈ કામ કરવું નહિ અને બ્રહ્મચર્ય પાળવું. (૮) તેલ, શાક, કઠોળ, મિષ્ટાન્ન વગેરે બંધ કરવાં.

**વૈદ્ય નવીનભાઈ ઓઝા**

અમુક નક્કી કરેલી ભ્રમણકક્ષામાં, ઉપગ્રહ અને સૂર્યની જુદીજુદી સાપેક્ષ સ્થિતિ માટે ઉપગ્રહના જુદાજુદા ભાગનું ઉષ્ણતામાન કેવી રીતે બદલાશે તે ગણતરી દ્વારા શોધી શકાય છે. આ ગણતરી ઉપરથી જો એમ માલૂમ પડે કે ઉપગ્રહની અમુક જગ્યા ઉપરનું ઉષ્ણતામાન બહુ વધારે અથવા બહુ ઓછું થાય છે, તો તે માટે યોગ્ય ઉપાય કરવામાં આવે છે. ઉપગ્રહમાં ઉષ્ણતા-નિયંત્રણ મુખ્ય બે પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે : 'નિષ્ક્રિય' (Passive) અથવા 'સક્રિય' (Active), નિષ્ક્રિય પદ્ધતિમાં ફક્ત પદાર્થના ઉષ્માકીય ગુણધર્મોનો ઉપયોગ કરીને ઉષ્ણતા-નિયંત્રણ થાય છે, જ્યારે સક્રિય પદ્ધતિમાં આ ગુણધર્મોના ઉપયોગ સાથે સ્વયં-સંચાલિત રીતે યાંત્રિક કે બીજા કોઈ પ્રકારે ઉષ્ણતા-નિયંત્રણ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે પાણીનું માટલું અને થરમૉસ ફ્લાસ્ક એ બંને નિષ્ક્રિય પદ્ધતિ વડે ઉષ્ણતા-નિયંત્રણ કરે છે, જ્યારે રેફ્રીજરેટર સક્રિય પદ્ધતિ વડે ઉષ્ણતા-નિયંત્રણ કરે છે.

કોઈ પણ પદાર્થ ત્રણ રીતે—એટલે કે ઉષ્ણતાવહન, ઉષ્ણતાનયન અને ઉષ્ણતાગમન દ્વારા ગરમી મેળવી કે ગુમાવી શકે છે, આમાંની પહેલી બે રીતમાં પદાર્થની આજુબાજુ કોઈ માધ્યમ હોવું જરૂરી છે, જે માધ્યમ દ્વારા ઉષ્ણતાની આપ-લે થાય છે. આની સરખામણીમાં ત્રીજી રીતમાં કોઈ માધ્યમ વગર પણ પદાર્થ ગરમી મેળવી કે ગુમાવી શકે છે. ઉપગ્રહની ભ્રમણકક્ષાની ઊંચાઈએ વાતાવરણ અત્યંત પાતળું (અથવા લગભગ સંપૂર્ણ શૂન્યાવકાશ) હોવાથી ઉપગ્રહમાં ગરમીનું નિ-યંત્રણ મુખ્યત્વે ઉષ્ણતાગમન દ્વારા જ શક્ય બને છે. ઉપગ્રહમાં નિષ્ક્રિય પદ્ધતિ વડે ઉષ્ણતા-નિયંત્રણ કરવામાં પદાર્થના બે ઉષ્માકીય ગુણધર્મો–'ઉષ્ણતા–શોષણશક્તિ' અને 'ઉષ્ણતા–ઉત્સર્જનશક્તિ'—ભૌતિક દૃષ્ટિએ ઉપયોગી થાય છે. અમુક પદાર્થ ઉપર યોગ્ય ઉપચાર કરવાથી (દા. ત. પૉલિશ કરવું, ઑક્સાઈડનું પડ ચડાવવું વગેરે) તેના આ બે ગુણધર્મો-માં વધતા ઓછા અંશે સુધારો કરી શકાય છે. આ ઉપરાંત, પદાર્થ ઉપર સફેદ કે કાળો રંગ કરવાથી પણ આ બંને ગુણધર્મો અસરકારક રીતે સુધારી શકાય છે. આપણે જાણીએ છીએ કે સફેદ રંગ ગરમીનું શોષણ બહુ જ ઓછા પ્રમાણમાં કરે છે, જ્યારે કાળો રંગ પુષ્કળ પ્રમાણમાં ગરમી શોષે છે. ઉનાળાના તાપમાં સફેદ કપડાં અને સફેદ છત્રીના ઉપ-યોગથી આપણને ગરમી ઓછી લાગે છે તે આપણે સારી રીતે જાણીએ છીએ. આમાં સફેદ રંગની વધારે ઓછી ઉષ્ણતા શોષણશક્તિનો આપણે જાણ્યે-અજાણ્યે ઉપયોગ કરીએ છીએ. એ જ રીતે ગરમીની મોસમમાં ભેંસ કે હિપોપોટેમસ પાણીમાં રહેવું વધારે પસંદ કરે છે તે પણ કાળા રંગની ખૂબ વધારે ઉષ્ણતા શોષણશક્તિને જ આભારી છે.

ઉપગ્રહમાં જરૂરીઆત પ્રમાણે જુદી જુદી જગ્યા ઉપર સફેદ કે કાળા રંગનું પડ ચડાવવાથી જોઈતું ઉષ્ણતા-નિયંત્રણ કરી શકાય છે. અલબત્ત, આ રંગ શૂન્યાવકાશની પરિસ્થિતિમાં લાંબા સમય સુધી વિપરીત અ-સર વગર કામ આપી શકે તેવા હોવા જોઈએ. આર્યભટમાં જરૂરીઆત પ્રમાણે કાળા અને સફેદ રંગનો ઉપયોગ કરીને નિષ્ક્રિય પદ્ધતિ વડે ઉ-ષ્ણતા-નિયંત્રણ કરવામાં આવ્યું છે. આર્યભટની અંદર મૂકવામાં આવેલાં બધાં જ વિજ્ઞાન-ઉપકરણોની પેટીની બહારની સપાટી ઉપર સફેદ રંગનું પડ ચડાવવામાં આવ્યું છે. જ્યારે આર્યભટની બહારની સપાટી ઉપર કાળા રંગનું પડ ચડાવવામાં આવ્યું છે. આ ખાસ પ્રકારના રંગ સોવિયેત રશિયા તરફથી મળેલા છે. આ ઉપરાંત, આર્યભટમાં ઉષ્ણતા નિયંત્રણ માટે અવાહક પદાર્થોનો પણ યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ રીતે કરેલું ઉષ્ણતા-નિયંત્રણ ઘણું જ અસરકારક પુરવાર થયું છે. આર્ય-ભટની બહારની સપાટીનું ઉષ્ણતામાન ઘણું મોટું પરિવર્તન બતાવે છે, પરંતુ કલેવરની અંદરનું ઉષ્ણતામાન શૂન્યથી ૪૦° સે. સુધીના ગાળામાં જ રહે છે અને પરિણામે બધાં જ વિજ્ઞાન ઉપકરણો સારી રીતે કાર્ય કરી રહ્યાં છે. આર્યભટમાં કુલ ૧૬ જુદી જુદી જગ્યા ઉપર નાજુક ઉષ્ણતા-માપક યંત્રો મૂકેલાં છે, જેની મદદથી એ બધી જગ્યા ઉપરનું ઉષ્ણતા-માન ભૂમિ-મથક ઉપર મળતી માહિતી દ્વારા જાણી શકાય છે.

ઉપગ્રહના માર્ગદર્શન ઉપ-તંત્ર દ્વારા ભ્રમણકક્ષામાં ફરતા ઉપગ્રહનો માર્ગ બદલી શકાય છે. મોટા ભાગના સામાન્ય ઉપગ્રહોમાં સાધારણ રીતે માર્ગદર્શન ઉપ-તંત્રની કોઈ જરૂર હોતી નથી. આર્યભટમાં પણ તેના માર્ગ-દર્શન માટે કોઈ વ્યવસ્થા નથી. પરંતુ અમુક ખાસ પ્રયોજન અર્થે છોડાએલા ઉપગ્રહમાં માર્ગદર્શન ઉપતંત્રનું કાર્ય ખૂબ અગત્યનું બની રહે છે. જેમ કે સ-માનવ ઉપગ્રહને તેની ભ્રમણકક્ષામાંથી મુક્ત કરીને પૃથ્વી ઉપર પાછો લાવવા માટે માર્ગદર્શન ખૂબ જરૂરી છે. એ જ પ્રમાણે કોઈ ગ્રહ કે ચંદ્રની યાત્રા માટેના ઉપગ્રહ કે અવકાશયાન માટે માર્ગદર્શનની (અનુ.પૃ. ૨૯૧)

'વિનોદ'ની નજરે [૫]

કૅરિકેચર 'શિવ'



# શેખાદમ આબુવાલા

લેખક • વિનોદ ભટ્ટ

એક હતો છગન. બીજો લલ્લુ. બંને દોસ્ત. જ્યારે પણ લલ્લુ કોઈ વ્યક્તિની વાત કાઢે ત્યારે છગન એ વ્યક્તિ સાથેના પોતાના પરિચયની, આત્મીયતાની વાત કરે. જેમ કે લલ્લુ મટકા-કિંગ રતન ખત્રીની વાત શરૂ કરે એટલે છગન તરત જ કહે: 'ઝિંદાદિલ ઈન્સાન છે રતન ખત્રી. એને હું ૧૯૭૩ના મેની ૨૯મીએ મળેલો. મારી પાસે તેણે પત્તું ય ખેંચાવેલું.' લલ્લુ અકળાઈ ઊઠે, પણ ગમ ખાઈ જાય. એક વખત ઇન્દિરાજીની વાત નીકળી: 'એમને હું—'

'ગપ્પાં ના માર!' લલ્લુએ છગનને રોકતાં ને ટોકતાં પૂછ્યું: 'ઇન્દિરાજી સાથે તારે સારો પરિચય છે એમ તારું કહેવું છે?'

'હા. કેમ?' 'ખાત્રી કરાવ.'

'ચાલ દિલ્હી.' છગન બોલ્યો. લલ્લુએ બંને જણાની ટિકિટ કઢાવી અને તેઓ દિલ્હી ઊપડયા. છગનને જોતાં જ ઇન્દિરાજી બોલી પડયાં: 'હાઈ છગન!...ભાઈ, કેમ એકાએક? નહિ તાર, નહિ ટપાલ...'

'બસ, નીકળી પડયો, બહેનજી...'

'બહુ સરસ...તું આવ્યો એ બહુ ગમ્યું...આજ કાલ 'બોર' થઈ ગઈ છું, આ કાર્યક્રમોથી...સાંજે સાથે જમીએ.' ઇન્દિરાજીએ કહ્યું.

થતું જોઈએ છતાં ય લલ્લુ ખાસ પ્રભાવિત ના થયો. ઇન્દિરાજી પોતાનાં પ્રજાજનો સાથે આ રીતે જ વાત કરતાં હશે એમ તેણે માન્યું.

'બ્રેઝનેવને તું ઓળખે?' લલ્લુએ પૂછ્યું. 'હા, કેમ?'

'ના હોય.' 'તો ચાલ રશિયા.'

બંને રશિયા ગયા. છગનને જોઈને બ્રેઝનેવની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં: 'તું આવ્યો એ બહુ જ ગમ્યું, કૉમરેડ.' હર્ષનાં આંસુ લૂછતાં બ્રેઝનેવ બોલ્યા: 'તું તારી ભાભી સાથે ગપ્પાં માર. હું જરા એક મિટીંગ ઍડજોર્ન કરીને આવું છું.' છગનની પીઠ પર પ્રેમથી હાથ ફેરવી બ્રેઝનેવ નીકળી ગયા.

એ જ રીતે ભુટ્ટો, ઈદી અમીન, ફૉર્ડ વગેરેની સાથે છગને લલ્લુની મુલાકાત કરાવી આપી. છતાં ય આ બધું લલ્લુને આકસ્મિક જ લાગ્યું. એક દિવસ લલ્લુને થયું, પોપ કોઈને મુલાકાત નથી આપતા; એને છગન નહિ ઓળખતો હોય. પૂછ્યું: 'તું પોપને ઓળખે છે?'

'કદાચ વૅટિકનની બે ટિકિટ!' છગન ઉવાચ. બંને વૅટિકન પહોંચ્યા, એટલે છગને લલ્લુને કહ્યું: 'જો લલ્લુ, અત્યાર સુધી તને હું મારી સાથે બધે લઈ ગયો હતો. પણ અહીં જરા જુદી વાત છે. પોપ કોઈને મળતા નથી એટલે હું એમના મહેલની અંદર જઈશ અને એ જ્યારે લોકોને આશીર્વાદ આપવા બહાર ગૅલેરીમાં આવશે ત્યારે હું એમની સાથે ઊભો હોઈશ એટલે તને ખાતરી થઈ જશે કે હું પોપને ઓળખું છું. મંજૂર?'

'મંજૂર.' ને લલ્લુ પોપનાં દર્શન કરવા ઊમટેલી મેદનીમાં ભળી ગયો.

થોડી વારે પોપ છગનના ખભા ઉપર હાથ મૂકીને ગૅલેરીમાં આવ્યા ત્યારે લલ્લુ સ્તબ્ધ થઈ ગયો! પણ જ્યારે બાજુમાં ઊભેલા એક માણસે એને સવાલ પૂછયો ત્યારે એ લગભગ બેભાન થઈ ગયો! પેલો માણસ પૂછતો હતો: 'હેં ભાઈ, પેલા છગનને ખભે હાથ મૂકીને ઊભા છે એ કોણ છે?'

એ છગનનું બીજું નામ છે શેખાદમ આબુવાલા. ટૉપથી પોપ સુધીના બધા જ આદમને ઓળખે. કોઈ માણસ દસ જિંદગીમાં બનાવી શકે એ કરતાં ય વધુ દોસ્તો આદમે એક જન્મારામાં બનાવ્યા છે. મબલખ મિત્રોની મૂડી ધરાવતો એના જેટલો ધનવાન માણસ મેં બીજો જોયો નથી. મિત્રોની બાબતમાં એ ઓનાસિસ જેટલો શ્રીમંત છે. મિત્રો વિષે જ્યારે પણ વાત નીકળે ત્યારે આદમ ભીના અવાજે કહે છે: 'મારે જો મિત્રો ના હોત તો આજે હું રસ્તે ભટકતો 'શાયર' નહિ, પણ ભટકતો 'ભિખારી' જ હોત.' જો કે આ યે અરધું જ સાચું છે. એ પણ મિત્રોને એવો જ કામ આવ્યો છે. એ જર્મનીમાં હતો ત્યારે યજમાનની ભૂમિકા બહુ જ સારી રીતે ભજવતો. આ તેની 'હૉબી' હતી—છે. કોઈ અજાણ્યો ઓળખીતો જઈ ચડે, રહી પડે ત્યારે તેને ખવડાવે-પીવડાવે, સાથે ફેરવે, પૈસા હોય કે ના હોય (મોટે ભાગે તો ના જ હોય) તો પણ ખેંચાઈને મહેમાનગત કરે—દેવું કરીને ય કરે. ચાર્વાકે કહ્યું છે કે 'દેવું કરીને ય ઘી પીઓ.' આદમ તેનાથી એક ડગલું આગળ વધીને કહે છે: 'દેવું કરીને બીઅર પાઓ ને પીઓ.' જો કે આ તો એ જર્મનીમાં હતો ત્યારની, ગત જન્મની વાત છે. અહીં તો એ ચા, કૉલા કે સિગારેટ જ પાય છે. (જો કે એમાં વાંક એનો નથી, મોરારજીભાઈનો છે.) અચ્યુત યાજ્ઞિકની ભાષામાં કહીએ તો આદમ 'દ્વિજ' છે. એક વાર તે જર્મનીમાં જન્મેલો, બીજી વખત ભારતમાં જન્મ્યો છે. છતાં ગત જન્મના સંસ્કારો હજી ગયા નથી. આજે ય જાણે તે યજમાન થવા જ સર્જાયો હોય તેમ બીજાને ખિસ્સામાં હાથ નથી નાખવા દેતો. બિલ એ જ ચૂકવે છે.

'ગુજરાત સમાચાર'ના મકાન પાસે ઝાડ નીચેની હૉટેલની બહાર ખુરસીઓ નાખીને અમે ચા પીતા બેઠા. આદમને જોઈને પસાર થતા ઓળખીતા-પારખીતા યે 'કેમ છો આદમ?' કહેતા આવે. આદમ બેસાડે. ચા મંગાવે. મેં મનોમન નક્કી કરેલું કે આજે તો આદમને પૈસા નથી જ ચૂકવવા દેવા. (તેણે ય સામે એવું નક્કી કર્યું હશે.) વીસ રૂપિયાની નોટ કાઢી તેણે હૉટેલ-બૉયના હાથમાં પકડાવી દીધા.

'આદમ, આજે તો નહિ જ.' મેં ભારપૂર્વક કહ્યું.

'કેમ?' 'બસ એમ જ.'

'તો એમ કરીએ. આપણા બમાંથી જેની પાસે મોટી રકમ હોય એ બિલ ચૂકવે. મેં ત્રીસની આપી છે. તારી પાસે એકત્રીસની હોય તો કાઢ!'

પૈસાની કાયમની તંગી અનુભવનાર આ માણસ પૈસાને ન દેખાતી છઠ્ઠી આંગળી ગણે છે. પૈસો એને મન બહુ ગૌણ બાબત છે. એ જર્મનીમાં હતો ત્યારે લગભગ ત્રણ હજાર પાંચસો માર્ક કમાતો (એક માર્ક= ચાર રૂપિયા). અને તો ય એની દિલેરીને કારણે પૈસા બચતા નહિ. હિસાબ પણ નો'તો રાખતો. આજે ય નથી રાખતો જો કે એટલા પૈસા પણ નથી મળતા અત્યારે તો. આદમ હિસાબમાં—ગણિતમાં મૂળે જ નાચો. કદાચ તેથી જ એ પાકો કવિ—સાચો કવિ બની શક્યો છે. એની રગેરગમાં કવિતા છે. એ નિશ્વાસ મૂકે તો નિશ્વાસ પણ કવિતા બની જાય છે.

મને ઘણી વાર આદમની ઈર્ષ્યા આવે છે. એની સાથે ક્યારેક ચા પીવા જાઉં, પાન ખાવા જાઉં, બસમાં જાઉં કે પિક્ચર જોવા જાઉં ત્યારે આંખમાં મૌગ્ધ્ય સાથે કોઈ કૉલેજિયન સામેથી આવીને પૂછે છે: 'શેખાદમ તમે?' આદમ પેલાના ખભા પર પ્રેમથી હાથ મૂકીને મરકે છે. 'ફાઈન લખો છો, તમે.' પછી એ આદમની ગઝલના શેર બોલવા માંડે છે એક પછી એક—કડકડાટ. કોઈ પણ કવિ માટે આનાથી મોટું સદ્‌ભાગ્ય બીજું કયું હોઈ શકે? કેટલાંક પ્રેમીઓ પોતાના પ્રેમપત્રોમાં આજે ય આદમના જ શેર ટાંકે છે.

આદમને બોલવા બહુ જોઈએ. બોલવામાં એ નાયગરાનો ધોધ છે. છતાં એની વાણીમાં કડવાશ ક્યારે ય નહિ મળે. ગમે તેના વિષે આપણે વાત કરીએ, એના મોઢેથી એ વ્યક્તિ વિષે ઘસાતો શબ્દ બહાર જ નહિ આવે. એ રામના ગુણ ગાય છે, છતાં રાવણને નિંદતો નથી. યુધિષ્ઠિરની પ્રશંસા કરે છે, પણ દુર્યોધન કે દુ:શાસન વિષે ટીકા નથી કરતો. આદમને બોલતાં આવડે છે એમ ચૂપ રહેતાં પણ આવડે છે. સામેનો માણસ મહા 'બોર' છે એ જાણવા છતાં ય તેને ચૂપચૂપ સાંભળી લે છે-સહી લે છે (બાય ધ વે, પુષ્કર ચંદરવાકર તેના સારા મિત્ર છે.)

તમે હિંદુ ધર્મની વાત કરશો તો એ બાબત તમારા કરતાં વધારે જાણકારી એનામાં દેખાશે. પોતાના ધર્મ પ્રત્યે જેટલી ચાહના છે એટલો બીજાના ધર્મ પ્રત્યે ય તેને આદર છે. દરેક વિષયમાં સાંભળનારને પ્રભાવિત કરી શકે. એને હું 'માસ્ટર જૅક' કહું છું. પોતાના વધુપડતા જ્ઞાનને લીધે સહદેવ જેમ પીડાતો'તો, મૂંઝાતો'તો, એ રીતે આદમને રીબાતો મેં જોયો છે. 'ગુજરાત સમાચાર'માં લમણે હાથ દઈને, ખુલ્લી પેન રાખીને બેઠો હોય. મોંમાં સિગારેટ લટકતી હોય. વચ્ચે વચ્ચે તે 'ડચ,ડચ'ના ડચકારા બોલાવતો હોય...હું પૂછું: 'કેમ, પરેશાન છે? વિષય નથી મળતો?' ત્યારે સિગારેટના ધુમાડાની વચ્ચેથી એનો સ્હેજ ઘેરો અવાજ આવે: 'તો તો સારું જ હતું ને? વિષયો ખોવાતા નથી એની પરેશાની છે. એક વિષય પકડવા જાઉં ત્યાં બીજા પચ્ચીસ વિષયો કલમ પર આક્રમણ કરે છે—ધસી આવે છે.' એ બહુ ઝડપથી વિચારે છે; પણ એટલી ઝડપથી બોલી નથી શકતો. ઘણી વાર અધૂરાં વાક્યે હાવભાવથી પોતાની વાત સમજાવવા પ્રયાસ કરે છે. શબ્દોનું પુનરાવર્તન પણ કરે છે. મગજમાંથી પૂર ઝડપે દોડી આવતા વિચારો સાથે શબ્દો સુમેળ નહિ સાધી શકતા હોય.

આદમ જેટલી ઝડપથી સિગારેટ પીએ છે એટલી ઝડપથી ગઝલ રચી નાખે છે. ત્રણ મિનિટની અંદર અંદર એ સિગારેટ તેમજ ગઝલ બંને પૂરાં કરે છે—સાથે જ પૂરાં કરે છે. છતાં એ સુંદર હોય છે. હમણાં હમણાં તો આદમ કવિની સાથે નવલકથાકાર પણ બની ગયો છે. (જરૂરત માણસને શું શું નથી બનાવતી!)

આજે છેતાળીસ વર્ષની ઉંમરે કોઈ પણ પરણેલા માણસને ઈર્ષ્યા આવે એવું સુખ તે ભોગવી રહ્યો છે—કુંવારો છે—હૅપિલી અનમૅરિડ! (જો કે સ્ત્રી તેને ગમે છે ખરી. વધારે ગમે છે. એટલે તો કુંવારા રહેવું વધુ [illegible] ('કુમાર' અંક ૬૩૨) કઠિન છે). બહુ સમજદાર માણસ છે, આદમ. સમજદાર માણસો જ આ ઉંમરે કુંવારા રહી શકે છે. (નિરંજન ભગત પણ સમજદાર છે.) પેલા આદમે જે ભૂલ કરેલી તે આ આદમે નથી કરી. તેમ છતાં આદમની હૉબીઝમાંની એક 'હૉબી' મિત્રોને પરણાવવાની છે, જાનમાં જવાની છે. વચ્ચે આઠ દસ દિવસ સળંગ ના મળે; પછી મળીએ ત્યારે એ જ શરૂ કરે: 'યાર, શાદીમાં ગયો'તો—દોસ્તની.' એક વાર મેં પૂછી નાખ્યું: 'આખા ગામને પરણાવે છે, તો તું કેમ નથી પરણી જતો?'

'કિનારે ઊભાંઊભાં તોફાન જોવાની મઝા આવે છે.' બાળક જેવું નિર્દોષ હસીને એ બોલ્યો.

આદમ પ્રેમાળ પણ ઘણો. ચારપાંચ દિવસ મળ્યા ના હોઈએ તો આપણા દોસ્તોને પૂછી લે: 'વિનોદ કેમ નથી દેખાતો? ખેરિયત તો છે ને?' ના રહેવાય તો ફોન પણ કરી દે. બેઠા હોઈએ ત્યાંથી પરાણે ચા પીવા ખેંચી જાય. ના પાડીએ તો કહે કે આજે મારી વર્ષગાંઠ છે! જવું પડે. મહિનામાં આઠ-દસ વખત તેની વર્ષગાંઠ આવે છે!

જ્યારે એને મેં કહ્યું કે આ શ્રેણીમાં તારા વિષે લખવા ધારું છું ત્યારે મને શિખામણ આપતાં તે બોલ્યો: 'જો વિનોદ, જ્યારે આપણે બીજા વિષે લખવા બેસીએ ત્યારે આપણા વિષે વધારે લખવું. જેના વિષે લખતા હોઈએ તેનું તો વધુમાં વધુ એક ચતુર્થાંશ જેટલું આવવું જોઇએ: બાકીનું થ્રી-ફોર્થ આપણા વિષે. આપણી જાતને ઓગાળીને કશું જ ના કરવું.' જો કે પોતાના પુસ્તક 'રસ્તે ભટકતો શાયર છું'માં તેણે ઊલટું જ કર્યું છે. પોતાને ઓગાળીને લખ્યું છે.

આદમમાં, 'સેન્સ ઑવ હ્યુમર' પણ ઘણા ઊંચા પ્રકારની. સામાન્ય વાતચીતમાં યે તે ટોકાયા કરે. લગભગ બે અઠવાડિયાં પહેલાંની જ વાત છે. હું ને આદમ 'ગુજરાત સમાચાર' બિલ્ડિંગમાં બેઠા'તા. ત્યાં આદમનો એક મિત્ર આવ્યો. આદમે પૂછ્યું: 'કેમ આવવું થયું જાફર?'

'પૉવર્ટીના ડેટા માટે દોડધામ ચાલે છે. છાપાંની ફાઇલોમાંથી મેળવવા આવ્યો છું...'

'આટલે બધે આવવાની કોઈ જ જરૂર નો'તી.' આદમ બોલ્યો: 'નૉક ઍની ડોર—કોઈ પણ (ઘરનો) દરવાજો ખટખટાવને!'

પછી ક્રાંતિની વાત નીકળી. કોઇકે કહ્યું: 'અંગોલામાં મુક્તિના આંદોલનકારોને પકડી, ગળામાં મોટા પથ્થર બાંધીને પ્લેઈન દ્વારા દરિયામાં ફેંકી દેવામાં આવતા.'ડચ! ડચ! ડચ!' મારા મોંમાંથી ડચકારો નીકળી ગયો, એટલે મારા બરડા પર હાથ ફેરવતાં આદમ બોલ્યો: 'તારા જેવાના કિસ્સામાં આવું ના બને. તારા ગળામાં મોટા પથ્થર બાંધવાને બદલે તારાં જ લખેલાં પુસ્તકો બાંધીને તને દરિયામાં ફેંકે...એટલે—સમજી ગયોને? બહુ પુસ્તકો લખવાં સારાં નહિ.'

એક મુશાયરામાં, મુશાયરો શરૂ થતાં પહેલાં એક શાયરે બહુ જ પીધેલો. એ શાયરની ખૂબી એ છે કે બે પેગ અંદર જાય પછી જ શાયરી બહાર આવે. આદમે એ શાયરને સમજાવતાં કહ્યું: 'દોસ્ત, શરાબ ઓછી કરી નાખ. જોને તારી આંખની રોશની ય ઓછી થવા માંડી છે—નૂર ઘટવા માંડ્યું છે.' શાયર બોલ્યો: 'તને ખબર છે, આદમ? હું ગુજરાતનો ગાલિબ છું. બધા મને ગાલિબ કહે છે...એટલે ગાલિબ જેટલી તો પીઉં કે નહિ?'

'બહુ પીધા કરીશ તો આંધળો થઈ જઈશ. પછી બધા તને ગુજરાતનો મિલ્ટન કહેશે!'

આદમને કોઈ પૂછે છે કે 'શો ધંધો કરો છો, આજકાલ?'
'લિખતા હું સાહબ...' તે બોલે છે. 'ઔર?'
'ઔર લિખતા હૂં...'

આદમના દુર્ગુણો શોધવા સતત પ્રયત્ન કરી રહ્યો છું. નથી જડતા. તો ય શોધ તો ચાલુ જ રાખી છે, કેમ કે અંદરખાનેથી મને ભય છે કે આદમ ઇન્સાન નથી, પણ ભૂલો પડેલો કોઈ ફિરસ્તો છે. □

૯————સત્યજિત રાયની એક બંગાળી રહસ્યકથા ઉપરથી · અનુવાદક: સુકન્યા ઝવેરી

આજ સપ્તમી, સોમવાર, અને અત્યારે સવારનો પહોર. શશીબાબુનું ખૂન થયાને બે દિવસ થઈ ગયા છે. અમે સવારનાં ચા-નાસ્તો પતાવી, અમારી હોટેલની રૂમમાં પોતપોતાના ખાટલા પર બેઠા હતા. થોડી વાર પહેલાં જ તિવારીએ ફોન કરી કહ્યું હતું કે 'શશીબાબુના નાના દીકરા નિતાઈને ઍરેસ્ટ કરવામાં આવ્યો છે. નિતાઈ બદચલન છોકરો છે એ તો પહેલાં જ સાંભળ્યું હતું. તેની સાથે બાપને હંમેશાં ઝગડો ચાલુ જ રહેતો. શશીબાબુ એને પોલીસને પકડાવી દેવાની યે ધમકી આપતા. તેથી જ એ છોકરો આખરે બાપનું ખૂન કરે એમાં કંઈ અસ્વાભાવિક નહોતું. પરંતુ નિતાઈ ખૂનની કબૂલત કરતો નથી. એ કહે છે કે તે દિવસે સાંજે એ ચેતગંજના એક સિનેમા થીએટરમાં હિંદી પિક્ચર જોવા ગયો હતો. તેના શર્ટના ખીસામાંથી ટિકિટનું અરધિયું પણ મળ્યું હતું. અને જે છરી વડે શશીબાબુનું ખૂન થયું હતું એ છરી હજુ મળી નથી.'

મૃત્યુને દિવસે સાંજના છ વાગ્યા સુધીમાં શશીબાબુએ મૂર્તિનું કામ પૂરું કરી દીધું હતું. વિકાસબાબુએ પોલીસને કહ્યું કે 'કામ પૂરું કરીને તરત જ શશીબાબુ દવા લેવા આવ્યા હતા, કેમ કે તેમને ફરીથી તાવ આવ્યો હતો. વિકાસબાબુએ દવા આપી, શશીબાબુએ તરતોતરત જ ખાધી અને ઘેર જવા માટે બહાર નીકળ્યા. રસ્તામાં જ એમનું ખૂન થઈ ગયું.'

'લાલમોહનબાબુ! આજે કાબુલીવાલા જોવા જવું છે ને? સાંભળ્યું છે, તેઓ ખૂબ સરસ અભિનય કરે છે.'

'હા; તમે ય આવશોને? તમે જો...'

'અને કાલે જઈશું "ટારઝન"માં. પરમ દિવસે "જંજીર", અને ચોથે દિવસે "રફુ ચક્કર". વચ્ચે એક વાર વળી તમને દુર્ગા મંદિર દેખાડી દઈશ. જો જોને ત્યાંના વાંદરા ફેલુ મિત્તિર કરતાં પણ વધુ બુદ્ધિશાળી છે.'

અને સાચે જ સાંજના અમે કાબુલીવાલા જોવા બૅંગાલ ક્લબમાં ગયા હતા અને સાચે જ, જોયું કે તેમની રજૂઆત ઉમદા હતી.

બીજે દિવસે મહા અષ્ટમી. સવારના પ્રતિમાનાં દર્શન કરવા નીકળ્યા. ઘોષાલના ઘર સિવાય પણ બીજી ઘણી જગ્યાએ પૂજા હતી. લગભગ પાંચેક મૂર્તિ જોઈ અમે દુર્ગામંદિરે ગયા. લાલમોહનબાબુ મંદિરની બહાર જ રહ્યા, કેમ કે એમને વાંદરાઓ પિંજરાની બહાર ગમતા નથી!

બપોરે મિસ્ટર ઘોષાલે એમને ઘેર જમવા બોલાવ્યા હતા, પણ ફેલુદાએ હોટેલમાંથી ફોન કરી વિકાસબાબુને ક્ષમાપ્રાર્થના જણાવી દીધી. અમે હોટેલમાં જ જમ્યા. ફેલુદા બંને વાર રોટલી જ જમે છે. આજ અચાનક એકલો થાળી ભરીને ભાત ખાધો અને પલંગ પર લંબાવી એક ઊંઘે સાડાચાર વગાડી દીધા. એ તો પાછળથી જાણ્યું કે આંધી આવતાં પહેલાં કુદરતમાં જે એક નીરસ સુસ્ત શૂન્યતા હોય છે એવું જ આ પણ હતું. પણ અત્યારે તો ફેલુદાને આમ સુસ્ત, નિષ્ક્રિય કંટાળેલો ક્યારેય જોયો ન હતો. તેથી મને ખૂબ જ ખરાબ લાગતું હતું.

જોકે લાલમોહનબાબુ બિલકુલ નિષ્ક્રિય નહોતા. એમણે ગઈ કાલથી એક વાર્તાનો પ્લૉટ નોટબુકમાં ટપકાવવાનો શરૂ કર્યો હતો. બે લીટી લખે ને છત તરફ જોઈ રહે. માત્ર એક વાર મારી સામે જોઈને બોલેલા: 'મુમૂર્ષુમાં કયા ક્રમમાં હ્રસ્વ અને દીર્ઘ ઉ આવે તે પ્લીઝ કહેશો?'

અંતે 'ટારઝન ધી એઈપ-મૅન' જોવા પણ ગયા. જો કે ફેલુદાએ પૂરું જોયું નહિ. અરે, પૂરું શું?—મેટ્રો ગોલ્ડવિન માયરના નામ પછી ચિત્રનું નામ હજુ પર્દા પર પડ્યું જ હશે એવામાં તો ફેલુદા ઊભો થઈ ગયો: 'તોપસે, તમે બેસો: મારે જરા કામ છે.' અને હું કંઈ પૂછું તે પહેલાં તો એ અંધારામાં ગુમ થઈ ગયો.

મારા મનની સ્થિતિ વિચિત્ર હતી. ચિત્રમાં મજા પણ પડતી હતી અને ફેલુદામાં અચાનક ક્યાંકથી જાણે ઉત્સાહ જાગી ઊઠ્યો હતો એ પણ ગમતું હતું. પણ એ અચાનક કેમ ઊઠી ગયો એ સમજાતું નહોતું.

ચિત્ર પૂરું થયું અને અમે રિક્શા લઈ હોટેલે પહોંચ્યા તો ફેલુદા પલંગ પર બેઠો બેઠો ડાયરી ખોલી અતિશય ધ્યાનપૂર્વક જાણે કંઈક હિસાબ કરતો હતો. અમને જોઈને બોલ્યો: 'તમે જમી લ્યો. મારા માટે એક કપ કૉફી મોકલવાનું કહેજો.' 'તમે નહિ જમો?'

'પેટ ભરેલું છે. ઉપરાંત તિવારીનો એક જરૂરી ફોન આવવાનો છે.'

આજે અષ્ટમી હતી તેથી હોટેલમાં મિષ્ટાન્ન કર્યાં હતાં. રસોઈ પણ સરસ હતી; પણ આ બાજુ તિવારીનો ફોન આવતાં પહેલાં જમવાનું ન પતે એ બીકે હું બધું ગોગ્રાસની જેમ ગળી જ જતો હતો. પણ ફોન તો આવ્યો જમી લીધા પછી છેક અર્ધા કલાકે. એ વખતે હું ફેલુદાની પાસે ઊભો રહ્યા સિવાય ન રહી શક્યો. ફેલુદા જે બોલ્યો તે આ પ્રમાણે: 'બોલો, મિસ્ટર તિવારી...હા; વેરી ગુડ...ના ના; હમણાં કશું કરતા નહિ. એક્દમ છેલ્લી ઘડીએ...હા, એટલે જ તો શરૂઆતમાં આટલો ગોટાળો લાગતો હતો...હા; અને હાં— પેલા ઘરની તપાસ કરી?... ગુડ...ઠીક છે, કાલે મળીશું...ગુડ નાઈટ.'

લાલમોહનબાબુ મારી સાથે નીચે નહોતા આવ્યા. સિનેમા જોઈને પાછા ફર્યા ત્યારે રસ્તામાં જ મને કહેતા હતા: 'તારા દાદાના આજના રઘવાટનો ઠેલો લાગતાં મારા પ્લૉટની વિચારસરણી તૂટી ગઈ છે. હવે ફરી નવેસરથી બધું માંડવું પડશે. ઓરડામાં આવીને જોયું તો નોટબુક ખોલી મોં ફતારી બેઠા હતા. ફેલુદાએ પાછા આવી એક સિગારેટ સળગાવી ઓરડામાં આંટા મારવા શરૂ કર્યા.

લાલમોહનબાબુએ નોટબુક બંધ કરતાં કહ્યું: 'ભારે ખરાબ થાય છે આ, ખબર છે? નથી તો હું મારી વાર્તા આગળ વધારી શકતો કે નથી તમારા કેસ જોડે કદમ મિલાવી શકતો. આ તરફ જરાક કંઈક ટુકડો ફેંકો! અમારે પણ બ્રેઈન જેવું કંઈક છે તો ખરુ. જરાક એને કસવાની તક આપો.'

'ભલે' ફેલુદાએ ધુમાડાની રિંગ છોડી કહ્યું: 'તમને પાંચ મુદ્દા આપું છું, તમને મનમાં આવે એટલી જાળ ગૂંથો. એક—આફ્રિકાનો રાજા; બે—શશીબાબુનું 'સિં'; ત્રણ—શાર્કના મોંમાં; ચાર-એક થી દસ; અને પાંચ—મગનલાલનો બજરો.'

લાલમોહનબાબુ થોડી વાર ફેલુદા તરફ જોઈ રહ્યા પછી એક લાંબો નિ:શ્વાસ મૂકી બોલ્યા: 'એના કરતાં એમ જ કહો ને કે ચંદ્રબિંદુને ચ; બિલાડીનો તાલવ્ય લ, અને રૂમાલનો મ—તો વધુ સહેલું પડે!'

'હવે તમારે મને એક વચન દેવું પડશે'—ફેલુદા અચાનક સીરિયસ—'કાલથી કોઈ પણ બાબતમાં કોઈ પણ પ્રશ્ન પૂછવો નહિ.'

'અને બાલમોહનબાબુ કાંઈ બોલવા જતા હતા તેને અટકાવીને આગળ બોલ્યો: 'કાલથી મારે વચ્ચે વચ્ચે બહાર જવું પડશે, પણ તમારી સાથે નહિ. તમે બંને મરજી મુજબ ગમે ત્યાં જઈ શકો છો. મને લાગતું નથી કે એમાં કોઈ રિસ્ક હોય. જો એમ લાગશે તો જવા માટે મના કરી દઈશ.—અને લાલમોહનબાબુ! તમને તરતાં આવડે છે?'

'હા હા;—ફૉર્ટી ફોરમાં હેદોના સ્વિમિંગ પુલમાં—'

'બસ, એટલેથી જ બસ.—જોકે તરવાની જરૂર પડશે જ એવું હું કહેતો નથી.'

લઘુકથા

# પધરામણી

**હરબન્સ પટેલ**

**સી**મમાંથી ગામ ભણી જતા ધૂળિયાના ઉઘાડા પગ તડકામાં તપી ગએલી રેતીથી દાઝી રહ્યા હતા, પણ પોતાની છાપરીના ખૂણેખૂણામાં છવાઈ ગએલી ભૂખ અને ગરીબીના વિચારમાં એને એનું ભાન નહોતું. એના ભૂખવડચકાંમાં જ આજે એણે બૈરીને ઢીબી નાખી હતી, નાનાં ત્રણેય છોકરાંને ધુત્કારી કાઢ્યાં હતાં ને મોટી છોડી રડતી'તી ત્યારે એનો ઠૂઠવો બંધ કરવા એને યે રાતી આંખ દેખાડી હતી.

ગામની બજારમાંથી અરધાનું તેલ, દસકાનું મરચું, પાંચિયાનું મીઠું, પાવલીનો ગોળ ને પાંચિયાની બીડી વગેરે લઈ પાછા વળતાં એ પાદરની પરબડીના ઓટલે જરા પોરો ખાવા બેઠો ને બીડી સળગાવી એના ધુમાડાની આરપાર એ સામેની નિશાળ ભણી તાકી રહ્યો. આ જ નિશાળમાં એ ચાર ચોપડી સુધી ભણ્યો હતો. પછી બાપે એને ચોથીમાંથી જ ઉઠાડી લઈને દાડિયે વળગાડી દીધેલો ને થોડા વખત પછી એનું લગને ય કરી નાખ્યું. આજે ચાર છોકરાંનો બાપ બની ગએલો એ ધૂળિયો ધૂળધાણી થઈ ગરીબીથી વીંટળાએલો અહીં ભૂતકાળને વાગોળતો બેઠો હતો.

બીડી પૂરી થવા આવી. છેલ્લો કશ ખેંચી ઠૂંઠાને સામી ભીંત ભણી ફેંકીને એ ઊઠતો હતો ત્યાં સામે દીવાલ પર લખેલા મોટા મોટા અક્ષરો પર એની નજર પડી. લખ્યું હતું : 'શીતળાના કેસની પ્રથમ જાણ કરનારને રૂપિયા ૧૦૦૦નું ઈનામ...'

ને એક વિચાર ત્વરાથી એના મનમાં ઝબકી ગયો : જો મારા ઘરમાં માતાજીની પધરામણી થાય તો...તો...

પણ બીજી જ ક્ષણે એ પોતાને આવેલા આ અધમ વિચાર પર હા...ક...થ્થૂ કરીને થૂંક્યો ને ઊભો થઈ ગયો. □

---

**બી**જા દિવસે નવમી. સવારે ચા પી હું અને લાલમોહનબાબુ નીકળી પડ્યા. ફેલુદાએ કહ્યું તે હોટેલમાં જ રહેશે, કેમ કે વખતે એનો ફોન આવે. લાલમોહનબાબુને એક્કામાં બેસવાનો શૉખ—અમે એક એક્કો કરી સોનારપુર રોડ પર થઈને હિન્દુ યુનિવર્સિટી સુધી જઈ દુર્ગાકુંડ રોડ પરથી પાછા ફરતાં રસ્તામાં મંદિર, મસ્જિદ, મહેલ જે કંઈ આવે એ બધું જ જોઈને સાડા અગિયાર વાગ્યે હોટેલ પર ફર્યા ત્યારે ફેલુદા તકિયો છાતી નીચે રાખી ખાટલા પર ઊંધો પડ્યો ખૂબ ધ્યાનથી તેના પાડેલા ફોટાનાં એન્લાર્જમેન્ટ જોતો હતો. પરમ દિવસે બંગાલ ક્લબે જતાં રસ્તામાં ક્રાઉન ફોટો સ્ટોર્સમાં એ ફિલ્મ આપતો આવ્યો હતો.

બપોરે તિવારીનો ટેલિફોન આવ્યો. ફેલુદા બેએક મિનિટમાં જ વાત પતાવીને ઉપર ચાલ્યો આવ્યો. અમને હોટેલમાં ગોંધાઈ રહેવું સારું નહોતું લાગતું તેથી હું અને લાલમોહનબાબુ મણિકર્ણિકાનું સ્મશાન જોઈ આવ્યા. લાલમોહનબાબુ જતાં અને પાછા ફરતાં ત્રણેક વાર બોલ્યા હશે : 'આજ હવે કોઈ ફૉલો કરતું હોય એવું લાગતું નથી.'

પાછા આવી જોયું તો ફેલુદા હોટેલમાં જ હતો. શંકરી-નિવાસથી વિકાસબાબુનો ફોન આવ્યો હતો : મિસ્ટર ઘોષાલે જાણવા માગ્યું હતું કે ફેલુદાએ કેસ છોડી દીધો છે કે શું ? મેં પૂછ્યું : 'તેં શું કહ્યું ?'

'મેં જવાબ આપ્યો કે ના.'

બીજે દિવસે સવારે છ વાગ્યે ઊઠી જોયું તો ફેલુદા નહોતો ! બિછાનું ઠીકઠાક કરી ચાદર બિછાવી દીધી હતી. તેના ઉપર રાખ નાખવાની પેલી એ જ પથ્થરની રાખદાની, અને એની નીચે એક ટુકડા કાગળની ચબરખી પર લખેલું હતું : 'ફોન કરીશ.' એનો અર્થ એ કે અમારે હોટેલમાં જ રાહ જોવાની હતી.



ચા પીતી વખતે લાલમોહનબાબુ કહે : 'મગનલાલે તે દિવસે ગણેશની જે વાત કરી તે તારા દાદાએ માની લઈ હાથપગ જોડીને બેસી જવું જોઈતું હતું.' મેં કહ્યું : 'તે હાથપગ તો જોડ્યા જ હતા; પણ તે દિવસે સિનેમા જોવા ગયા ત્યારે શું થયું શી ખબર !'

'અંતે ટારઝન આવી જાતનો સર્વનાશ કરશે એ કોણ જાણતું હતું ?'

બપોર સુધી ફેલુદાનો કોઈ ફોન ન આવ્યો. જમ્યા પછી લાલમોહનબાબુને બીજું કંઈ કરવાનું નહોતું તેથી ગણેશની ચોરી વિષે પોતાની શી ધારણા છે એ મને કહી : 'સમજ્યો તપેશ ? ગણેશ અસલમાં ચોરાયો જ નથી. એ અંબિકાબાબુએ અફીણના નશામાં તિજોરીમાંથી બહાર કાઢી લીધો હશે ને પછી નશો ઊતરી જતાં એ વાત સાવ ભૂલી ગયા છે.'

મેં કહ્યું : 'તો પછી અત્યારે એ ક્યાં છે ?'

'એમની તાલતલાની સપાટ જોઈ છે ? એ એમના પગ કરતાં કેટલી મોટી છે ખબર છે ? કોઈ બુઢ્ઢો માણસ પગમાં સપાટ પહેરી બેસી રહે તો કોણ એની સપાટ ખોલીને સર્ચ કરે કહે જોઉં ?'

મને જરાક વહેમ પડ્યો. મેં પૂછ્યું: 'તમારી નવી વાર્તામાં તમે આવો એક બનાવ લખશો પછી ?'

લાલમોહનબાબુ જરાક કૃત્રિમ હસી બોલ્યા : 'ઠીક પકડ્યો ! પણ મારી વાર્તામાં ગણેશને બદલે બે હજાર કૅરેટનો હીરો મૂકીશ.'

'બે હજાર ?!' મારી આંખો પહોળી થઈ ગઈ. 'પૃથ્વીનો સૌથી મોટો હીરો સ્ટાર ઑવ આફ્રિકા કેટલા કૅરેટનો છે ખબર છે ?' 'કેટલા ?'

'પાંચ સો; અને કોહીનૂર માત્ર એકસો દસ.'

લાલમોહનબાબુ ગંભીરતાથી માથું હલાવી બોલ્યા : 'પણ બે હજાર ન હોય તો વાર્તા જામે જ નહિ !'

સાંજના સાડાચાર વાગ્યે હરકિશન આવીને કહે કે તમારો ટેલિફોન આવ્યો છે. લાગલો જ હું તો વાવાઝોડાની જેમ દોડ્યો નીચે, અને જઈને નિરંજનબાબુના આસિસ્ટંટના હાથમાંથી લગભગ ફોન ખૂંચવી લીધો એમ કહીએ તો ચાલે : 'કોણ ફેલુદા ?'

'સાંભળ...' ગંભીર ધીમો અવાજ આવ્યો : 'ખૂબ ધ્યાન દઈને સાંભળજે. દશાશ્વમેધની દક્ષિણે, એની પછીનો ઘાટ છે એ મુન્શી ઘાટ, અને એની પછીનો ઘાટ એ થયો રાજાઘાટ... સાંભળે છે ?' 'હા, હા.'

મુનશી અને રાજાની વચ્ચે એક એકાંત જગ્યા છે. એક ઘાટનાં પગથિયાં પૂરાં થાય અને બીજાનાં શરૂ થાય તેની વચ્ચે.' 'સમજ્યો.'

'ત્યાં વૈદ્યનાથ સાલસાની એક જાહેરખબર છે. હિંદીમાં લખેલી છે—પથ્થરની દીવાલની ઉપર; અને તેની નીચે એક મોટી ચોખંડી કોટડી છે.'

'સમજી ગયો.'

'તમે બંને બરાબર સાડાપાંચ વાગ્યે ત્યાં પહોંચી જાઓ. એ કોટડી સામે મારી રાહ જોજો. હું લગભગ છ સુધીમાં આવી પહોંચીશ.'

'સમજ્યો.' 'હું છૂપા વેશમાં હોઈશ'.

'છૂપા?' વાત સાંભળી મારી છાતી એવી ધડકી ગઈ કે હું કંઈ બોલી જ ન શક્યો. ફેલુદા વેશપલટો કરે એટલે નાટકની ક્લાઇમૅક્સ !

'સાંભળે છે ?' 'હા, હા.'

'હું છ વાગ્યા લગભગ મળીશ.' 'ભલે.'

'ન આવું ત્યાં સુધી રાહ જોજે.' 'ભલે; તમે તો કુશળ છો ને ?'

'મૂકી દઉં છું'—અને ખટ અવાજ સાથે પેલી તરફનો ફોન મૂકી દેવાતાં સાથે સાથે જાણે ફેલુદા ફરી ધુમ્મસમાં અદૃશ્ય થઈ ગયો.

## ૧૦

**દ**શાશ્વમેધે, આજ દશેરાનો દિવસ, એટલે ભીડ તો હશે જ માનીને એમ નક્કી કર્યું કે અભય ચક્રવર્તીના ઘરના રસ્તા પાસેથી પહેલાં કેદાર

ઘાટ જવું, ત્યાંથી ઉત્તર તરફ ચાલવા માંડતાં પહેલાં આવશે રાજાઘાટ. લાલમોહનબાબુ આજે સવારે હોટેલ પાસેની એક દવાની દુકાનમાંથી સોળ અક્ષરના નામવાળી કોઈ ગોળી ખરીદી લાવી આટલા સમયમાં બે વાર બબ્બે ખાઈ ગયા હતા. કહે કે ગઈ કાલે રાત્રે એમને અર્ધી ઊંઘમાં વારે વારે દાંતખાલી બેસી જતી હતી, તે હવે એકદમ સારું થઈ ગયું છે. એમનામાં સાહસ પણ થોડુંક વધ્યું હતું એ ખબર પડી જ્યારે મોટા રસ્તા પરથી વળીને પહેલી ગલીમાં પહોંચ્યા ત્યારે. સામે જ એક સાંઢ—ગાય નહિ સાંઢ—રસ્તો રોકી ઊભો હતો અને અમારી તરફ ગરદન ઝુકાવી જોતો હતો. લાલમોહનબાબુ સીધા આગળ વધી 'એઈ ષંઢ! હટ! હટ!' કહીને એને ઠેલો મારી એને પડખેથી મજાના ચાલ્યા ગયા. હું ડરતો નહોતો, પણ મજા જોવા માટે ઊભો હતો. લાલમોહનબાબુ મને 'આવ તપેશ, કંઈ નહિ કરે' કહીને હાથના ઈશારાથી મને બોલાવવા માંડ્યા. અભયબાબુના ઘરની બહાર અને અંદર ખૂબ જ ભીડ દેખાઈ. આ શાની ભીડ હતી એમ વિચારતાં જ યાદ આવ્યું: આજે તો મછલીબાબાનો જવાનો દિવસ છે. એ તૃતીયાએ આવ્યા હતા, અને આજ થઈ હતી દશમી. તો પછી આજે મૂર્તિ-વિસર્જન સિવાય બીજો પણ એક મોટો બનાવ છે ખરો!

બહાર જેઓ ઊભા હતા તેમાં અમારી હોટેલના પણ એક જણ હતા જેને હું મોં જોયે ઓળખતો હતો. એ સજ્જનને મેં પૂછ્યું કે 'મછલીબાબા કેદારઘાટથી જ જવાના છે ને?' તેઓ કહે: 'ના—લાગે છે દશાશ્વમેધથી'. તો પછી અમારે તો થોડે દૂરથી જ જોવાની હતી આ બધી ઘટના. લાલમોહનબાબુને તો એનો યે વાંધો નહોતો. કહે: 'ભક્તની ભીડમાં દબાઈને છાતીનાં પાટિયાં એક થઈ જશે, એવું જોવા કરતાં જરાક દૂરથી જોયું જ ભલું.'

કેદારઘાટથી ઉત્તર તરફ ચાલવા માંડ્યું, ત્યાં પાંચ મિનિટમાં તો રાજાઘાટ આવી પહોંચ્યો. ઘાટની પાસે હારબંધ ઊંચાં ઊંચાં મકાનો હોવાથી તડકો પડવાનો ક્યારનો યે બંધ થઈ ગયો હતો. મકાનના પડછાયા પાણીનો કિનારો છોડી ખૂબ દૂર સુધી ચાલ્યા ગયા હતા. થોડી વાર પછી હવે તડકો પણ નહિ રહે. અને એ પછી ઊતરી આવશે અંધકાર. ઘાટની પાસે એક જગ્યાએ હારબંધ હોડીઓ હતી. તેની ઉપર લાંબા લાંબા વાંસને છેડે કાર્તિક માસના આકાશદીપ જલતા હતા. ઉત્તરમાં, લાગે છે દશાશ્વમેધ ઘાટથી, અવાજનો એક તરંગ વહેતો આવતો હતો—સમજાતું હતું કે ત્યાં પુષ્કળ લોકોની ભીડ જામી હતી. તેમાં ઢોલતાંસાનો અવાજ આવતો હતો, અને વચ્ચે ફટાકડાનો અને હવાઈનો 'હુશ...' પણ સંભળાતો હતો.

રાજાઘાટનાં પગથિયાં પૂરાં થતાં ભીની જમીન શરૂ થઈ. મિનિટેક ચાલ્યા પછી પેલી જાહેરખબર નજરે ચડી: વૈદ્યનાથ સાલસા લગભગ એક માણસ જેવડો એકએક અક્ષર! પછીથી ફેલુદાને પૂછતાં ખબર પડી હતી કે સાલસા શબ્દ છે પોર્ચુગીઝ, એનો અર્થ હતો એક જાતની રક્તશુદ્ધક દવા. જગ્યા સાચે જ સૂમસામ હતી, એટલું જ નહિ ત્યાંથી દશાશ્વમેધ સરસ મજાનો દેખાતો હતો. એ ઘાટનાં પગથિયાં પર માણસોની ભીડ, અને પાણીમાં નૌકા અને બજરાની ભીડ.

'દુર્ગા માઈ કી જય!'...એક મૂર્તિનું વિસર્જન થઈ ગયું. ઠાકુરને પાણીમાં વહાવી દીધા. બજરાની ઉપર લઈ જઈ, થોડે દૂર નદીમાં જઈ મૂર્તિ પધરાવી કે પતી ગયું. બે નૌકાની વચ્ચે જગ્યા કરી વિસર્જન કરવાની રીત અહીં નહોતી. હવે સૂર્ય ડૂબી ગયો હોઈ તડકો ચાલ્યો ગયો. પણ ઘાટ પરની ધમાલ હજુ વધતી જ જતી હતી. હજુ છમાં વીસ મિનિટ બાકી હતી. લાલમોહનબાબુ કાંડાઘડિયાળ તરફ જોઈને હજુ બોલતા જ હતા કે 'તારા દાદાનો ટેલિફોક્સ હોત તો ખૂબ સારું થાત.' એ જ વખતે નવેસરથી એક બીજી બૂમો સંભળાવા માંડી: 'ગુરુજી કી જય! મછલીબાબા કી જય! ગુરુજી કી જય!'

બનારસના ઘાટે એક જાતનો બુરજ હોય છે, જેના પર ઘણી વાર છત્રી નીચે પંડાઓ બેસે, પહેલવાનો મગદળ ફેરવે અને સાધારણ લોકો પણ બેસે. અમારી સામે બરાબર પચાસ હાથ દૂર એવો એક બુરજ પાણીથી ચારપાંચ હાથ ઊંચાઈ ઉપર આવી રહ્યો હતો. એ અત્યારે ખાલી હતો. એવા બુરજ દશાશ્વમેધ પર ઘણાબધા છે. તેની વચ્ચે જે અમારી તરફ હતો, તેના પર થોડા માણસો અત્યાર સુધી ઊભા રહીને વાટ જોતા હતા. 'ગુરુજી કી જય!' સાંભળીને તેઓમાં એક ચંચળતા વર્તાઈ. તેઓ બધા હજુ ઘાટનાં પગથિયાં ભણી જોઈ રહ્યા હતા.

આ વખતે જોયું કે એક મોટું ટોળું પગથિયાં ઊતરી બુરજ ભણી આગળ વધતું હતું. ટોળાની મોખરે જે હતા તેઓ બીજા કોઈ નહિ પણ સ્વયં મછલીબાબા જ હતા. લાલચોળ લૂંગી અત્યારે ધોતિયાની જેમ કછોટો મારી પહેરી હતી. બદન પરની લાલ ચાદર પર પીળો રંગ જોતાં લાગ્યું કે બાબાએ ગલગોટાના ફૂલની ઘણીબધી માળ પહેરી હતી.

બુરજ હવે લગભગ સાવ ખાલી થઈ ગયો. કેવળ બે જણ રહ્યા. તેઓએ બાબાનો હાથ પકડી તેમને ઉપર ચડાવ્યા. બાબાનું માથું આ વખતે સૌથી ઊંચું હતું. બાબાએ એ પછી બે હાથ ઊંચા કર્યા. ભક્તો ભણી ફરીને કંઈક બોલ્યા કે ના બોલ્યા એ કંઈ એટલે દૂરથી સંભળાયું કે સમજાયું નહિ. પછી બાબા એમ ઊંચા હાથ રાખીને જ બુરજની બીજી તરફ આગળ વધ્યા. બાબાની સામે હતી હવે ગંગા. પાછળથી ફરી જયધ્વનિ ઊઠ્યો: 'જય! મછલીબાબા કી જય!' અને એ જયધ્વનિ વચ્ચે બાબાએ ગંગામાં ઝંપલાવ્યું. એક અદ્ભુત અવાજ ઊઠ્યો તે સમયે ભક્તોમાં! લાલમોહનબાબુએ એને 'સમસ્વરે વિલાપ' એવું નામ આપ્યું. બાબા થોડી વાર પાણીમાં તરતા દેખાયા. એ પછી તેઓ અદૃશ્ય થઈ ગયા. લાલમોહનબાબુ બોલ્યા: 'હવે અંદર વૉટર તરીને પટણા પહોંચી જશે! કેવી થ્રિલિંગ ઘટના! ખયાલ આવે છે?'

પણ ત્યાં તો બીજી એક થ્રિલિંગ ઘટના બનવાથી અમારું તો લગભગ હાર્ટફેઈલ થઈ જાય એવી સ્થિતિ સર્જાઈ! દશાશ્વમેધઘાટ તરફથી નજર ફેરવી જોયું તો એ દરમિયાન ક્યારે, કોણ જાણે એક માણસ એ આછા અંધકારમાં ચૂપચૂપ અમારી પાસે આવીને ઊભો રહી ગયો હતો! એ માણસના ડાબા હાથમાં એક વાંસની લાકડી, માથા પર પાઘડી, મોં પર દાઢી અને મૂછ; શરીરે લાંબા શર્ટ પર વેસ્ટ કોટ, નીચે પાયજામો અને તેની નીચે પ્રખ્યાત કાબુલી જોડા! 'કાબુલીવાલા!'

કાબુલીવાલાએ જમણો હાથ જરાક ઊંચો કરી અમને આશ્વાસન દીધું. ફેલુદા! કાબુલીવાલાના છૂપા વેશમાં ફેલુદા! આ મેકઅપ અને વેશ તે દિવસે બંગાલ ક્લબના ત્રિદિશ ઘોષે વાપર્યો હતો.

'વંડર—' પણ લાલમોહનબાબુની આ પ્રશંસા વચ્ચેથી ફેલુદાની હોઠ પર પહોંચેલી આંગળીએ અટકાવી દીધી.

શું થવાનું હતું તેની ખબર નહોતી. છદ્મવેશની શી જરૂર હતી કોણ જાણે. અપરાધી કોણ કે ક્યા હતા તેય ખબર નહોતી. તો પણ જ્યારે ફેલુદાએ ચૂપ રહેવા કહ્યું હતું ત્યારે ચૂપ રહેવાનું જ હતું, એ હું પણ જાણતો હતો અને લાલમોહનબાબુ પણ આટલા દિવસમાં જાણી ગયા હતા.

(આવતા અંકે સંપૂર્ણ)

હરિઃ ૐ આશ્રમ તરફનું
જુલાઈ અંક માટેનું રૂ. ૫૦નું
**જીવનચરિત્ર પારિતોષિક**
'ટૉમસ જેફર્સન'ના લેખક શ્રી અશોક હર્ષને મળે છે.

# શબ્દકથા : બિલોરી, વૈડૂર્ય

બિલોરી કાચની બરણી એટલે જાડા પારદર્શક કાચની બરણી. બિલોર એ પ્રકારના કાચનું નામ છે. હિંદીમાં તે बिलूर, बिल्लूर, बिलौर કે बिल्लौर કહેવાય છે. આ શબ્દોના મૂળમાં અરબી बिल्लौर કે बल्लूर–'કાચમણિ', 'સ્ફટિક' છે.

પણ અરબીમાં એ શબ્દ ભારતીય ભાષામાંથી લેવાયો છે. સં. वैदूर्य, वैड्डूर्य એક પ્રકારના મણિનું નામ છે. તે विदूर નામના પર્વતમાંથી પ્રાપ્ત થતો મનાતો, તેથી તેને विदूरज પણ કહ્યો છે. કેટલાક કોશ તે 'લસણિયો' (કે અંગ્રેજીમાં કૅટ્સાય, cat's-eye) હોવાનું કહે છે. સં. वैड्डूर्य માટે પ્રાકૃત સ્વરૂપ वेलूरिय કે वेरूलिय એવું મળે છે. હકીકત એ જણાય છે કે वेलूरिय એ મૂળ રૂપ ઉપરથી સંસ્કૃત શબ્દરૂપો બન્યાં છે. वेलूर દક્ષિણ ભારતનું સ્થળ હોવાનું તેના ऊर–'ગામ' એવા અંત્ય અંશ ઉપરથી સમજાય છે. वेलूर ઉપરથી એક તરફ અરબી बिल्लूर અને બીજી તરફ ગ્રીક बेरिल्लोस (beryllos) આવ્યા. એ ગ્રીક શબ્દ પરથી લૅટિન અને ફ્રેન્ચ દ્વારા અંગ્રેજી बेरिल (beryl) 'આછા લીલા, નીલ વગેરે રંગનો એક પ્રકારનો 'મણિ' થયો. સિંહલીમાં वेरलुमिनि છે.

ભારતની દ્રાવિડી ભાષાઓમાંથી અંગ્રેજીને रायस (rice), जिंजर (ginger), बेरिल (beryl) જેવા શબ્દો ગ્રીક ભાષા દ્વારા (લૅટિન અને ફ્રેન્ચમાં થઇ), તો मंगो (mango) बिटल (betel), अरेका (areca) વગેરે પોર્ચુગીઝ મારફત મળ્યા છે.

કોઈક કોશમાં वैदूर्यનો અર્થ અંગ્રેજીમાં लेपिस लेझ्युली (lapis lazuli) આપ્યો છે. એ એક નીલરંગી રત્ન છે. (લૅટિનમાં lapis એટલે 'પથ્થર' અને અરબી–ફારસી लझ्वर्द ઉપરથી આવેલ lazuli એટલે 'આસમાની'—'આસમાની રંગનો હીરો'.)

ઉમાનો મહેશ્વર સાથેનો વિવાહ વર્ણવતાં કાલિદાસે 'કુમારસંભવ'માં વિવાહવિધિના એક ભાગ રૂપે ઉમાને મોતીની ભાત ભરેલી વૈડૂર્યની પાટ પર બેસાડીને, વાજિંત્રોના નાદ સાથે, સુવર્ણકળશો વડે જળ નામીને સ્નાન કરાવ્યાનું સમૃદ્ધિદર્શક ચિત્ર દોર્યું છે:

विन्यस्त-वैड्डूर्यशिलातलेऽस्मिन् / आविद्ध-मुक्ताफल-भक्ति-चित्रे ।
आवर्जिताष्टापद-कुम्भ-तोयैः / सतूर्यमेनां स्नपयांबभूवुः ॥

**હરિવલ્લભ ભાયાણી**

---

# સાહિત્યસંપર્ક

## 'ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ'

ભારતના લગભગ ૫૬૯૧·૩૫ કિલોમીટર જેટલા વિશાળ સમુદ્રકિનારામાં, અન્ય રાજ્યોની સરખામણીમાં સૌથી વધુ—૧૬૫૯·૯૧ કિ. મી. જેટલી લાંબી સાગરકંઠાર ધરાવતા ગુજરાત રાજ્યમાં, બનાસકાંઠા અને પંચમહાલ જેવા ઊંડાણના વિસ્તારને બાદ કરતાં, કોઈ પણ સ્થળ સમુદ્રથી ૧૬૧ કિ. મી.થી વધુ દૂર નથી. સિકંદરે જ્યારે હિંદુસ્તાન પર ચડાઈ કરી ત્યારે આજે જ્યાં કચ્છનું રણ છે ત્યાં વહાણો ફરતાં હતાં. નળકાંઠાના વિસ્તારમાં એ કાળે દરિયાનાં પાણી હેલારા લેતાં હતા. સિંધુ અને સરસ્વતીના જળમાર્ગે છેક પંજાબ સુધી જઈ શકાતું. ભૂપૃષ્ઠીય ફેરફારો અને અનેક નદીઓના કાંપથી ગુજરાતની ઘણી બંદરગાહો આજે ભલે પુરાઈ ગઈ, પણ એક સમયે આ બંદરોનાં વહાણો પશ્ચિમમાં ઍલેક્ઝાંડ્રિયાથી પૂર્વમાં ચીનના કંતાન (કૅન્ટન) સુધીનાં બારાંમાં ગુજરાતની ધજા ફરકાવતાં. ગુજરાત ત્યારે ભારતનું બારું હતું. અનેક દેશના લોકો, ત્યાંની અવનવી વસ્તુઓ ને ત્યાંની સંસ્કૃતિ ગુજરાતના લોકસમુદાય સુધી પહોંચી એમાં ભળી જતી. ચાર હજાર વર્ષ જૂના લોથલથી માંડી સંખ્યાબંધ પુરાવશેષો, અનેકવિધ પ્રાચીન સાહિત્ય, પરદેશીઓનાં પ્રવાસવર્ણનો ને આપણા પરંપરિત લોકસાહિત્યમાં હજી યે ગુજરાતી જહાજાતની ગૌરવગાથાના પુરાવા મળી રહે છે.

પણ આ પછી વર્તમાનકાળમાં કેટલાક ઐતિહાસિક આધારોને આશરે લખાએલી ગણીગાંઠી કાલ્પનિક કથાઓ બાદ કરતાં ગુજરાતના વહાણવટાના અભ્યાસની દૃષ્ટિએ સ્વ. ચંદ્રશંકર બૂચ ('સુકાની') એ 'કુમાર'માં લખેલા લેખો તથા સ્વ. રત્નમણિરાવ ભીમરાવ અને હરિલાલ ર. માકડે લખેલ વહાણવટાના ઇતિહાસના લેખો સિવાય ખાસ કોઈ આ વિષયને સ્પર્શ્યું જાણમાં નથી.

દુનિયાભરનો દરિયો ખેડતા ગુજરાતી વહાણવટામાં કાળબળે ભલે ઓટ આવી, પણ હજી એ સાવ ભૂંસાઈ ગયું નથી. 'ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ' નામના તાજેતરમાં પ્રકટ થએલા, ડૉ. શિવપ્રસાદ રાજગોરના શોધપ્રબંધ દ્વારા આ વિષયના અપેક્ષિત સાહિત્યમાં એક મૂલ્યવાન ઉમેરણ થયું છે. મૂળ ડૉક્ટરેટ માટે લખેલા આ મહાનિબંધમાં ગ્રંથાનુરૂપ ઘટિત ફેરફાર કરી એના અભ્યાસી લેખકે પંદર પ્રકરણોમાં તેને વહેંચીને ગુજરાતના વહાણવટાનો સર્વાંગી અને અભ્યનીય ઇતિહાસ આપ્યો છે. છેક પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક કાળના વહાણવટાનો ઉદ્‌ભવ; મૌર્ય, ગ્રીક, ક્ષત્રપ અને ગુપ્ત તથા મૈત્રકકાલીન યુગમાં વહાણવટાનો વિકાસ; રાજપુત, મુસ્લિમ ને મુઘલ તથા મરાઠાયુગની જહાજાતનો ઇતિહાસ અને તે પછી અંગ્રેજી શાસનમાં બંદરોના આધુનિકીકરણની કથા આપ્યા બાદ સ્વાતંત્ર્યોત્તર ભારતમાં આ ક્ષેત્રે સધાએલી પ્રગતિનું અવલોકન એમાં સવિગત આપ્યું છે. વળી, વહાણોના વિવિધ પ્રકાર, ગુજરાતની દરિયાખેડૂ કોમો અને વહાણચાલકોની વિવિધ કક્ષાની ઓળખ, ગુજરાતના પ્રાચીન-અર્વાચીન જહાજી ઉદ્યોગ અને તેનાં દેશવિદેશ સુધી કીર્તિ પામેલા ગુજરાતી જહાજ બાંધનારા ઉદ્યોગપતિઓ નેં કારીગરોએ કરેલી હૈયાગીની ગૌરવનોંધને પણ પુસ્તકમાં સમાવવા સાથે, છેલ્લે દરિયો ખેડી વિદેશ જઈ વસેલા સાહસિક ગુજરાતીઓએ દેશની શાન બઢાવવામાં આપેલા હિસ્સાની નોંધ પણ એમણે લીધી છે. ગુજરાતનાં નવાં-જૂનાં બંદરોની ચડતીપડતી ને વર્તમાન પ્રગતિની વિગતો પણ એમણે આ પુસ્તકમાં આપી છે. આમ, ગુજરાતના વહાણવટાનો આ વિગતપૂર્ણ ઇતિહાસ એક અભ્યસનીય અને આવકાર્ય પ્રકાશન બન્યું છે. વહાણના પ્રકાર દર્શાવતાં કેટલાંક ચિત્રો, ગુજરાતનાં બંદરો બતાવતો એક નકશો અને નવ પાનાં જેટલી દીર્ઘ સંદર્ભસૂચિ આ પુસ્તકની ઉપયોગિતા વધારે છે. ડૉક્ટરેટ માટે લેખકે કરેલી આ વિષયની પસંદગી કેવળ એમને માટે જ લાભકર ન રહેતાં ગુજરાતના ઇતિહાસમાં અલ્પ સ્પર્શ પામેલા વિષયમાં એક ઉમદા પ્રદાન બની રહેતી હોઈ અભિનંદનીય છે.


(પ્રકા.: બી.એસ.રાજગોર, ૨૦ જેશીંગભાઈ પાર્ક સોસાએટી, સરદાર પટેલ હાઈસ્કૂલ પાસે, ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ–૮; પ્રાપ્તિસ્થાન: અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦૦૦૧; પાકું પૂઠું, ૨૩૨ + સૂચિ વગેરેનાં ૧૭ મળી કુલ ૨૪૯ પૃષ્ઠ, રૂ. ૨૦)

## અમર ચિત્રકથા

ભારતનાં પુરાણ ને ઇતિહાસમાંથી ચૂંટેલાં 'વિધવિધ કથાનકોને સરળ બાલભોગ્ય રીતે અને સુંદર પૂર્ણરંગી ચિત્રકથાના સ્વરૂપે રજૂ કરતી, હવે ઠીકઠીક ખ્યાતિ પામેલી 'અમર ચિત્રકથા' નામની પુસ્તિકા-શ્રેણીમાં છ નવાં પ્રકાશનોનું ઉમેરણ થયું છે. જુદાજુદા લેખકો અને ચિત્રકારો દ્વારા તૈયાર થતી આ ચિત્રકથા-શ્રેણીનાં અગાઉનાં ૯૭ પ્રકાશનોની માફક આ નવાં પ્રકાશનો પણ ભારતની પૌરાણિક અને ઐતિહાસિક કથાઓ તથા તેનાં વિવિધ પાત્રોનો અચ્છો પરિચય આપે છે.

વ્યાવસાયિક છતાં એક સદ્આશયભરી આ પ્રકાશન-યોજના મૂલતઃ બાળકો અને કિશોરો માટે ઘડાઈ છે. ગુજરાતી ઉપરાંત અંગ્રેજી સહિત અન્ય ભાષાઓમાં પણ આ ચિત્રકથાઓ પ્રકટ થાય છે. આ ગુજરાતી આવૃત્તિમાં ક્યાંક ભાષાદોષ–જોડણીદોષ રહી જવા ઉપરાંત, જેમને માટે આ ચિત્રકથાઓ તૈયાર થાય છે એ નાની વયનાં વાચકો સમક્ષ અમુક વિષયો ન મુકાય તો સારું એમ પણ લાગે છે. દા. ત. 'માલવિકા'ની પ્રેમકથા અને એમાં રાણીથી છાની રીતે માલવિકાને પ્રાપ્ત કરવાના રાજાના પ્રયાસો વગેરે જેવી બાબતો બાળકો સમક્ષ એમની આ વયે મૂકવાં ઈષ્ટ નથી. બાકી સમગ્રતયા આ માળા એક સારો ને આવકાર્ય પ્રયાસ છે. આ છેલ્લાં નવ પ્રકાશનોમાં—

**૧) પુંડલિક ને સંત સખુ**માં મહારાષ્ટ્રના ખ્યાત તીર્થધામ પંઢરપુરમાં શ્રી વિષ્ણુ ભગવાનને પણ રોકાઈ જવાની ફરજ પાડનાર એના એક પરમ ભક્ત પુંડલિકની, ને ભગવાન પાંડુરંગની એક મહાન ભક્ત, મહારાષ્ટ્રની વિખ્યાત સંત સખુબાઇનો કથાપ્રસંગ આપ્યો છે.




અમર ચિત્રકથા 'વાલી'નું પૂઠું

# મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



શ્રી જશવંત મહેતા

જન્મ : ભાવનગરમાં તા. ૧૧-૪-૧૯૩૧. રસાયણશાસ્ત્ર સાથે બી. એસસી. લારસન ઍન્ડ ટૉબ્રો લિમિ.માં 'માર્કેટિંગ એક્ઝિક્યુટિવ.' ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિના સભ્ય. 'વાર્તાવર્તુળ' (મુંબાઈ)ના સ્થાપક સભ્ય. 'સહકારી સાહિત્ય પ્રકાશન' તથા 'વિલેપારલે સાહિત્ય સભા'ના ભૂતપૂર્વ કારોબારી સભ્ય. ૨૫ નવલકથાઓ, ૬ પૉકેટ બુક્સ, ૪ વાર્તાસંગ્રહો, ૩ એકાંકી સંગ્રહો, ૧ ત્રિઅંકી નાટ્યના લેખક. અનેક સામયિકો-અખબારોમાં અને રેડિયો પર વિધવિધ કૃતિઓ આવતી રહી છે. ગુજરાતી તેમજ અંગ્રેજીમાં કાવ્યો પણ રચે છે. તાજેતરમાં 'એશિયન પોએટ મીટ' (મદ્રાસ)માં વર્તમાન ગુજરાતી કવિતા પર અંગ્રેજીમાં એક પેપર પણ રજૂ કરેલો.

૧ રચનાત્મક વલણ પર અનુભવિત નવલકથા વિષે આપનું મંતવ્ય જણાવશો?

■ માનવીય વૃત્તિઓની અનુભૂતિઓના કણને નવી જ નિર્માણનીતિ, કલાત્મક રસપ્રવાહ, વાચકોના ચિત્તને જકડી શકે તેવા પ્રસંગ અને પાત્રોનાં સર્જન, નવો જ રૂપબંધ, ભાવકની સંવેદનાને–રસવૃત્તિને જાગ્રત કરી શકે તેવા કલાપ્રકાર દ્વારા જે સર્જન થાય એને હું કહી શકું.

૨ નવલકથામાં કેવાં પાત્રોને આપ આલેખો છો?

■ મને જીવતાંજાગતાં માણસોમાં, એમનાં સંવેદનો ને એમની ધૂમરાતી વૃત્તિઓમાં વધુ રસ છે.

૩ એક સર્જક તરીકે આપને મન જિંદગી કેવી લાગે છે?

■ કૃત્રિમતાના તાજ પર ચમકતી, માનવીએ પોતાને ગમે તેવી રીતે ગોઠવી કાઢેલી, મળેલાં વર્ષો નિરર્થકપણે જવાનાં મહોરાંવાળી એક રમત છે!

૪ આજની નવલિકાને આપ કઈ રીતે મૂલવશો?

■ આજની નવલિકા એની તીક્ષ્ણ ધાર દ્વારા માનવહૃદયની આરપાર નીકળી માનવીના હૈયાના અવઘોળાટને નવાં જ રૂપકો ને નિર્માણનીતિ દ્વારા આલેખે છે. સાથોસાથ માનવીની બુદ્ધિનાં કેટલાંક છિદ્રોને પણ વીંધતી રહે છે.

૫ આજની ગુજરાતી કવિતા વર્તમાન વિશ્વસાહિત્યના વહેણ સાથે કેટલી સુસંગત છે?

■ વિશ્વસાહિત્યમાં આજની કવિતાએ જે વિષાદ અને નિઃસારતાનાં પ્રતિબિંબ પાડયાં છે એના જ પડઘા ગુજરાતી કવિઓએ પોતાની અનુભૂતિના રણકા સાથે મૌલિક રીતે પાડયા છે.

૬ વર્તમાન સાહિત્યનો ઝોક કઈ તરફ વધુ વ્યાપક લાગે છે?

■ માનવીને એ જેવો છે તેવો આલેખવા, કાળ કેટલો ક્ષણજીવી છે તે દર્શાવવા ને આટઆટલી સમૃદ્ધિ તથા લોકો વચ્ચે એ પોતે કેટલો નિઃસહાય છે તેનું દર્શન કરાવવા પ્રતિ તેમજ એના દ્વારા માનવીના અંતરંગને પામવાની દિશામાં લાગે છે.

૭ શુદ્ધ સાહિત્યસર્જન આપ શાને કહો?

■ મહોરાં પહેરીને જીવતા આદમીની મૃતવત્ ચેતનાને ઢંઢોળી, એના ચહેરાની અસલિયતને કલાના માધ્યમ દ્વારા વ્યક્ત કરતા સાહિત્યને શુદ્ધ કહી શકાય. આજનો સાહિત્યકાર ઝનૂનથી આ કાર્ય કરી રહ્યો છે.

૮ પંડિત યુગ, ગાંધી યુગ ને વર્તમાન યુગમાંથી સર્જનની દૃષ્ટિએ આપને કયો શ્રેષ્ઠ લાગ્યો?

■ સર્જનનો કલાવ્યાપાર યુગપ્રવાહ પર આધારિત રહ્યો છે. પરંતુ વર્તમાન યુગ મને વધુ શ્રેષ્ઠ લાગે છે. આજના યુવાન લેખકોની કૃતિઓ દ્વારા માણસને પોતાનું વધુ સ્પષ્ટ, પ્રામાણિક ને ન જીરવી શકાય તેટલી હદ સુધીનું વાસ્તવિક પ્રતિબિંબ એને નિહાળવા મળ્યું છે.




△ 'સંત સખુ'ની કથાનું એક પ્રસંગચિત્ર

**૨) રાજસિંહ**: બંગાળાના સુખ્યાત નવલકથાકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની એ નામની ઐતિહાસિક નવલકથા પરથી તૈયાર કરેલી ચિત્રકથા. પોતાની છબિનું અપમાન કરવા બદલ પોતાના ઝનાનખાનામાં દાસી બનાવવા પકડી મંગાવેલી રૂપનગરની રાજકુંવરી ચંચળકુમારીને, એની વિનતિથી, ઔરંગઝેબના સૈન્ય સાથે લડીને બચાવી લેનાર ઉદેપુરના પરાક્રમી રાજા રાજસિંહની કથા તેમાં છે.

**૩) પુરુષોત્તમદેવ ને પદ્માવતી**: પુરીના દેવ જગન્નાથના એકનિષ્ઠ અને પરાક્રમશીલ ભક્ત કલિંગના રાજકુંવર પુરુષોત્તમદેવ અને કાંચીની રાજકુમારી પદ્માવતીના પ્રેમ તથા એમાં એક નજીવી બાબતથી પડેલી અંટસ ને તેના ચાતુરીભર્યા સુખદ ફડચાની વાર્તા.

**૪) વાલી**: રામાયણનાં બે જાણીતાં પાત્રો વાલી ને સુગ્રીવ વચ્ચે ગેરસમજથી પ્રકટેલી દુશ્મનાવટ ને રામના દ્વારા વાલીવધ થયાની કથા.

**૫) નાગાનંદ**: બૃહત્કથાના એક બૌદ્ધ કથાનક પરથી સમ્રાટ હર્ષવર્ધને રચેલા 'નાગાનંદ' નાટકની ચિત્રવાર્તા. એમાં વિદ્યાધરકુંવર જિમૂતવાહન અને રાજકુંવરી મલયવતી વચ્ચે પ્રકટેલા પ્રેમ, એક નાગપુરુષ શંખચૂડ ખાતર પોતાનું બલિદાન આપવાની જિમૂતવાહનની ઉચ્ચ ભાવના ને એના પરિણામે નાગસંહારક ગરુડનું હૃદયપરિવર્તન થતાં સઘળા મૃત નાગને પુનર્જીવન મળ્યાની કથા.

**૬) માલવિકા**: મહાકવિ કાલિદાસના સૌ પ્રથમ નાટક 'માલવિકાગ્નિમિત્ર'નું કથાનક.

**૭) દશરથ**: યુવાવસ્થામાં પોતાના હાથે અજાણતાં થઈ ગએલી શ્રવણની હત્યાના કારણે પુત્રવિયોગમાં મૃત્યુ પામવાનો શાપ વહોરનાર, અને ત્યાર બાદ અનેક યજ્ઞો કરીને રામ જેવા પુત્રને પામનાર, તે એ અતિ પ્રિય પુત્રના રાજ્યાભિષેકનો નિર્ણય સાંભળી મંથરાએ કૈકેયીને કરેલી ચડવણીને કારણે રામને વનવાસ આપી, પૂર્વે પોતે કરેલા કર્મના ફળ રૂપે અંતે રામના વિયોગમાં પ્રાણ ત્યજનાર રાજા દશરથની કથા.

**૮) રાણા સંગ**: વિદેશી આક્રમણખોરોને હાંકી કાઢી રાજસ્થાનનાં સંખ્યાબંધ નાનાં રાજ્યોને સંગઠિત કરનાર પરાક્રમી રાજા બપ્પા રાવળના એક વીર વંશજ, ખાનવાના યુદ્ધમાં બાબરની સામે બહાદુરીથી ઝઝૂમનાર અને પોતાના જ સેનાપતિના વિશ્વાસઘાતને કારણે પરાજય પામી, એ નામોશીનું વેર ન વળે ત્યાં સુધી મેવાડત્યાગ કરી જનાર તથા રાણા પ્રતાપ જેવા સ્વમાની અને પરાક્રમી રાજાના પૂર્વજ રાણા સંગની કથા.

**૯) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર**: બંગાળી ભાષા અને ઉચ્ચારના પ્રખર પુરસ્કર્તા, લેખક, બંગાળમાં સ્ત્રી શિક્ષણના પ્રારંભક કેળવણીકાર, વિધવા વિવાહના પક્ષકાર અને બાળવિવાહના વિરોધી સમાજસુધારક, દુઃખિયાના બેલી દાનવીર બંગાળના એ વ્યક્તિવિશેષનો પરિચય.

પ્રત્યેકની કિંમત બે રૂપિયા. પ્રકાશક: ઈંડિયા બુક હાઉસ એડ્યુકેશન ટ્રસ્ટ, ૨૯ વુડહાઉસ રોડ, મુંબઈ ૪૦૦ ૦૩૯; ગુજરાતના મુખ્ય વિક્રેતા: પૉકેટ બુક સેન્ટર, જ્યોતિસંઘ સામે, રિલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

## નવાં પ્રકાશનો

**પલ્લવિકા**: ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તરે જેઠાલાલ ત્રિવેદીનાં મુક્તકોનું કરેલું ચયન. (પ્રકા. ગૂર્જર ગ્રંથભવન, બોઈવાડાની પોળ, કાલુપુર, અમદાવાદ; કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૩.)

**આરોગ્ય સંજીવની**: 'પહેલું સુખ તે જાતે નર્યા' એ સૂત્રને ફલિત કરવા માટે મનુષ્યે પોતાની દિનચર્યા કેવી રીતે સમજપૂર્વક ગોઠવવી જોઈએ તેનો આરોગ્યશાસ્ત્રની દૃષ્ટિએ વિવિધ પ્રકરણો પાડીને જાણીતા અનુભવી વૈદ્ય શ્રી બાપાલાલભાઈએ આ પુસ્તકમાં પરિચય કરાવ્યો છે. (પ્રકા. ગુજરાત રાજ્ય પુસ્તકાલય સ. સ. મંડળ લિ. સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા; પાકું પૂઠું, પૃ. ૩૮૨, રૂ. ૧૫.)

**સરદાર વલ્લભભાઈ પટેલ**: સરદાર પટેલની જન્મશતાબ્દી નિમિત્તે મુકુલભાઈ કલાર્થીએ તૈયાર કરેલી સરદાર પટેલની સંક્ષિપ્ત અને સુવાચ્ય જીવનચરિત રેખા. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૨.)

**કુમાર વીરસેન (૧-૨)**: કિશોરોને પ્રેરણાદાયી થઈ પડે તેવી સાહસપ્રવાસની આ કથામાં ત્યાગ, ટેક, ખાનદાની, વીરતા આદિને સરસ રીતે નિરૂપ્યાં છે ચંદ્રશંકર મણિશંકર ભટ્ટે. કિશોરોને આ કથા જરૂર વાંચવી ગમશે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૦૨, રૂ. ૪.)

**કુમાર વીરસેન (ભાગ ત્રીજો)**: સાહસ-પ્રવાસની આ ભેદી કથાનો ત્રીજો ભાગ પણ પૂર્વોક્ત ભાગોની જેમ જ કિશોરકલ્પનાને ઉત્તેજી સુરુચિપૂર્ણ મનોરંજન વાચન પૂરું પાડે છે. (લે. પ્રકા: ઉપર મુજબ, કાચું, પૃ. ૭૬, રૂ. ૩ા)

**સમ્પૂર્ણ ગાંધી વાઙ્મય ખંડ-૫૭**: ૧૬મી જાન્યુ.થી ૧૭મી મે ૧૯૪૩ સુધીના ગાળાને આવરી લેતાં ગાંધીજીનાં લખાણો, ભાષણો ને પત્રોનો આ હિંદી સંચય ગાંધીજીની રાજકીય પ્રવૃત્તિઓનો પરિચય આપી રહે છે. (પ્રકા. પ્રકાશન વિભાગ, પતિયાલા હાઉસ, નવી દિલ્હી. કાચું પૂઠું, પૃ. ૫૧૨, રૂ. ૭–૫૦)

# પ્રાચીન સિક્કા ૨૦

## ઉત્તર ભારતના અનુ-ગુપ્તકાલીન સિક્કા

લેખક • ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી



△ મથાળે પ્રથમ : થાણેશ્વરના શીલાદિત્ય–હર્ષવર્ધનના ચાંદીના સિક્કાની બે બાજુ. એમાં આગલી બાજુ પર રાજાનું મુખ અને પૃષ્ઠભાગ પર મયૂરની સંજ્ઞા છે. બીજો સિક્કો હૂણ-સાસાની પ્રકારનો એક સિક્કો. એના અગ્રભાગ પર મથાળે પાડાના મસ્તક સાથે, પાંખયુક્ત શિરસ્ત્રાણવાળા રાજાનું મસ્તક સાથે પહલવીમાં 'નપ્કી મલિક' એવું લખાણ છે. પૃષ્ઠભાગે વેદી તથા અનુચરો, જેમના મસ્તક પર ચક્રો છે. નીચલી હારમાં પહેલો સાસાનિયન સિક્કાની હિંદી નકલ જેવો ચાંદીનો સિક્કો–'ક્રમ. જેવા અગ્રભાગે રાજાનું મુખ ને પાછલી બાજુ વેદી દેખાય છે. ચોથો સિક્કો એ ચાંદીનો 'ગધૈયો' છે. એના અગ્રભાગે રાજાનું મુખ ને પાછળ વેદીનું અંકન છે.

છઠ્ઠી સદીના મધ્ય ભાગમાં મગધના ગુપ્ત સામ્રાજ્યનો સૂર્ય અસ્ત પામ્યો ત્યારથી માંડી તેરમી સદીના આરંભમાં દિલ્હીમાં મુસ્લિમ સલ્તનત સ્થપાઈ તે લાંબા ગાળા દરમિયાન ઉત્તર ભારતમાં નાનાંમોટાં અનેક રાજ્ય થયાં. એ સમયના સિક્કા ઘણા ઓછા મળે છે ને એમાં અગાઉની ભવ્યતા લુપ્ત થઈ લાગે છે. છતાં કેટલાંય રાજ્યોના સિક્કાઓ પર ગુપ્ત સિક્કાઓની અસર રહી. દા. ત. પશ્ચિમ બંગાળમાં સમાચારદેવ અને જયગુપ્ત નામે રાજાઓના સોનાના સિક્કા પ્રચલિત હતા. એના અગ્રભાગ પર ધનુર્ધર રાજાની આકૃતિ અને પૃષ્ઠભાગ પર લક્ષ્મી દેવીની આકૃતિ હોય છે. સમાચાર દેવના કેટલાક સિક્કા પર પર્યંક પર બેઠેલા રાજાની તથા હંસવાહના સરસ્વતીની આકૃતિ પણ અંકિત છે. ગૌડ (ઉત્તર બંગાળ)ના રાજા શશાંકે પણ સોનાના સિક્કા પડાવેલા. એના અગ્રભાગ પર નંદિવાહન શિવની અને પૃષ્ઠ ભાગ પર ગજ–લક્ષ્મીની આકૃતિ છે.

છઠ્ઠી–સાતમી સદીમાં અનુકાલીન ગુપ્તોની, કનોજમાં મૌખરિઓની અને થાણેશ્વરમાં વર્ધનોની સત્તા પ્રવર્તી, મૌખરિઓ તથા વર્ધનોના ચાંદીના સિક્કા મળ્યા છે. કુમારગુપ્ત—સ્કંદગુપ્તના સિક્કાઓની જેમ એના અગ્રભાગ પર રાજાનું મુખ અને પૃષ્ઠ ભાગ પર મોરનું ચિહ્ન હોય છે. મૌખરિઓના સિક્કા પર વર્ષની સંખ્યા આપેલી છે. વર્ધન વંશનો રાજા હર્ષ 'શીલાદિત્ય' તરીકે ઓળખાતો. ચેદિ દેશના કલચુરિ રાજાઓના સિક્કા પણ ગુપ્ત સિક્કાની ઢબના છે. એમાં પૃષ્ઠભાગ પર નંદિનું ચિહ્ન રાખવામાં આવ્યું છે.

ઉત્તર પ્રદેશમાં સોનાના સિક્કા તદ્દન વિરલ હતા. ઉમા-મહેશ્વરની આકૃતિવાળો એક સિક્કો રાજા હર્ષવર્ધનનો ગણાય છે. પૂર્વ ભારતમાં મળેલા આઠમી સદીના એક સિક્કાના અગ્રભાગ પર અવલોકિતેશ્વરને અંજલિ જોડતા રાજાની આકૃતિ અને પૃષ્ઠભાગ પર ગજચિહ્ન છે. રાજાનું નામ 'વિન્ધ્યશક્તિ' જણાવ્યું છે, પરંતુ એ રાજા કયા વંશનો હતો એ જાણવા મળ્યું નથી. બંગાળના પાલ વંશના રાજા દેવપાલનો સોનાનો સિક્કો ધનુર્ધર રાજાની તથા લક્ષ્મીની આકૃતિથી અંકિત છે.

આઠમી સદીના અંતમાં મધ્ય અને પશ્ચિમ ભારતમાં ચાંદીના નાના (૬–૭ ગ્રેઈનના) સિક્કા પ્રચલિત થયા. એના અગ્રભાગ પર હસ્તીની આકૃતિ અને પૃષ્ઠભાગ પર 'રણ-હસ્તી' લેખ હોય છે. એ સિક્કા પ્રતીહાર રાજા વત્સરાજના છે. સિદ્ધરાજ જયસિંહના સિક્કા પણ આ પ્રકારના છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં સાતમી સદીમાં હૂણ-સાસાની પ્રકારના સિક્કા પ્રચલિત હતા. એમાં હૂણ તથા સાસાની સિક્કાની અસર પ્રવર્તે છે. અગ્રભાગ પર રાજાનું મસ્તક અને પૃષ્ઠભાગ પર અગ્નિકુંડ હોય છે. એમાં રાજાના મસ્તકે મહિષશિરનું શિરોવસ્ત્ર હોય છે. સામાન્ય રીતે સિક્કાનો અગ્રભાગ તથા પૃષ્ઠભાગ એકીસાથે મુદ્રાંકિત કરાતો, પરંતુ આ સિક્કાઓમાં પહેલાં પૃષ્ઠભાગને મુદ્રાંકિત કરી, તેને એરણ પર મૂકી અગ્રભાગ મુદ્રાંકિત કરાતો, તેથી પૃષ્ઠભાગ પરનું અંકન દબાઈ જતું. આથી આ સિક્કા પુનર્મુદ્રાંકિત થયા હોવાનો-ભ્રમ થાય છે. આ સિક્કાઓ પર (૧) પહલવી કે સંસ્કૃત અથવા (૨) પહલવી અને હૂણ યા (૩) પહલવી, હૂણ અને સંસ્કૃત લેખ હોય છે.

આ સિક્કાઓ પરથી રાજસ્થાન, ગુજરાત અને માળવામાં ભારતીય–સાસાની સિક્કા પ્રચલિત થયા એ હલકી ચાંદીના ૬-૭ ગ્રેઈનના હોય છે ને 'દ્રમ્મ' કહેવાય છે. સમય જતાં આ સિક્કા વધુ ને વધુ જાડા ને નાના થતા ગયા. એના પરનાં ચિહ્ન તો ઓળખી ન શકાય તેવાં ઢંગધડા વગરનાં બની ગયાં. લેખમાં પણ રાજાના નામના પહેલા એક–બે અક્ષર જ અપાતા, આ સિક્કા 'ગધૈયા સિક્કા' કહેવાય છે.

## ગુજરાત સિક્કા પરિષદ

ટિકિટ-સંગ્રહની જેમ પ્રાચીન-અર્વાચીન સિક્કાઓના સંગ્રહનો વ્યાસંગ પણ વ્યાપક છે. પરંતુ એનાં મંડળો સરખામણીમાં નહિવત્ છે. સમવ્યાસંગીઓનું એક જૂથ રચવાના તથા એ રીતે અરસપરસ જ્ઞાનલાભ પામવાના ઉદ્દેશથી છેલ્લાં બે વર્ષથી વડોદરામાં 'ગુજરાત સિક્કા પરિષદ' કાર્ય કરી રહી છે. નિયમિત રૂપે સૌ સભ્યો એકઠા થવા ઉપરાંત, અવારનવાર આ ક્ષેત્રના નિષ્ણાતોનાં વ્યાખ્યાનો યોજીને ભારત સરકારના નવા બહાર પડતા સિક્કાના પ્રૂફસેટ્સ સભ્યો માટે મેળવી આપીને તથા બહારગામના સભ્યોને મંડળે યોજેલાં વ્યાખ્યાનોની નકલ મોકલી તે દ્વારા તેમને સતત સંપર્કમાં રાખીને આ મંડળ સિક્કાશૉખીનો માટે ઉપયોગી બનવા સાથે આ વ્યાસંગના વિકાસનું કાર્ય કરી રહેલ છે. એના નિયમો અને વધુ માહિતી વગેરે માટે ઈચ્છુકોએ ન્યૂમિસ્મૅટિક સોસાએટી ઑવ ગુજરાત C/o મ્યૂઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલેરી, સયાજી પાર્ક, વડોદરા–૩૯૦૦૦૫ એ સરનામે પૃચ્છા કરવી.

# કલાવાર્તા



## મધુબની કલા


**ભા**રતીય નારીને દેશની કળા ને સંસ્કૃતિના જીવંત સ્વરૂપ સમી માનવામાં આવે છે. એના જીવનસમગ્રમાં એની નૈસર્ગિક સૌંદર્યદૃષ્ટિ પ્રતિબિંબિત થતી રહે છે. ભારતીય જીવનના આ પાયાના અંગમાં આગવી સંસ્કૃતિનો એક સળંગ પ્રવાહ વહેતો દેખાય છે. શહેરની હવાથી અલિપ્ત એવા, આ દેશના ગ્રામપ્રદેશોમાં હજી યે અસલનું ભારત જળવાઈ રહ્યું છે. એવો એક પ્રદેશ છે ઉત્તર બિહારમાં મિથિલાનો વિસ્તાર. પ્રશિષ્ટતાના ઓપ વિનાની એ સીતાજીની 'જનમભોમકા'.

ગરીબ છતાં પોતાના સદીઓજૂના સંસ્કારોથી ધની મૈથિલી નારી આજે યે પોતાની પરંપરિત કલાસાધનાને જાળવી રહી છે. પોતાના ગરીબ ઘરને એ પોતાનાં વંશાનુગત ચિતરામણોથી ભર્યુંભર્યું કરી દે છે. એની રેખાઓમાં એ શુભ ભાવનાઓના સ્રોત વહાવે છે. નર્યું સહજ સરળ એ આલેખન એના જીવન સાથે વણાઈ ગએલું છે. એનાથી વંચિત ઘરને એ અપશુકનિયાળ ગણે છે. એના જીવનમાં આ ચિત્રો એક લહાવો છે—તૃપ્તિ છે. પણ અન્યથા બહુ કપરી સ્થિતિમાં તેઓ જીવે છે. એવી એક કપરી સ્થિતિ ઈ. ૧૯૬૭માં સર્જાઈ. દુષ્કાળથી ગ્રસ્ત એ પ્રદેશની પ્રજાને સહાય કરવા સરકારને દોડવું પડયું. પરંતુ માત્ર સરકારી આશરે ન રહેતાં ગૌરવભેર થોડી શી આવક રળી શકે એવા કોઈ હળવા કામે એમને લગાડવાનું વિચારાઈ રહ્યું હતું, એવામાં એમનાં ઘરની ભીંતો પર એ ગ્રામનારીઓએ કરેલાં ચિતરામણ એક કલાપારખુની નજરે ચડયાં અને એને ભીંત પરથી કાગળ પર ઉતારવાનો વિચાર ઝબકી ગયો. એ ખયાલ અમલી બન્યો અને મૈથિલી ગ્રામપ્રદેશની નારીની એ આપકળા કાગળ પર રમતી થઈ. ગામના નામ પરથી 'મધુબની' નામે મૈથિલી લોકનારીની એ ચિત્રકળા આજે તો હવે ભદ્રલોકના આવાસો, આલીશાન હોટેલો તથા સરકારના એલચીખાતાની કચેરીઓ સુધ્ધાંને શોભાવવા લાગી છે. કાપડ, ગાલીચા, કાચનાં વાસણો ને અભિનંદનપત્રો પર એ પ્રયોજાવા લાગી છે.

દુનિયાભરની ચિત્ર ને શિલ્પકળાની પેઠે મધુબનીનું મૂળ પ્રેરક બળ પણ ધર્માનુસારી ભાવનાઓમાંથી જ મળ્યું હશે. દુર્ગા, શિવ, રામ, કૃષ્ણ જેવાં દેવ-દેવીઓ એ એના મુખ્ય ચિત્રવિષયો. અન્ય શોભનો એ તો એ સૌનું મહત્ત્વ વધારવા માટેનાં. એક સમયે આ તરફ પણ તાંત્રિક પ્રભાવ પ્રસરેલો, એટલે એની અસર પણ એમાં ખરી. રાજા જનકના સમયનું આ એક જ્ઞાનકેન્દ્ર પણ ખરું, એટલે એ કાળનો સાંસ્કૃતિક પ્રભાવ પણ યુગાનુસાર પલટાતો રહીને મૈથિલી નારીની સર્જનશક્તિમાં જળવાઈ રહ્યો છે. એક આગવા આધ્યાત્મિક સ્પર્શવાળી હિમાલયની તળેટીની આ ભૂમિ પણ મૈથિલી સ્ત્રીઓની આ સાદગીભરી કલ્પનાશક્તિને પ્રેરણા પાતી રહેતી હશે. એટલે અનેક ઘરકામથી પ્રવૃત્ત એમની આંગળીઓ ઘરની લીંપેલી ભીંતો કે હાથ-બનાવટના કાગળ પર અજાણપણે યે સુંદર રેખાઓ ઉતારી તેમાં શુદ્ધ ઊજળા રંગો પૂરવા પ્રેરતી હશે. એ માટે એને મુલાયમ પીંછીની જરૂર નથી. વાંસનો કૂચડો કે સાંઠીકડા



કૃષ્ણ-રાધા: મધુબની ચિત્ર



## શ્રેયસ લોકકલા સંગ્રહસ્થાન

ગામડાં ભાંગીને શહેરો વધવા માંડવાથી, ઔદ્યોગિક વિકાસ વધવાથી તથા સાંસ્કૃતિક મૂલ્યોમાં પરિવર્તનો આવવાથી આપણી સદીઓજૂની લોકકળા ને હુન્નરો હવે ઝડપથી ભુલાવા લાગ્યાં છે. મુક્ત કંઠે ગવાતાં ગીતો, લોકનૃત્યો ને લોકસંગીત વગેરેની યે હવે અધોગતિ થઈ રહી છે. આમાંનું હજી યે જે કંઈ બચ્યું છે, જે કંઈ પ્રાપ્ય છે તે બધું હવે સંઘરી લેવું–જાળવી લેવું જરૂરી છે કે જેથી હવે પછીની પેઢીના લોકો, તથા માનવસંસ્કૃતિ, કલા અને સામાજિક રસમોરિવાજના દેશના તેમજ પરદેશના અભ્યાસીઓ એને જોઈ-માણીને સમજી શકે.

અમદાવાદના શ્રેયસ ફાઉન્ડેશન ટ્રસ્ટે એક વિસ્તૃત યોજના કરી તાજેતરમાં ગુજરાતની લોકકળાના જ ખાસ એવા એક સંગ્રહસ્થાનની સ્થાપના કરી છે. હાલમાં એ માટે પોતાની શિક્ષણસંસ્થાના વિસ્તારમાં એક ખાસ મકાન ફાળવી તેમાં ગુજરાતનાં ભરતકામ, ખેતીકામ, લોકવરણનાં વિવિધ આભૂષણો, કાષ્ઠ અને ધાતુની લોકકારીગરીવાળી અવનવી ચીજો વગેરેનો સંગ્રહ એકઠો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, લોકજીવન અંગે સર્વાંગી સંગ્રહ કરવાની એની નેમ છે. આ ઉપર શ્રેયસના સંગ્રહમાંના વેલડાના માફા ને બળદની ઝૂલનો શણગાર દર્શાવ્યો છે.

પર રૂ યા કાપડનો લીરો વીંટીને કે ક્યારેક દીવા-સળી વડે પણ એ ચીતરે. ખડી ચૂનો, રંગીન ફૂલો કે ઘાસપાન અને ગળી વગેરે જેવી સહજ પ્રાપ્ય ચીજોમાંથી એ પોતાના રંગ બનાવી લે.

પણ મધુબનીની ખરી લાક્ષણિકતા તો છે એની જમાનાની અસરોથી અભડાયા વિનાની સહજ સરળતા. બહારની કોઈ પણ અસરોથી મુક્ત એનાં ચિતરામણમાં અંતરમાંથી સીધું ઊતરી આવતું એમના લોકહૃદયનું ખરું પ્રતિબિંબ પ્રકટ થાય છે. દેશમાં થતી રહેલી અનેકવિધ ઊથલપાથલોનો સ્પર્શ પામ્યા વિના આજે યે આ લોકકળા એના અસલ પરંપરિત રૂપમાં પોતાની શુદ્ધતા જાળવી રહી છે.

મધુબનીની આ અસલિયતને પ્રમાણીને ઈ. ૧૯૭૦માં અહીંના જીતવારપુરની એક મહિલાને રાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય પુરસ્કારથી નવાજી હતી. સરકાર દ્વારા કદર પામતાં અને આ લોકકળા પ્રતિ બહારની દુનિયામાં આકર્ષણ જામતાં આજે તો અહીંની સંખ્યાબંધ સ્ત્રીઓએ એને પોતાની આજીવિકાનું સાધન બનાવી દીધી છે. અહીંની જગદંબાદેવી, મહાસુંદરીદેવી, સીતાદેવી, ઉષાદેવી ને અમીનાદેવી વગેરેની કૃતિઓની આજે મોટી માગ રહે છે. છેક પોલૅન્ડ અને કૅનેડામાં મોટા પ્રમાણમાં મધુબની ચિત્રો ખરીદાયાં છે.

આમ, વિદેશમાં મધુબનીની નિકાસની શક્યતા ઊભી થતાં 'ભારત હસ્તકારીગરી મંડળે' 'હસ્તકૌશલ અને હાથશાળ નિકાસ નિગમ'ના સહયોગથી મધુબની માટે એક વેચાણ અને સેવા-વિસ્તરણ કેન્દ્ર સ્થાપ્યું છે, જે અનેકવિધ રીતે મધુબની ચિત્રકામને પ્રયોજવા માંડયું છે. એનું એક ઉદાહરણ 'કુમાર'ના ગયા માસના અંકના પાછલા પૂઠા પરની જાહેરાતમાં પણ જોઈ શકાશે. આપણે ઇચ્છીએ કે એની સદીઓજૂની શુદ્ધતાને આપણા યુગની આભડછેટ લાગી ન જાય. □

## કાગળ-કટાઈ

કાગળ-કટાઈ એ એક કલાકૌશલ છે. બહુ જૂના સમયથી એ જાણીતું છે. અનેક દેશોમાં એનો આગવો વિકાસ થએલો છે, પણ ચીન કદાચ એમાં સૌને મોખરે છે. અત્યંત પાતળા કાગળમાં અતિ બારીક કાપ કોતરણીવાળાં ચીની નમૂનાઓ એની નજાકતભરી અનેકવિધ ભાત અને રંગબેરંગી પોતને કારણે આશ્ચર્યજનક સિદ્ધિ દાખવે છે. વૈષ્ણવ મંદિરોમાં સાંઝી પૂરવાનાં ઓઠાંથી માંડી નાનાવિધ શોભનો સાથે બારીક કટાઈવાળાં સુંદર ચિત્રોનું સર્જન આપણે ત્યાં પણ થતું રહ્યું છે. 'કુમાર'માં અવારનવાર આવી કૃતિઓ પ્રકટ થતી રહી છે, જેમાંનાં પાટણના રામપ્રસાદ ભૈયાજીનાં અત્યંત બારીકીભર્યા શોભનયુક્ત કટાઇચિત્રો ઘણા વાચકોને યાદ હશે. મનાય છે કે યુરોપમાં અઢારમી સદીમાં કાગળકટાઈનો ઠીકઠીક પ્રચાર હતો ને આ સદીના બીજા દાયકા સુધી એવી કૃતિઓની સારી એવી માગ પણ રહેતી હતી. એ સમયનાં છાયાચિત્ર રૂપ કાગળકટાઈના ૮૫ જેટલા સુંદર નમૂનાઓનો સંગ્રહ 'ડેકોરેટિવ સિલહ્રૂટ્સ ઑાવ ટ્વેન્ટીઝ ફૉર ડિઝાઈનર્સ ઍન્ડ ક્રાફ્ટ્સમેન' નામે તાજેતરમાં ઇંગ્લૅન્ડમાં પ્રકટ થયો છે. એમાંની ત્રણ કૃતિઓ ઉપર આપી છે.








શાળાના કલાવર્ગમાં આ એક અપનાવવા જેવું અંગ છે. એના દ્વારા શોભન-સંયોજનની કલાદષ્ટિ, હાથની ચોકસાઈ અને ધીરજ કેળવાય છે. જોકે કેટલીક શાળાઓમાં કાગળ-કટાઈ કરાવાય છે, પણ બહુધા એમાં કાગળને બેવડો-ચોવડો વાળી, તેમાં ભૌમિતિક આકારો કે થોડાં ફૂલપાનવાળી આકૃતિઓથી આગળ આ કામ વધતું બહુ ઓછી શાળાઓમાં જોવા મળે છે. આ સાથે શાળાનાં વિદ્યાર્થીઓની પણ બે કૃતિઓ આપી છે, જે વડોદરાના 'હૉબી સેન્ટર'માં જતી બાળાઓએ કોતરેલી છે.



કુ. અમી રાવજીભાઈ પટેલ (વય ૧૩ વર્ષ) ▷

▽ કુ. નમિતા પટેલ (વય ૧૪ વર્ષ)






























**આપણો રાષ્ટ્રધ્વજ :** સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજનો પણ નાનકડો ઇતિહાસ છે. એના ત્રણ રંગ અને ચક્રની પાછળ આ દેશની સનાતન પ્રણાલિ અને ચેતના રહેલાં છે. સમ્રાટ અશોકની ૨૦૦૦ વર્ષથી ચાલી આવતી પ્રણાલિકા અને રાષ્ટ્રપિતા ગાંધીજીએ દેશભરમાં પ્રસરાવેલી સ્વાતંત્ર્યની ચેતનાનું એ પ્રતીક છે. અશોકના એ ધર્મચક્ર પાછળ કેવળ સાંસ્કૃતિક મહત્તા જ નહિ, પરંતુ ભારતનો જગત પ્રત્યેનો શાંતિ ને સદ્‌ભાવનાનો સંદેશ પણ છે. એના ત્રણ રંગમાં ગાંધીવાદનો વિજય અંકિત કરતાં, ત્યાગ ને નમ્રતા, સાદાઈ તથા દાક્ષિણ્ય ને શ્રદ્ધાનો સંદેશ રહેલો છે. પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આપણા ધ્વજનો ઇતિહાસ, અર્થ અને ઉપયોગ દર્શાવતો એક સચિત્ર લેખ પ્રકટ થએલો. એમાંથી આપણા આ ધ્વજની રચનાના વિવિધ તબક્કા પર સ્વાતંત્ર્યના આ માસમાં ફરી એક દૃષ્ટિપાત કરીએ: ◖ મથાળેથી પહેલી હારથી ડાબી બાજુ અનુક્રમે : (૧) ઈ. ૧૯૦૬ની ૭મી ઑગસ્ટે કલકત્તામાં રચાએલો પહેલો રાષ્ટ્રધ્વજ; જેમાં મથાળે હિંદુના લાલ પટ્ટામાં આઠ કમળ, વચ્ચે પીળા પટ્ટામાં 'વંદેમાતરમ્' શબ્દો અને નીચે મુસ્લિમના લીલા પટ્ટામાં સૂર્ય અને ચાંદતારા. મુદ્રણની મર્યાદાને લીધે અહીં રંગ જતા કરવા પડયો છે. (૨) તેના ઉપરથી યુરોપમાં ક્રાંતિકારી માદામ કામાએ થોડો ફેર કરી 'સોસ્યાલિસ્ટ ઈન્ટરનૅશનલ'માં રજૂ કરેલો ધ્વજ, જેમાં મથાળાના લાલ પટ્ટામાં આઠ કમળને બદલે શરૂમાં એક કમળ અને તે પછી સપ્તર્ષિના સૂચક સાત તારકો. (૩) ૧૯૧૭ની હોમરૂલ ચળવળ વખતે ડૉ. ઍની બેસંટે યોજેલો ધ્વજ, જેમાં નવ લાલ-લીલા પટ્ટા વચ્ચે સપ્તર્ષિના તારક, ચાંદ-તારા, તથા બ્રિટિશ કૉમનવેલ્થમાં રહેવાના સંકેત રૂપ મથાળે યૂનિયન જૅક. (૪) ગાંધીજીએ ૧૯૨૧માં યોજાવેલો રાષ્ટ્રધ્વજ, જેમાં લઘુમતિઓનો સફેદ, મુસ્લિમોનો લીલો અને હિંદુનો લાલ એમ ત્રણ પટ્ટા ઉપર મોટો બ્લુ રેંટિયો. (૫) શીખોએ પોતાનો કાળો રંગ ઉમેરવાનો આગ્રહ કર્યાથી, મહાસમિતિએ નીમેલી ખાસ કમિટીએ સૂચવેલો, એકલા કેસરી ધ્વજમાં ઉપલે ડાબે ખૂણે આસમાની રેંટિયો. (૬) કોમસૂચક રંગો કાઢી નાખી, શૌર્ય માટે કેસરી, શુદ્ધિ માટે સફેદ અને શ્રદ્ધા માટે લીલા રંગો રાખી, ધોળા પટ્ટામાં બ્લુ રેંટિયાવાળો માન્ય થએલો રાષ્ટ્રધ્વજ, જેની નીચે લડીને કૉંગ્રેસે સ્વાતંત્ર્ય લીધું. (૭) સ્વાતંત્ર્ય પછી બંધારણ-સભાએ રેંટિયાને બદલે અશોકચક્ર મૂકીને દેશસમસ્તના રાષ્ટ્રધ્વજ તરીકે નિશ્ચિત કરેલો આજનો આપણો પ્રમાણભૂત ધ્વજ. (૮) ભારતરાષ્ટ્રના સર્વાધિષ્ઠાતા રાષ્ટ્ર-પ્રમુખનો ખાસ ધ્વજ, જેમાં ધ્વજના ચાર સરખા ભાગ પાડી, ઉપલે ડાબે અને નીચલે જમણે ખૂણે બ્લુ લંબચોરસમાં અનુક્રમે રાષ્ટ્રની સિંહમુદ્રા અને સમૃદ્ધિના પ્રતીક રૂપ પૂર્ણકળશ; તથા ઉપલે જમણે અને નીચલે ડાબે ખૂણે લાલ લંબચોરસમાં અનુક્રમે ધૈર્ય, બળ અને ગૌરવનું પ્રતીક હાથી, તથા ન્યાય અને કરકસરનાં સૂચક ત્રાજવાં છે.

---

# ટિકિટ-સંગ્રહ







▷

કૅનેડામાં મૉન્ટ્રીઅલ ખાતે યોજાએલી ૨૧મી વિશ્વ ઑલિમ્પિક સ્પર્ધાઓ નિમિત્તે એના પ્રથમ દિન તા. ૧૭મી જુલાઈએ ભારતે આ ચાર ખાસ બહુરંગી ટિકિટો બહાર પાડી છે. એના પર મૂલ્યાનુક્રમે પહેલી ટિકિટ પર ઑલિમ્પિકની ધ્યાનસંજ્ઞાને સાંકળી લઈને નિશાનબાજીનું સૂચક આલેખન, બીજી પર શૉટપુટ, ત્રીજી પર હૉકી અને ચોથી પર દોડની સ્પર્ધાનાં નિર્દેશક આલેખનો છે, જેનાં ડિઝાઈન અનુક્રમે ગોપી ગજવાણી, બી. જી. વર્મા, સુકુમાર શંકર તથા ભારત પ્રતિભૂતિ (સીક્યોરિટી) મુદ્રણાલયે તૈયાર કરેલાં છે. જમણી બાજુ ગઈ ૧૫મી જુલાઈએ તમિલનાડુના દેશખ્યાત રાષ્ટ્રીય નેતા કુમારસ્વામી કામરાજ (૧૯૦૯-૧૯૭૫)ની જન્મ-તિથિ નિમિત્તે બહાર પડેલી ખાસ ટિકિટ. (પ્રેષક: કિરણચંદ્ર જોષી અને ડાહ્યાલાલ પરમાર · અમદાવાદ) ☐ જમણી બાજુ મથાળે: 'રૉયલ રોઝ સોસાએટી' નામે ગુલાબના રસિયા બાગાયત શોખિનોની એક સંસ્થા એના વ્યાપક વર્તુળ બહાર પણ સુવિખ્યાત છે. એ સંસ્થાની શતાબ્દી નિમિત્તે ગયા જૂનની ૩૦મી તારીખે બ્રિટને આ ચાર ખાસ બહુરંગી ટપાલ-ટિકિટો બહાર પાડી. એના પર (મૂલ્યાનુક્રમે) આપેલાં 'ઇલિઝાબેથ ઑવ ગ્લૅમિસ', 'ગ્રાન્ડપા ડિક્સન', 'રોઝા મુન્ડી', અને 'સ્વીટ બ્રીઅર' ગુલાબનાં ચિત્રોનાં ચિત્રલેખા છે ક્રિસ્ટિન રૉઝેનબર્ગ. પુષ્પ ચિત્રણામાં એમણે ૧૮ જેટલા ચંદ્રકો જીત્યા છે. ચિત્રપ્રદર્શનોમાં એમનાં મોટા ભાગનાં પુષ્પચિત્રો વેચાઈ જાય છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી · લંડન)



## વૃક્ષવેલ-પરિચય [૪૮] જરૂલ



જરૂલ નામ અજાણ્યું લાગે, પણ સીલોનથી માંડી દક્ષિણ ભારત, બંગાળા, આસામ અને બર્મામાં નદીકાંઠાની કે વધુમાં ભેજવાળી જમીનમાં બધે ઊગે છે અને એનાં રૂપસુંદર ફૂલોને કારણે બહુ જાણીતું છે. અન્યત્ર પણ ઘણાં સ્થળે બગીચામાં શોભા માટે તથા માર્ગો પર છાયા સારુ એ ઉગાડાય છે, પરંતુ સૂકા પ્રદેશમાં એ બરાબર ફાળતું નથી.

જરૂલ વીસેક મીટર ઊંચું વધતું મોટું પાનખરી વૃક્ષ છે. એનાં પાન એકાદ વેંત લાંબાં, બિત્રણ આંગળ પહોળાં, અણિયાળાં ને ટચુકડી દાંડલીવાળાં. ખરી પડતાં પહેલાં એ રાતાં પડી જાય છે. એપ્રિલ-મેના અરસામાં ગુલાબીથી જાંબલી રંગઝાંયવાળાં મોટાં ફૂલનાં ઝૂમખાંથી વૃક્ષ અત્યંત મનોહર દેખાય છે. એની પાંખડીઓ સહેજ કરચલીવાળી લાગે છે. ફૂલ ખરવાનાં થાય ત્યાં સુધીમાં એની રંગભભક આછી થતી જઈ લગભગ સફેદ બની જાય છે.

જરૂલનાં ફળ જાંબુ જેવડાં, કઠણ ને લીસા કોચલાવાળાં. પાકીને એ ફાટે ત્યારે અંદરથી આછાં તપખીરી રંગનાં અનેક બીજ નીકળે છે. આ બીજ રોપીને જ જરૂલ ઉગાડી શકાય. આરંભનું એક વર્ષ એનો વિકાસ ધીમો રહી પછી એ ઝડપથી વધવા લાગે છે. એકાદ વર્ષનો રોપ સ્થળાંતર કરી યોગ્ય જગ્યાએ રોપી શકાય. વૃક્ષને સારા આકારમાં રાખવા અવારનવાર એની શાખાઓ કાપી નાખવી પડે. ત્રણથીપાંચ વર્ષે જરૂલને ફૂલ આવે છે.

જરૂલની છાલ ભૂખરી ને સહેજ લીસી. જરૂલમાંથી ગુંદિયા રાળ નીકળે છે. જરૂલનું લાકડું કઠણ ને ટકાઉ હોઈ વહાણ, હોડી, બંદૂકના હાથા, ગાડાં વગેરે જેવી ખડતલ ચીજો બનાવવામાં કામ લાગે છે. ઈમારતી કામમાં સાગ પછી સારું કાષ્ઠ જરૂલનું ગણાય છે. □





# મધુકરી

આજે તો હું મને યે કો
અજાણી લાગણી કેરા સ્પર્શે જાણે ચહી રહું.
ઝૂકી'તી ડોક જે, તેના છટાથી કેશ ઊડતા,
મૂગા જે હોઠ રે, તેનાં અંકારે ગીત ગુંજતાં,
અંધારાં ભરતી આંખે ભર્ગનાં તેજ ફૂટતાં
આગનો પ્રાણવાયુ આ છાતીમાંહી રમી રહ્યો,
હુંકારે એહના બ્રહ્માંડોમાં શા કંપ ઊઠતા! –રાજેન્દ્ર શાહ

### વાસુદેવભાઈ વૈદ્ય—ઔષધીય રસાયણશાસ્ત્રી

દિલ્હીમાં યોજાએલી સંસ્કૃત પરિષદ (ઈ. ૧૯૭૧–'૭૨)માં 'સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન ઇન્ડિયન મેડિસિન ઍન્ડ હોમિયોપથી'ના ઉપક્રમે એક પરિસંવાદ યોજાયો હતો. ચર્ચાનો વિષય હતો 'આધુનિક ઔષધવિજ્ઞાનમાં આયુર્વેદનો ફાળો.' એમાં 'ધાતુઓનું શોધન અને મારણ તથા ઉપચાર-પ્રક્રિયામાં એનાં ખનિજતત્ત્વોના ફેરફારો' એ વિષય પર, સૌરાષ્ટ્ર રાજ્યના ભૂતપૂર્વ આયુર્વેદ નિયામક વૈદ્યરાજ વાસુદેવભાઈ દ્વિવેદીએ પોતાનો એક વિચારપ્રેરક નિબંધ રજૂ કર્યો હતો. વાસુદેવભાઈ ગુજરાતમાં આયુર્વેદની રસાયણશાસ્ત્ર શાખાના સૌથી પીઢ અનુસ્નાતક-પ્રાધ્યાપક છે. જીવનનો મોટો ભાગ એમણે આયુર્વેદના શિક્ષણમાં અને આયુર્વેદના વિદ્યાર્થીઓને દિશા સૂચવવા ઔષધીય રસાયણશાસ્ત્ર અંગેના વિધવિધ પ્રયોગોમાં ગાળ્યો છે. આજના વિદ્વાનો અને બુદ્ધિજીવીઓ પોતાના વિષયના સંશોધન અને પ્રયોગો પ્રતિ ઉદાસીન રહી પોતાની શક્તિ વેડફે છે એમ તેઓ માનતા હોઈ આજના શિક્ષણ અને જ્ઞાનનું છીછરાપણું ટાળવા પોતે આયુષ્યની પોણી સદીએ પહોંચ્યા છતાં રસવૈદ્યક અંગે હજી યે પૂર્ણ ઉત્સાહથી સક્રિય રસ લઈ રહ્યા છે.

ચરક અને સુશ્રુતના યુગમાં પણ ધાતુઓના ઔષધીય પ્રયોગો અર્થે એનાં શોધન-મારણનું જ્ઞાન તો હતું જ, અને નાગાર્જુન, ગોવિંદપદાચાર્ય તથા ખાસ કરીને ચક્રદત્તના સમયમાં તથા તે પછી આઠથી તેરમી સદીના ગાળામાં આ 'ઔષધીય રસાયણવિજ્ઞાન' એટલે કે 'ભસ્મવિજ્ઞાન'નો સારો એવો વિકાસ અને પ્રચાર પણ હતો; છતાં વાસુદેવભાઈ માને છે કે આજનાં વધુ વિકસિત સાધનોનો લાભ લઈ આ ધાતુઓના ઔષધીય ક્ષારો બનાવવાનો પૂરતો અવકાશ છે. આવા ક્ષારોના અનેક સફળ પ્રયોગો એમણે જાતે કર્યા પણ છે.

વિવિધ વનસ્પતિના રસનો જ પ્રયોગ કરી સોનાનું શોધન કરવાને બદલે પૂર્વકથિત રીતે એને તપાવીને તેલ, તક્ર, ગોમૂત્ર, કાંજી અને કળથીના ઉકાળામાંથી એને પસાર કરીને એનું શોધન તથા મહાગજ, વરાહ, કુક્કુટ, ગોવર, કામોટ, લવક અને ભન્દના પુટ આપ્યાથી જ એ ભસ્મ કરવાને યોગ્ય બને છે એમ તેઓ માને છે. આ પ્રયોગમાં ધાતુને પૂર્ણતઃ ચૂર્ણવિચૂર્ણ કરવા સોનામાં થોડું સીસું અને ઍન્ટીમની મેળવવાની પણ એમની સલાહ છે. આ વિધિ સોના માટે જ છે. આ રીતે બનાવેલી સુવર્ણભસ્મ પાણી પર તરતી રહે એ એની યોગ્યતા અને ઔષધીય અસરકારકતાની પરીક્ષા છે. 'અમૃતીકરણ' નામક આ પ્રયોગમાં વધુ પુટ આપવા પહેલાં મર્દન અને ભાવના આપવાની પણ તેઓ હિમાયત કરે છે.

આ વિધિમાં અર્વાચીન 'પારોમેટ્રી'નો ઉપયોગ કરીને ધાતુને કેટલા પુટ આપવા, કેટલી ગરમીએ એને તપાવવી વગેરે નિશ્ચિત કરવું જોઈએ. એમનું માનવું છે કે આવી ભસ્મો 'કોલાઈડલ' સ્વરૂપની હોય છે અને આ ભસ્માણુઓના કદને માપી પણ શકાય છે. પારા ઉપર પણ વાસુદેવભાઈએ ઘણા પ્રયોગો કર્યા છે. એમના મત પ્રમાણે એના પર જરૂરી અઢારે સંસ્કારો કર્યા હોય તો એમાંથી કિંમતી ઔષધ બની શકે. એ અંગેના પોતાના પ્રયોગો અને અનુભવોના આધારે એમણે 'પારદ વિજ્ઞાનાભિગમ' નામનું એક પુસ્તક પણ પ્રકટ કર્યું છે, જેને મધ્ય પ્રદેશની સરકારે પ્રથમ ઍવૉર્ડ આપી નવાજ્યું છે. હવે ઉત્સાહી અને શક્તિશાળી વિદ્યાર્થીઓએ આ સંશોધનને આગળ ધપાવવાનું છે.

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આ રીતે આયુર્વેદના વિકાસમાં વાસુદેવભાઈનો ઘણો ઉપકારક

ફાળો છે. મૂક રીતે સતત સેવારત રહી હાથ પર લીધેલાં કાર્યોને પાર પાડવાની પોતાની ચીવટ દ્વારા આયુર્વેદના વિદ્યાર્થીઓ સમક્ષ એમણે જે પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડ્યું છે એને પગલે સતત વિકાસ અને તે દ્વારા જનકલ્યાણ થતું રહે એ જ એમની એક મહેચ્છા છે.

—(પ્રા.) અરવિંદ પી. દવે

### શવાસન

જીવન પ્રત્યે કંટાળો આવે, કામકાજમાંથી રસ ઘટી જાય, સુખ-સગવડો હોવા છતાંય કંઈ કરવાનું ન સૂઝે આવો અનુભવ કદી તમને થઈ આવે છે? માનસિક તાણનું એ પરિણામ છે. એનો ઉપાય છે—'શવાસન' (શબાસન), એનાથી શરીરને જ નહિ, જ્ઞાનતંતુઓને પણ પુનઃ ચેતના મળે છે. યોગાસનો વિષે થોડુંઘણું યે જાણનાર સૌ આ આસનથી જ્ઞાત છે. પશ્ચિમી ઢબની કસરતો કરતાં યોગાસનોથી શરીરને ઘણો ઓછો શ્રમ પડે છે, અને તેમાં યે શવાસન એ તો સરળતમ આસન છે. શારીરિક અને માનસિક થાકને દૂર કરતા આ આસન વડે નવું જોમ મળે છે.



પ્રયોગો પરથી જોવા મળ્યું છે કે નિયમિત શવાસન કરનારને ગાઢી ઊંઘ આવે છે, લોહીનું દબાણ વધતું નથી અને હૃદયના ધબકારામાં બળ રહે છે. સ્વસ્થતા અનુભવવા સાથે શવાસન કરનારા વધુ કામ પણ ખેંચી શકે છે. વીસથી ચાળીસ મિનિટના શવાસનથી, ઊંઘ દ્વારા પણ જે શારીરિક ને માનસિક થાક દૂર ન થઈ શકે તેમાં શાતા મળે છે. શવાસનમાં શારીરિક પ્રક્રિયાઓ ધીમી પડે છે અને ઑક્સિજનની જરૂરિયાત ઘટે છે. મસ્તક સુધી લોહી પહોંચાડવામાં હાનિકર એવી માનસિક તાણ તથા તંગ મનઃસ્થિતિને એ શાંત કરે છે.

શવાસન માટે વિશેષ કંઈ જ કરવાનું નથી. માથા તળે ઓશિકું રાખ્યા વિના કંઈક પાથરણા પર લાંબા ચત્તાપાટ સૂઈ જવું. બંને પગ સહેજ છૂટા અને બંને હાથ શરીરથી સહેજ અળગા રાખવા. હાથની મુઠ્ઠી વાળવી નહિ, તેમ પંજો ખેંચીને તદ્દન ખુલ્લો રાખવો નહિ. આંખો બંધ રાખી શરીરને સહેજ પણ ખેંચ્યા વિના તદ્દન ઢીલું રાખી હાલ્યાચાલ્યા વગર પડી રહેવું. અલબત્ત, શ્વાસોચ્છ્વાસ અને એની સાથે પેટ ઊંચુંનીચું થવાની ગતિ ચાલતી રહેશે, પણ એ યે સહજપણે ને ધીમી રાખવી. સાથોસાથ 'હું મારી તંદુરસ્તી વધારી રહ્યો છું, શરીર અને મનની અસ્વસ્થતાથી મુક્ત બની રહ્યો છું ને મારા આયુષ્યને વધારી રહ્યો છું' એવી ભાવના પણ મનોમન કરવી. તે પછી ચારેક મિનિટ સુધી શ્વાસ પર લક્ષ કેન્દ્રિત કરી ઈષ્ટદેવનું સ્મરણ કરવું કે શાંત પડયા રહેવું. આ પછી એકાદ મિનિટ મગજમાં એક પણ વિચાર ઊઠવા દીધા વિના શૂન્યમનસ્ક થઈ રહેવું. તે પછી પગના અંગૂઠાથી આદરી મસ્તક સુધી એક પછી એક શરીરનાં અંગો પર લક્ષ કેન્દ્રિત કરતા જવું. પાંચેક મિનિટ આમ કર્યા પછી, નજીકમાં જો ઘડિયાળ હોય તો તેના ટકટક અવાજને ચારેક મિનિટ સુધી ગણ્યે રાખવા. પછી એકાદ મિનિટ ઈષ્ટદેવનું સ્મરણ કે કોઈ મંત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવું ને તે બાદ ચારેક મિનિટ શ્વાસ લેવા-મૂકવા પર લક્ષ કેન્દ્રિત કરવું. આ થયું શવાસન.

દરમિયાન ધ્યાનચ્યુત કરે એવા કોઈ ખયાલો-વિચારોને મગજમાં પ્રવેશવા દેવા નહિ, તેમજ આરામભરી આ સ્થિતિમાં ઊંઘી પણ જવું નહિ. શ્વાસોચ્છ્વાસ શક્ય એટલા ધીમે લેવા-મૂકવા. શ્વાસ લેતી વેળા પેટ ઊંચકાય ને છોડતાં પેટ દબાય એવી ટેવ પાડવી. અને રોજના આ નિયમિત શવાસન પછી થોડા જ દિવસમાં તમને નવી જ ચેતના—તાજગીનો અનુભવ થવા લાગશે.

### કારેલાં

આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ / ઊની ઊની રોટલી ને કારેલાંનું શાક.


શૈશવમાં અનેક વાર ગાએલી ઉપરની પંક્તિઓનું આ વર્ષાઋતુમાં સ્મરણ થાય છે. આયુર્વેદના અભ્યાસ પછી 'ઊની ઊની રોટલી' અને 'કારેલાંના શાક'નો મહિમા વિશષ સમજાયો. ચોમાસામાં ગરમ ગરમ ખાવું જોઈએ. વાસી ખાવું જોઈએ નહિ. (કોઈ જ ઋતુમાં વાસી ખાવું જોઈએ નહિ.) તાજી ગરમ વસ્તુ અગ્નિને પ્રદીપ્ત કરે છે અને જલ્દી પચી જાય છે. ચોમાસામાં જઠરાગ્નિ દુર્બળ થઈ જાય છે. આથી તાજું ગરમ ખાવાથી લાભ થાય છે. ઠંડું-વાસી ખાવાથી ચોમાસામાં વાયુનો પ્રકોપ થાય છે. વાસી વાનગી રંધાયા પછી પડી રહેવાના કારણે 'વાયડી' બની જાય છે. આથી તાજી ઊનીઊની રોટલી ઋતુમાં ખાવી જોઈએ.

પણ ખાસ વાત તો કરવી છે કારેલાંની. આયુર્વેદ કહે છે કે મધુર, અમ્લ વગેરે છએ રસો (ષડ રસ)નું સમ્યક્ સેવન કરવું જોઈએ. કોઈ એક રસનું અતિ સેવન નુક્સાન કરે છે, તેમ કોઈ કોઈ રસોનું સેવન ન કરવાથી પણ શરીરને હાનિ પહોંચે છે. શરીરને છયે રસોની જરૂર છે. હવે કડવો રસ તો કોને ભાવે? છતાં આપણા પૂર્વજોએ કડવાં કારેલાંને ખાદ્ય શાક તરીકે સ્વીકારીને સ્થાન આપ્યું છે, કેમ કે કડવા રસનું પણ સમ્યક્ સેવન જરૂરી છે. કડવું દ્રવ્ય યકૃત (લિવર)ને શુદ્ધ તથા સ્વકાર્યક્ષમ બનાવીને અગ્નિઓને પ્રદીપ્ત કરે છે. યકૃતની શુદ્ધિથી તાવ, આમ વગેરેથી ઉત્પન્ન થતાં વિષોના શોધનની ક્રિયા બળવાન બને છે. કડવા રસનું સમ પ્રમાણમાં સેવન કરવાથી આરોગ્યને સ્થિર રાખી શકાય છે

આ ઋતુકાળમાં કારેલાં સુપાચ્ય છે. એનું રોજ નહિ તો અવારનવાર વિશેષ સેવન શાકરૂપે કરવું. જેમનું લિવર ખરાબ હોય તેવા પુરુષો,

## શતરંજના કોયડાઓ.....................સુરેશ મોદી

આપણે ગયા અંકમાં 'ગ્રાસહોપર' (Grasshopper)વાળો એક કોયડો જોયો હતો. અહીં ગ્રાસહોપરવાળો એક વધુ કોયડો જોઈએ. આ કોયડામાં બે સફેદ અને ચાર કાળા ગ્રાસહોપર છે. આપણે અગાઉ જોયું છે તેમ ગ્રાસહોપર આઠે દિશામાં પોતાનાં કે સામા પક્ષનાં મ્હોરાં પરથી કૂદીને તેના પછીના જ ખાના પર જઈ શકે છે. ગ્રાસહોપરની ચાલ સમજાઈ ગઈ હોય તો ઉકેલ મુશ્કેલ નથી. (ઉકેલ પૃ. ૨૯૩)




આ કોયડામાં બે જ ચાલમાં મ્હાત કરવાનું છે.

આકૃતિમાં g2 અને h2 પર સફેદ તથા a4, a5, b8 અને c3 પર કાળા ગ્રાસહોપર છે.

વાલ્ડેમર ટ્રરા રચિત આ કોયડાને પ્રથમ ઇનામ મળેલું છે.